# શિક્ષક: સમાજનું જવાબદાર અંગ

## હસ્તલિખિત અંક

કોલેજ ઑફ એજયુકેશન,
ખરોડ

Date : / / Page :

## આચાર્યશ્રીની કલમે ........

કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડના પ્રશિક્ષણાર્થીઓમાં વાચન અને લેખન અભિવ્યક્તિનો વિકાસ થાય તે હેતુસર કૉલેજના લાયબ્રેરીયન બહેન કવિતા રાઠવાના પ્રયાસ, પ્રોત્સાહન અને માર્ગદર્શન થકી પ્રસ્તુત બે હસ્તલિખિત અંક આકાર પામ્યો છે. શિક્ષક કેમ રીતે સમાજનું જવાબ-દાર અંગ બની શકે છે બની રહે છે તે બાબતોને ધ્યાનમાં રાખી કૉલેજના પ્રશિક્ષણાર્થીઓએ 'પ્રગતિશીલ શિક્ષણ', 'માધ્યમિક શિક્ષણ પરીક્ષણ' 'ઘરશાળા' વગેરે જેવા સામયિકોનો અભ્યાસ, અનુકરણ કરી પોતાના હાથે આ વિચારો રજૂ કર્યા છે.

સૌને અભિનંદન! શુભેચ્છા!

પ્રજ્ઞા ૫/૨.૨૨

૫ મી સપ્ટેમ્બર, ૨૦૨૨

કૉલેજના ૨૮ માં સ્થાપના-પર્વ અને શિક્ષણ ગૌરવ દિનના અવસરે F.Y.B.Ed ના પ્રશિક્ષણાર્થી દ્વારા તૈયાર કરેલ હસ્તલિખિત અંક - "શિક્ષક : સમાજનું વ્યવહાર અંગ" આપ સમક્ષ રજૂ કરતાં હર્ષ અને ગૌરવની લાગણીનો અનુભવ કરીએ છીએ.

અમારા સૌ માટે ૫ મી સપ્ટેમ્બર એટલે કૉલેજ સ્થાપનાદિન અને શિક્ષક ગૌરવ દિનનો સુભગ સમન્વય. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના રાષ્ટ્રપતિ હતા. તે કરતા પણ એક શિક્ષક હતા. તેથી જ તેમનો જન્મદિવસ શિક્ષકદિન તરીકે ઉજવાય છે. આવા ગૌરવવંતા અવસર પર અમારા પ્રશિક્ષણાર્થી કે જે ભાવિ શિક્ષકો છે. પ્રશિક્ષણાર્થી શિક્ષણ અને શિક્ષકની જુદી- જુદી વિભાવના તેની ફરજો, કાર્યો, ભૂમિકા જુદા જુદા આયામોથી સમજે અને જાણે એ મુખ્ય હેતુ છે તેમજ વાચન, મનન અને ચિંતન દ્વારા લેખન કૌશલ્ય વિકસાવે અને વાચન અભિમુખ બને તે આ પ્રવૃત્તિનો આશય રહ્યો છે.

કૉલેજના ઇનચાર્જ. આચાર્ય ડૉ. પી. આર. માસ્ટર સાહેબની સંમતિ મળી. અને અમે સૌ અને પ્રશિક્ષણાર્થી ભાઈ- બહેનો આ કાર્યને વધાવી પોત-પોતાના વિચારો લેખમાં શબ્દ સ્વરૂપે પોત પોતાના સ્વહસ્તાક્ષરે લેખના માધ્યમથી રજૂ કર્યાં અને સુંદર હસ્તલિખિત અંક તૈયાર થયો. જેના માટે પ્રશિક્ષણાર્થી અભિનંદન ને પાત્ર છે. અંક માટે પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડનાર સર્વે કૉલેજ કૉલેજ પરિવારના સભ્યોનું આભાર વ્યક્ત કરું છું આવી લેખન અને વાંચન પ્રવૃત્તિને વેગ મળતો રહે તેવી અપેક્ષા સહ,

- કવિતા રાઠવા
(ગ્રંથપાલ)

Date : / / Page :

# અનુક્રમણિકા



| ક્રમ | વિષય | પ્રશિક્ષણાર્થીનું નામ | પેજ ન |
|---|---|---|---|
| 1 | મારી દ્રષ્ટિએ શિક્ષક | ગામીત પ્રેમલકુમાર જે. | 1 |
| 2 | મારી દ્રષ્ટિએ શિક્ષક | પટેલ સુહાના ઇનાયત | 5 |
| 3 | શિક્ષક હોવું એટલે... | શેખ હિનાબેન એસ. | 11 |
| 4 | મારી દ્રષ્ટિએ શિક્ષક | પટેલ તબસ્સુમ વાય. | 12 |
| 5 | શિક્ષક દિને શિક્ષક પ્રત્યેનાં મારા સંસ્મરણ | સોલંકી કિરણ આર. | 16 |
| 6 | મારી દ્રષ્ટિએ શિક્ષક | ટંડેલ દિક્ષાબેન એન. | 21 |
| 7 | મારી દ્રષ્ટિએ શિક્ષકની ફરજ | ચૌધરી આશિની આઈ. | 24 |
| 8 | એક શિક્ષકની સમાજમાં આવશ્યકતા | પટેલ કંચના એ. | 27 |
| 9 | શિક્ષણની આવતીકાલ | રાઠોડ સરદાર આર. | 31 |
| 10 | આદર્શ શિક્ષક | શેખ અલફિયા | 34 |

| ક્રમ | વિષય | પ્રશિક્ષણાર્થીનું નામ | પેજ નં |
|---|---|---|---|
| 11 | ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના શિક્ષકો વિશેના વિચારો | દેવેન્દ્ર સોલંકી | 37 |
| 12 | મારા જીવનમાં શિક્ષકનું મહત્વ | ટંડેલ જાગૃતિ બી. | 41 |
| 13 | જીવન ઘડતરનો આધાર શિક્ષક | ચૌધરી નિરજ યુ. | 45 |
| 14 | શિક્ષક દિનનો મહિમા | જાદવ પાયલ વી. | 49 |
| 15 | શિક્ષક ગઈકાલ, આજ અને આવતીકાલ | પટેલ રેખા આર. | 54 |
| 16 | શિક્ષકની ભૂમિકા અને જવાબદારી | શેખ હિના એસ. | 61 |
| 17 | ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું જીવન | વસાવા જશોદાબેન વી. | 64 |
| 18 | શિક્ષક સજ્જતા અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ | માછી ભાવના આર. | 67 |

| ક્રમ | વિષય | પ્રશિક્ષણાર્થીનું નામ | પેજ નં |
|---|---|---|---|
| ૧૯ | વિદ્યાર્થી અને શિક્ષક વિશેના ગાંધી વિચારો | પરમાર રવિના આર. | ૭૦ |
| 20 | સમાજ અને દેશના નિર્માણમાં શિક્ષકોનું મહત્ત્વનું યોગદાન | સુથાર પાયલ વી. | ૭૩ |
| 21 | શિક્ષક એક ઘડવૈયો | વસાવા અંકિતા આર. | ૭૭ |
| 22 | વિદ્યાર્થીના [illegible] તરીકે શિક્ષક | ઓઝા સાજિદા | ૮૨ |
| 23 | શિક્ષકની ભૂમિકા | દુધારા ફાતમા | ૮૫ |
| 24 | ડિજિટલ યુગમાં શિક્ષકની ભૂમિકા | દુધારા ફાતમા | ૯૨ |
| 25 | શિક્ષણનો ઉદ્દેશ | પટેલ ભૂમિકા વી. | ૯૫ |
| 26 | આદર્શ શિક્ષક | પટેલ જ્યોતિ બેન. | ૯૯ |
| 27 | કેવું શિક્ષણ ? પ્રાચીન કે અર્વાચીન | પટેલ જ્યોતિ બેન. | ૧૦૧ |

Page

Date 5 / 09 / 2018



ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

# હું શિક્ષક છું....!

હું શિક્ષક છું.... છું.... હું શિક્ષક છું !
સતત અભ્યાસી રહું છું.... હું શિક્ષક છું !
ખાલીપો પજવે છે... ને સતત શીખતો રહું છું,
પ્રતિબદ્ધ થતો રહું છું.... હું શિક્ષક છું !
નવું નિત અર્પીને, જિજ્ઞાસા ભરતો રહું છું,
માસૂમ બાલોને સમર્પિત રહું છું. હું શિક્ષક છું !
કરમાયેલા કુસુમો વળી કોને પસંદ છે ?
એવા કુસુમોય હું ખીલવતો રહું છું.... હું શિક્ષક છું !
વસંતે જ નહિ, પાનખરેય મહોરતો રહું છું !
સદાબહાર બની રહું છું.... હું શિક્ષક છું !
વર્ગખંડ છે દરબાર ને નવ નહિ, અસંખ્ય
રત્નો છે સૌ આ મુજ કને... હું શિક્ષક છું !
ભીતરે ભાવછલોછલ રહું છું.... હું શિક્ષક છું !
અંદરથી એમ ઊગતો રહું છું.... હું શિક્ષક છું !

- રેવાભાઈ પ્રજાપતિ (કરિબ)

- પ્રગતિશીલ શિક્ષણ
- ખંડ ૧, જાન્યુઆરી ૨૦૦૯

Page :
Date : / /201

# "શિક્ષણ એટલે શું ?"

- શિક્ષણ એટલે જ્ઞાનનું આચરણ.
- શિક્ષણ એ બાળકોમાં પડેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવે તે છે.
- શાળાની ગુણવત્તાનું પ્રથમ પગથિયું એટલે શિક્ષણ.
- શિક્ષણ માટે 'હું' ની ભાવના નહિ પણ 'આપણે' ની ભાવના રાખવી જ રહી.
- શિક્ષણની સર્વોપરિતા એટલે સંસ્થાનું ભાવાવરણ
- આજના આધુનિક યુગમાં, સ્પર્ધાત્મક માર્કેટમાં શિક્ષણ જ સાચી ક્વોલિટી છે.
- શિક્ષણનો વિકાસ એટલે જિંદગીમાં સફળતાથી અને સારું કાર્ય કરવાનો અનુભવ.
- શિક્ષણ માત્ર વાતોથી શક્ય નથી પણ સતત પ્રયત્નોનું પરિણામ છે.
- શિક્ષણ એ આપણી શાળા માટે અને સમાજ માટે કલ્પવૃક્ષ છે.
- શિક્ષણ એ આપણું આત્મસન્માન છે અને સ્વાભિમાનનો માપદંડ છે.
- શિક્ષણ એ સમૃદ્ધિ માટેનો ગુરુમંત્ર છે.

- પટેલ વિપુલ ડી.
- શિક્ષણ અને પરીક્ષણ
- વર્ષ : ૫
- અંક : ૫
- જૂન : 2014

# મારી દૃષ્ટિએ શિક્ષક

નામ- ગામીત પ્રેમલકુમાર જી.
રોલ નં- 02

## પ્રસ્તાવના :-

શિક્ષણની સમગ્ર પ્રક્રિયાનું મહત્વનું ચાલકબળ તે શિક્ષક છે. ભલે વર્તમાન સમયમાં શિક્ષણની અનેક પ્રકારની આધુનિક તરકીબો અને તકનિકીઓ આવી હોય, ભલે શિક્ષણની સંસ્થાઓ આધુનિકતમ આધારમાળખાં ધરાવતી થઈ હોય, કે ભલે શિક્ષણની અનેકવિધ સામગ્રીઓ ઉપલબ્ધ બની હોય, વર્ગખંડ તેમજ વર્ગખંડ બહારની શિક્ષણની પ્રક્રિયાનું પ્રવર્તન કરનારું એક માત્ર પ્રભાવક પરિબળ તો શિક્ષક જ છે.

આજકાલ સારાં શિક્ષકો, કલ્પનાશીલ શિક્ષકો, સર્જનશીલ શિક્ષકો અને સંવેદનશીલ શિક્ષકોની માંગ વધી જવા પામી છે. નોકરી વ્યવસાય માટેની અખબારી તેમજ ટેલિવિઝનની જાહેરખબરોમાં ઉત્તમ શિક્ષકોની જરૂરિયાતોવાળી શિક્ષણની સંસ્થાઓને શિક્ષકો મેળવવા માટેની હોડ જોવા મળે છે.

એમાંય સ્વનિર્ભર સંસ્થાઓનો વિસ્ફોટ થવાથી, ઉત્તમ શિક્ષકોને ઊંચા પગાર અને હોદ્દા આપી, ખેંચી લેવા માટેની ગળાકાપ હરીફાઈ થતી જોવા મળે છે.

આજના ગુજરાત અને ભારતની ઝડપથી આગળ વધી રહેલી વિકાસની યાત્રા તેમજ મૂડીરોકાણ માટેના ચાર ક્ષેત્રો ધમધમી રહ્યાં છે. તે આપણે જોઈ શકીએ છીએ.

સૌપ્રથમ તો છે કે શિક્ષણ અને બીજા ત્રણ છે એ જમીન, રીયલ એસ્ટેટ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેલિકમ્યુનિકેશન અને મૂડી એટલે ફક્ત નાણાં જ નહીં, યંત્રસામગ્રી જ નહીં, જમીન અને ઇમારતો જ નહીં પરંતુ વિશેષ કરીને જ્ઞાનરૂપી મૂડી, વિચારોરૂપી મૂડી અને મૂડીનો સર્જક અને વ્યવસ્થાપક એવો માનવી! અને એ માનવમૂડીને ઘડનારું બળ તે શિક્ષણ.

એ શિક્ષણે અને એના પ્રવર્તક એવા શિક્ષકે આજની અપેક્ષાઓમાં ઉભરાતી તરુણ-તરુણીઓ અને યુવક-યુવતીઓની વિકાસની ક્ષુધાને સંતોષવા બધાં જ વાનાં કરવા પડતાં હોય છે.

શિક્ષણની અંદર જો આપણાં રાષ્ટ્રની ઉપલબ્ધિ માનવામાં આવે છે. તો શિક્ષણ વિશેના તમામ પ્રશ્નો ઉકેલી શકાય છે.

જીવિતમાં વહેલા અને છુપાયેલા તમામ અંશો ને બહાર લાવવા અને તેનો સવિશેષ ઉપયોગ આપણા દેશના હિત માટે કરવો એનું નામ શિક્ષણ.

અર્થપૂર્ણ શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી શિક્ષકની છે. શિક્ષક એ શિક્ષણક્ષેત્રે આવતી મુશ્કેલી નો સામનો કરનાર સંવાહક છે. શિક્ષણ નો અંદર ગુણાત્મક પરિવર્તન લાવીને મૂલ્યનિષ્ઠ અનુભવો પૂરા પાડનાર શિક્ષક પોતાનું કર્તવ્ય સુપેરે બજાવે તો સમાજ ની અપેક્ષાઓ સંતોષવાનું સહેજે મુશ્કેલ નથી.

શિક્ષકની મૂળભૂત ભૂમિકામાં બે પાયાના વૃત્તિઓ રહેલી છે.

1> જવાબદારી

2> ઉત્તરદાયિત્વ.

જવાબદારી અને ઉત્તરદાયિત્વ બંને ભિન્ન છે. ઉત્તર દાયિત્વ એટલે ઉત્તર આપવા માટેની જવાબદારી. આપણે બધી જ સમાજ માટે જવાબદારીપૂર્વક જવાબ આપવા વૈધાનિક અને નૈતિક રીતે બંધાયેલા છીએ.

કાર્ય પ્રત્યેની નિષ્ઠા, વ્યાવસાયિક સજ્જતા અને સમરસતા માટે જવાબદારી અદા કરનાર શિક્ષકોને વિદ્યાર્થીઓ આદર્શ માને છે.

જે સંસ્થામાં શિક્ષક તરીકે નોકરી સ્વીકારી એના વ્યવસ્થાપકો - નોકરીદાતાએ આપણા પરિવારના જીવનનિર્વાહ માટે સરળતા કરી આપી છે.

શિક્ષણક્ષેત્રે સેવા કરવાની તક મળી અને સાથે સાથે પરિવારના કલ્યાણ માટે આર્થિક સધ્ધરતા મળી છે. એમને આપણાં

સર્વોત્તમ યોગદાન, કર્તવ્યનિષ્ઠા, સમયપાલન, ઉત્તમ વર્તવ્યવહાર, પ્રયોગશીલ અને નાવિન્યપૂર્ણ અભિગમ, નિષ્પક્ષ પરીક્ષણ અને મૂલ્યાંકન સાથેના વિદ્યાર્થી ઘડતરની જવાબદારી નિભાવીને સાચો જવાબ આપી શકાય.

આપણે એ સમાજનું ઉત્તરદાયિત્વ નિભાવવાનું છે. જેણે આપણને ઘણું સન્માન, ગૌરવપ્રદ સ્થાન આપ્યું છે. અને સમાજના શાલિભદ્ર દાતાઓએ પોતાના ઉદાર સ્વભાવથી બાળકોના વિકાસ માટે શિક્ષણના તીર્થધામો ઊભા કર્યા છે.

બાળકોના વિકાસ માટે તન, મન અને ધનનો ભોગ આપી રાષ્ટ્રને જવાબદાર નાગરિકોની ઉત્તમ ભાવિ પેઢી આપવાનું પવિત્ર કાર્ય શિક્ષકોનું છે. જે આ પવિત્ર કાર્ય શિક્ષકોએ કરવાનું છે.

આ સમાજને ઉત્કૃષ્ટ શિક્ષણકાર્ય દ્વારા શૈક્ષણિક વળતર આપવું પડશે. કારણ કે સમાજની આશા અને અપેક્ષાઓનો સાચો પડઘો એમના બાળકોના યોગ્ય વિકાસની દરકારમાં જ સમાઈ જાય છે.

# મારી કલ્પનાના શિક્ષક

પટેલ સુહાના ઈનાયત.
F.Y. B.Ed.
Roll No : 3

गुरु वही जो जीना सिखा दे,
आपकी आपसे पहचान करा दे....
तराश दे हीरे की तरह हमको,
दुनिया के रास्तों पे चलना सिखा दे....

જે વિદ્યાર્થીની સિદ્ધિપ્રેરણા ખીલે ને વિકસાવવામાં નિમિત્તરૂપ બને તે સફળ ને આનંદમય શિક્ષક બને. જે ભણતા શિક્ષકો હોય છે. કેટલાક તેમના એટલું બધું ભરી દે છે કે ક્યારેય ખસવાની રહેતી નથી, તો વળી બીજા કેટલાક પ્રશ્નાત્મક હોય છે કે જેને તમે આકાશ આંબવા કૂદકો મારો છો! જે શિક્ષક વર્ગખંડ વાતાવરણ આનંદ-મય, સહકારમય રાખી શકે તે સફળ શિક્ષક ગણી શકાય. મારી કલ્પનાના શિક્ષક ભાવનાની ભીનાશથી ભીંજાવે તેવો હોવો જોઈએ. મારી કલ્પનાના એક સફળ અને સારો શિક્ષક એટલે; વિદ્યાર્થીઓ ને તલ્લીન કરી મૂકે સાચા શિક્ષક માં અભ્યાસ-રસ પહેલો હોય છે.

એક સારો અને સફળ શિક્ષક રાષ્ટ્રના આર્થિક વિકાસ માં પણ મદદરૂપ થાય છે. મારી કલ્પનાએ એક સારો શિક્ષક રાષ્ટ્રની પ્રગતિ મા સહભાગી હોવો જોઈએ. દરેક ને સમાન ગણે અને દરેક ને સાથે લઈને ચાલે. રાષ્ટ્ર માટે બલીદાન આપે. વિદ્યાર્થીઓ ને દરેક બાબતો જ્ઞાન કરે અને તેમને જાગૃત કરે એ સારો શિક્ષક કહેવાય. સમય અને સહયોગ નું બેલેન્સ કરે અને વિદ્યાર્થીઓ ને પણ શીખવે એ શિક્ષક સફળ કહી શકાય.

શબ્દ મારે, શબ્દ જ તારે
શબ્દ જ ઉગારે, શબ્દ જ ડુબાડે....

સાચી જ વાત છે. શિક્ષકના વ્યવસાયનું જો અમોઘ સાધન કોઈ હોય તો તે છે એક જ : એના શબ્દો ! એની વાણી. એક શિક્ષકના શબ્દો અમોઘ તાકાત ધરાવે છે. આમ, મારી દ્રષ્ટિએ કોઈ સારો શિક્ષક તેની વાણી થી પણ પ્રસિદ્ધ હોય છે, વાણી થી પણ ઓળખાય છે. આથી, શિક્ષક ના અવાજમાં એક લય હોવો જોઈએ, એક મધુરતા હોવી જોઈએ. એક સારો શિક્ષક તેના શબ્દોમાં સચોટ ઉદાહરણ પાડે છે. સફળ શિક્ષક થવા માટે તેના શબ્દો, વાણી પ્રભાવશાળી હોવું જોઈએ, વિદ્યાર્થીઓ નું મન મોહી લે એવા હોવા જોઈએ.

મારા મતે શિક્ષક એવો હોવો જોઈએ જે વિદ્યાર્થીઓ માં - મહત્વાકાંક્ષાના બીજ રોપે, સદ્ગુણોના ક્યારામાં છોડ રોપે. શિક્ષક એ એક મા સમાન હોય છે. માતા જન્મ થી પાંચ વરસ પોતાના બાળકને સંસ્કાર આપે છે અને શિક્ષક જીવન ના કંઈ કેટલાય વર્ષો સંસ્કાર અને ઘણી બધી બાબતો નું જ્ઞાન આપે છે. વિદ્યાર્થીઓ જેમ માતા-પિતા નો ઋણ માને છે તેમ એક સારો વિદ્યાર્થી પોતાના શિક્ષક નો પણ ઋણ માનતો હોવો જોઈએ. સારો શિક્ષક એ વિદ્યાર્થી ને ઉત્તમ નાગરિક બનાવે છે. વિદ્યાર્થી ને સારો અને ઉત્તમ નાગરિક બનાવવા માટે પહેલા શિક્ષકો એ ઉત્તમ નાગરિક બનવું પડશે. એક ઉત્તમ શિક્ષક માટે કહેવાય છે કે ;

“બધો આધાર તમારા શબ્દો પર છે। તમારા શબ્દોમાં પસંદગી, સંબોધનો, વાક્યરચના, વિચારો, સૂર કેવો છે- તેના પર તમારી અસરનો આધાર છે.”

“શિક્ષક એક ઉમદા વ્યવસાય છે.”

આ ક્ષેત્રમાં જોડાનાર સારો શિક્ષક જ જાણતો હોય છે.

॥ શાળા એ તીર્થધામ છે, તીર્થ શબ્દ નો અર્થ 'ઘાટ' થાય... ॥

આમ, શિક્ષકો ઘાટ રૂપી છે. આ તીર્થધામ માં શિક્ષકો વિદ્યાર્થીઓ ને ઘાટ આપતા હોય છે. શાળા ને આપણે મંદિર સમાન ગણીએ છીએ તો મારા મતે એક શિક્ષક ઉત્તમ પૂજારી ગણાવો જોઈએ. જેમ પૂજારી સર્વ-સંપન્ન હોય છે તેમ ઉત્તમ શિક્ષક પણ જ્ઞાન ના ભંડોળ થી સર્વ-સંપન્ન હોવો જોઈએ. મારા મતે શિક્ષક માં જ્ઞાન નું એટલું ભંડોળ હોવું જોઈએ જેથી વિદ્યાર્થીઓ ને કહેવાનું મન થાય કે;

ચાહ્યું હતું ભણવાનું તે ઘડતર થઈ ગયું,
એક કણ હતું, એ કણમાં સરોવર થઈ ગયું.

ઉત્તમ શિક્ષક નો ગુણ કહું તો: "વિદ્યાને વહેંચીએ છીએ,
પણ વેચતા નથી."

આ વાક્ય કહેતા યાદ આવ્યું કે આજના આ યુગ માં શિક્ષા કે શિક્ષણ ને વેપાર માં આવી રહી છે. દરેક બાબત માં કાળ ને કારણે લાંચ, રિશ્વત જેવી બાબતો એ પોતાનો પગ પેસારો કર્યો છે. શિક્ષણ વેચાવા લાગ્યું છે. ગરીબ વધુ ગરીબ બનતો જાય છે અને અમીરો મોટા-મોટા આગળ વધી જાય છે કારણ કે ગરીબો ને ઉત્તમ શિક્ષણ મળે જ ક્યાં છે? એવું ઉત્તમ શિક્ષક મારી દ્રષ્ટિએ તો ત્યારે જ ગણાશે જ્યારે દરેક ને સમાન ગણે અને સાથે લઈ ને ચાલે. સાચો શિક્ષક બધા માટે સમાનતા ભાવના રાખવી જોઈએ. શિક્ષક એ દરેક વિદ્યાર્થીઓ ને સમાન માનવા જોઈએ કારણ કે કહેવાયું છે કે; વિદ્યાર્થીઓ નું ભાવિ તેના શિક્ષક વડે
તેના વર્ગખંડમાં ઘડાય છે.....

આમ, શિક્ષક એ દેશમાટે ના સારા નાગરિક તૈયાર કરતું મહત્વનું પરિબળ છે. આમ મારી દ્રષ્ટિએ સાચો શિક્ષક વર્ગખંડ માં વિદ્યાર્થીઓને સમાન ગણતો હોવો જોઈએ.

Page : k.
Date : 24 / 8 / 201

# મારી દ્રષ્ટિએ શિક્ષક ;

'અડકવાળો, તડકવાળો, મધુપર્કવાળો અને સતત સંપર્કવાળો હોવો જોઈએ.'

'અંધકારમાં પ્રકાશના કિરણો ફેલાવનાર એટલે સાચો શિક્ષક.' કહેવાય છે કે બાળક એક માટીનો પિંડ હોય છે જેને શિક્ષક ઘડે આપે છે. શિક્ષક કેવો હોવો જોઈએ ? મારી દ્રષ્ટિએ કહું તો; એક જ પંક્તિ માં કહી દઉં તો :

" એક જ જાતી [illegible] પહેરે એક ભમરી વાગે,
એક જ પીંછી રંગ ભરે તો દૃશ્ય સજીવન લાગે."

આ પંક્તિ સાથે એક બીજી પંક્તિ યાદ આવી જે એક પ્રેમાળ વિદ્યાર્થી પોતાના ઉત્તમ શિક્ષક ગણી શકાય તેમના માટે કહે છે;

" આકાશ જેવા વિશાળ, તારા ખોળામાં,
અમારા હૃદય ઝૂલે છે."

શિક્ષક જેવા વિદ્યાર્થીઓને ઘડશે તેવા વિદ્યાર્થી ઘડાશે. સાચો શિક્ષક વિદ્યાર્થીઓને દરેક પરિસ્થિતિનો સામનો કરતા શીખવાડશે. સાચો શિક્ષક વિદ્યાર્થીને ભણતરની સાથે-સાથે એક સાચો અને ઉત્તમ ~~ની~~ નાગરિક પણ બનાવશે. મારી દ્રષ્ટિએ સાચો શિક્ષક હંમેશા શીખવામાં માનશે, દરેક નાની-નાની બાબતોમાં રસ લેતો હોય જોઈએ. મારી દ્રષ્ટિએ શિક્ષકનો હૃદય મમતા, સ્નેહ અને સમજુતિ હોવી જોઈએ.

## મારી દૃષ્ટિએ શિક્ષક....

જ્યાં સુધી શિક્ષક પોતે સતત શીખતો ન હોય ત્યાં સુધી
એ શીખવી શકે નહીં.

જે શિક્ષક વિષય પૂરો કલાકમાં ભણાવતો હોય,
જ્ઞાન સાથે જેનો જીવંત નાતો ન હોય,
જે દર વર્ષ પોતાના જૂની બાબતો એકજ બોલ્યે જાય,
તે ફક્ત વિદ્યાર્થીઓનો ભાર વધારે છે;
એ કદી ફળવો કરી શકતો નહીં.

## મારી દૃષ્ટિએ શિક્ષક....

- સમય સદાચાર હોવો જોઈએ.
- સમય નો સદુપયોગ કરતો હોવો જોઈએ.
- પોતાનું કામ નિષ્ઠા પૂર્વક કરતો હોવો જોઈએ.
- મન થી શિક્ષણ કાર્ય કરતો હોવો જોઈએ.
- ~~તૈયારી~~ વર્ગખંડમાં તૈયારી અને નવીનતા લઈને જતો હોવો જોઈએ.
- શિક્ષકની વાણીમાં નમ્રતા હોવી જોઈએ.
- શિક્ષણનું નિજ ધ્યાનમાં રાખતો હોવો જોઈએ "જ્ઞાન પ્રતિ સમર્પણની ભાવના અને નિરંતર શીખતા રહેવાની પ્રગતિ."
- સમાનતાની નજરે જોતો હોવો જોઈએ [દરેક વિદ્યાર્થીઓને]

गुरु वही जो जीना सिखाता है,
आपकी आपसे पहचान कराता है.
हमेशा सिखाए सच्चा मार्ग वो तुम्हें,
तुम्हें एक अच्छा इंसान बनाता है.

અંતે એટલું જ કે મારા મતે શિક્ષક એ....

જે શિક્ષકમાં મૂળ અને ફળ મળે, જે પોતાના વ્યવસાયને મનરૂપથી સ્વીકારે, જે પોતાને આજીવન આશાવાદી રાખે, જે શીખવવાની કળા જાણે, જે વર્ગમાં વિવિધ શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરે, જે સરસ તૈયારી કરી, જે શબ્દ મહત્વ સમજી વાતો પર કાબૂ મેળવે, જે સ્વભાવે સહકારમય અને રૂઢીલો રાખે, જે સમયનો સદુપયોગ કરે.....

શિક્ષક શું છે? એનો કેટલોય સમય એ
મનુનો મિત્ર છે ને ખંડ સમયની માતા પણ!
સુરીલો મધુર સ્વર હોય ને મધુરો અવાજ હોય,
ને સુંવાળું સંવાદી હૈયું હોય - એ શિક્ષક.

'શિક્ષક હોવું એટલે'...

શિક્ષક હોવું એટલે - 'શિક્ષકત્વ' હોવું.
શિક્ષક હોવું એટલે - 'ભાવકત્વ' હોવું.
શિક્ષક ન કેવળ હોય જ્ઞાનભંડારી,
શિક્ષક તો હોય સર્વજ્ઞાન અધિકારી
બાળક સાથે સદા થાય ઓળ-ઘોળ,
કરે ન ક્યારેય તે 'જ્ઞાની'નો ડોળ.
સમાજની તેના તરફ અપેક્ષા વધારે.
કામચોરી કી તેથી ન શકે વધારે.
સતત વિસ્મયમાં જિજ્ઞાસાતત્વનું ફુટવું,
બાબત સમયમાંય રસત્વ ન ખૂટવું.
શિક્ષક એટલે વિદ્યાર્થી સાથે અનુકૂલન,
શિક્ષક એટલે સદ્‌ગુણોનું પ્રસ્ફુરન.
શિક્ષક હોવું એટલે સમસ્યાનું કારણ ખોળવું
શિક્ષક હોવું એટલે બાળકને રસકરણમાં જોડવું

પ્રગતિશીલ શિક્ષણ વર્ષ:4 અંક:-10 ઓક્ટોબર: 2004

# ✱ મારી દ્રષ્ટિએ શિક્ષક ✱

✰ **પ્રસ્તાવના :—**

શિક્ષણના એક મહત્વના અંગ તરીકે ભાગ ભજવનાર કોઈ પણ હોય તો છે તે છે 'શિક્ષક'. વિદ્યાર્થીને જ્ઞાનરૂપી માર્ગરૂપી જે કોઈ પીરસાડે તો તે છે શિક્ષક. કહેવાય છે કે આપણા જીવનને ઉત્તમ બનાવનાર આપણા માતા-પિતા છે પણ જે વ્યક્તિત્વ બનાવનાર કોઈ હોય તો તે છે શિક્ષક. સંસ્કાર આપણે સાંભળતા જઈએ છીએ કે "ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાય રહ્યું છે" પરંતુ આ વર્ગખંડોમાં ઘડાય ભાવિ ઘડનાર મહત્વનું પાત્ર હોય તો તે છે શિક્ષક. અંગ્રેજીમાં કહેવાય છે.

⇒ "The teacher is the most vital factor is the Education System".

આપણી સૌની શિક્ષણની જવાબદારી શિક્ષકના હાથમાં છે. આપણે કહેવાય છે 'કુવામાં હોય તો હવાડામાં આવે.' એટલે શિક્ષક જ્ઞાનથી સુસજ્જ હોવા જરૂરી છે. આપણે કે મારું કેટલીક બાબતો એવી છે જેવી એક આદર્શ શિક્ષકમાં હોવી જરૂરી છે. કે જે બાબતો તેને તેની પાત્રતા કેળવવામાં ખૂબ જ મહત્વની સાબિત થઈ રહે છે જે નીચે મુજબ છે.

⇒ સૌ પ્રથમ અને અનિવાર્ય બાબત કે જે શિક્ષકમાં હોવી જોઈએ તે છે, વિદ્યાર્થીઓની અભ્યાસ અંગેની child Psychology વિશેનું જ્ઞાન અનિવાર્ય બની રહે.

આપણો મહીથી શીખે અનેક વિદ્યાર્થી વિદ્યાર્થિની-
-અભ્યાસ દરમિયાન અલગ-અલગ અવસ્થાઓ-
-માંથી પસાર થાય છે. આ દરમિયાન વિદ્યાર્થીની
જરૂરિયાત, રસ, રુચિ, વલણ, રીતે અનેક પ્રશ્નો-
આવે છે જેના વિશે શિક્ષકને જાણ હોવું જરૂરી
છે આ અવસ્થાઓમાં શિક્ષકનું સ્નેહભર્યું વર્તન ખૂબ જ
જરૂરી છે. અન

આને હું અહીં આ વાત પર ભાર-
આપવા માંગુ છું કે આ અભ્યાસ દરમિયાન
મને ઘણા ખૂબ જ સારા સારા શિક્ષકોનો
સહકાર મળ્યો છે હું એમ નથી કહેતી કે
કોઈપણ શિક્ષક એવા ન હોતી જેનો સહકાર
મને નથી મળ્યો. પરંતુ એવા શિક્ષક મને મળ્યા
જેમણે દરેક મને સમજવાની કે ઉપાસના-
વિદ્યાર્થીને અવસ્થાને ધ્યાનમાં રાખી સમજવાની
કોશિશ કરી નથી. આવાની જ છે માટે
હું આને અંગ્રેજીમાં કહેવાય છે એમ...

"Teacher is not only teacher.
But
He/she shoud be a good
friend, philosopher & Guide"

અર્થાત્ શિક્ષક ખાલી શિક્ષક જ
નહિ પરંતુ સાચો-સાચો, એક મિત્ર,
ફીલોસોફર અને મદદનું એક ગાઈડ
(માર્ગદર્શક) હોવું જ જોઈએ.

મને ઉદાહરણ આ આપવામાં હું મારી કોલેજ
ના અધ્યાપક અનુસ્નાતક (M.A) દરમિયાન ખૂબ જ
Lucky રહી છું કારણ કે આ સમય દરમિયાન
મને એવા શિક્ષક મળ્યા કે જેને હું માતા, મિત્ર,
ફિલોસોફર, અને એક માર્ગદર્શક ગણાવી શકું.
કે આવા શિક્ષક કેમ કારણ કે હું મારા અભ્યાસમાં
વધુ ને વધુ રુચિ બતાવી શકી.

મને ઉદાહરણ હું ભવિષ્યમાં આવા
જ શિક્ષક બનવાનું પસંદ કરીશ. કે જે વિદ્યાર્થીના
શિક્ષકની સાથે - સાથે તેના મિત્ર, ફિલોસોફર અને
સારો એવો માર્ગદર્શક હોય.

⇒ એક સારો એક શિક્ષક માં આ
બધા ગુણોની સાથે સાથે અસરકારકતા ગુણ પણ
હોવા જરૂરી છે. જ્યારે પણ શિક્ષક વર્ગખંડમાં કે
બહાર હોય પણ ત્યારે શિક્ષણ કે માર્ગદર્શન પૂરું
પાડે તો તેમાં એટલી અસરકારકતા હોવી જરૂરી
છે કે જે પોતાના શ્રોતાઓને પોતાની તરફ
પોતાની ભણાવવાની પદ્ધતિ તરફ આકર્ષી લે.

⇒ પ્રભાવશાળી વ્યક્તિત્વ પણ એ-
ગુણ કે શિક્ષકમાં હોવો જોઈએ એમ હું માનું
છું. અંગ્રેજીમાં કહેવાય છે,

⇒ "A teacher can never truly teach,
Unless he is learner learning"

શિક્ષક અસરકારક શિક્ષક ત્યારે જ
ગણાય જ્યારે એ learner પણ હોય.
શિક્ષક જે પોતાની પાસે પૂરતું જ્ઞાન છે.

ધંધો માનીને નોકરી કરે તો તેને કદાચ શિક્ષક તો કહેવાય પરંતુ વ્યવહારુ શિક્ષક ન બની શકે. હું માનું છું કે શિક્ષકે હંમેશા જ્ઞાન અને મેળવવા તત્પરતા બતાવવી જોઈએ.

આપણે જાણીએ છીએ એમ, ૨૧મી સદી એટલે ટેકનોલોજીની સદી કે જેમાં જો વિદ્યાર્થી ઈચ્છે તો કદાચ ત્યારે શિક્ષક જ મેળવવું હોય તો ટેકનોલોજીની મદદથી પણ મેળવી શકે છે. જો આવી આવા યુગમાં નોકરી કરવા ઉપરાંત પોતાને સંતોષ મળે એવા શિક્ષક બનવું હોય તો એક શિક્ષક તરીકે ઉપરના ગુણો કેળવવા જ રહ્યા.

Patel Tabassum Yusuf
College of Education
Kharod.
Method - English
Roll No: 4

2018-'19

Solanki Kiran R.

=> શિક્ષક દિન ને શિક્ષક ગુરુજનોનાં મારા સંસ્મરણો:-

ગુજરાતી ભાષામાં એમ કહેવાય છે કે
" ગુરુ વિનાં જ્ઞાન નહિં, અને
જ્ઞાન વિનાં જીવન નહિં"...

આ વાક્ય પરથી એમ લાગે કે જે જ્ઞાનનાં હોય કોઈ પણ માણસ જાતિમાં તો તેનું જીવન વ્યર્થ છે. કારણ કે મનુષ્ય એને એક સામાજીક પ્રાણી કહેવામાં આવે છે.

=> જે માણસમાં જ્ઞાન નાં હોત તો તે સમાજ માં રહેતા નાં શીખી શકે. પરંતુ મારા મનમાં એમ થાય આ જ્ઞાન આવે ક્યાંથી? જ્ઞાન આપનુ કોણ હશે?

=> મારા આ બે સવાલનાં જવાબ મળ્યા મને જ્યારે હું ધોરણ - ૧૦ માં અભ્યાસ કરતી હતી. આનો જવાબ છે. મારા અને બધા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ નાં શિક્ષકો. એક શિક્ષક આખી દુનિયાની પેઢીઓને શિક્ષણ આપી તેની આગળ વધારવામાં સતત ફાળો આપે છે. એને મારા ગુરુજી માટે એક કાવ્ય પંક્તિ યાદ આવે જ્યારે હું મારા પહેલાનાં ધોરણો વિશે વિચારૂ છું,

" ગુરૂ ગોવિંદ દોનુ ખડે, કાકે લાગુ પાય...
બલિહારી ગુરૂ આપને, ગોવિન્દ દિયો બતાય...
- કબીર દોહા.

આ પંક્તિ પરથી હું કહેવા માંગુ છું કે મારા જીવન ઘડતરમાં મારા શિક્ષકોનો ઘણો મહત્વનો ફાળો છે. જ્યારે હું ધો-6 માં અભ્યાસ કરતી હતી. ત્યારે મને અંગ્રેજી વાંચતા ન આવડે મને ખુબ અઘરૂ લાગે અંગ્રેજી વાંચવાનુ ત્યારે મારા સર સોલંકી સોમાભાઈ અને તેમનાં પત્ની સોલંકી મિનાક્ષીબેન આ બન્ને મારા માં-બાપ બનીને મને અંગ્રેજીનાં દરેક મુળાક્ષરો સમજુ અને વાંચી શકુ ત્યાં લગીન શીખવાડ્યુ.

આ બદલ હું કોઈ દિવસ તેમની. આ કૃપા હું નહિ ભુલી શકુ મારા જીવન ઘડતરની વાત કરૂ તો મારા માં-બાપ પણ એટલા જ હકદાર છે કે હું તેમનો આભાર માનું, પરંતુ એક શિક્ષક જેણે મને આટલી. બધી હું ડિગ્રી મેળવી શકુ તે લાયક બનાવી અને હું પણ એક શિક્ષક બની શકુ ત્યાં લગીન મને તેમણે ગાઈડન્સ કરી. જ્યારે હું ઉચ્ચતર માધ્યમીક શાળામાં ગઈ ત્યારે ધો-8 માં નાપાસ થયેલી કારણ કે હું એટલી સક્ષમ ન હતી કે આટલું બધુ ભણી શકું પરંતુ જ્યારે મેં નપાસ થઈ ત્યારે વિચારેલું કે હું આગળ ભણીશ નહિ.

પરંતુ મારા શિક્ષકને આ મંજુર ન હોતુ એટલે મારા શિક્ષકશ્રી અંજના પટેલ મેમ મારા ઘર આવ્યા મને સમજાવી કે ભણતર કેટલુ જરૂરી છે. એમણે એક જ વાક્ય કહ્યુ જે મને આજે પણ યાદ છે કે "જ્ઞાન ન હોય ને તો એ જીવન નક્કામું છે.

આજ સુધી મેં આ જ વાક્ય યાદ રાખ્યું અને આગળ આવી. જ્યારે હું ધો-૧૧ માં આવી ત્યારે મારા અંકલેશ્વર ભણવા જવાનું થયું. કારણ કે હું ગામડામાં રહું છું. અને મારા ગામમાં ૯ થી ૧૦ જ ધોરણ છે. આના પહેલાં હું કદી એકલી અંકલેશ્વર ગઈ નથી. મને એકલા રહેવું ગમે પણ એકલા કશુંક જવું ના ગમે. પરંતુ પહેલા દિવસે મારા પપ્પા મને સ્કુલ મુકીવા આવ્યા અને ત્યાર બાદ મને સ્કુલમાં મુકીને મને મારા શિક્ષકને હવાલે કરીને ગયા. પરંતુ મારો પહેલો દિવસ એટલો સારો ગયો કે હું કદી વિચારી પણ નાં શકતી. મારા વર્ગમાં અભ્યાસ કરવા આવેલા દરેક બાળકને અને હું અમારે પૂરે પૂરી ૫૦ બાળકોની સંખ્યામાં મારા શિક્ષક મારા એકે અને દરેક વિદ્યાર્થીઓ એકે ખૂબ સારી રીતે રહેતા.

પરંતુ મને જ્યારે-જ્યારે જરૂર પડતી એમની ત્યારે તેઓ મને એક શિક્ષક નહિ પરંતુ મારી માતા ની જેમ સમજાવતાં. તેમનું નામ શારદા મેમ હતું. પરંતુ હું તેમને શારદા મમ્મી કહેતી. કારણ કે જ્યારે તેમને ખબર પડી કે હું એકલી છુ તેઓ મને તેમની પાસે બોલાવતા અને બસ આમ જ કહેતા કે દિકરા કઈ સમજણ ના પડી હોય તો કહેજે અને ત્યાર બાદ તેમના પાસ બેસાડતાં અને મનોવિજ્ઞાન અને તત્વજ્ઞાનમાં અમે સવાલ જવાબ કરતા...

Date : / / Page :

ત્યાર બાદ મારી મુલાકાત શ્રી રાજુ સર જોડે થઈ તેઓએ મને માર્ગદર્શન કર્યું કે હું અંગ્રેજી વિષય સાથે બી.એ. ની ડીગ્રી મેળવું. અને ત્યાર બાદ મને ભાન થયું કે મારા શિક્ષકની અપેક્ષા પૂરી કરું. તેઓ આપ્યા એ વર્ષ દરમિયાન મને એટલી બધી મહેનત કરાવી. ઘણો — તેમના મહત્વનો ટાઇમ આપ્યો અને તેમણે મને અંગ્રેજી ગ્રામર શીખવ્યું. આ એહસાન હું કદી નહી ભૂલી શકું.

⇒ જ્યારે મારા લાઇબ્રેરીના નામ આવતા ત્યારે હું મારા વ્હાલીય ગુરુજી રાજેશ સર અને મારા લાઇબ્રેરીયન સર મનીષ તેઓ. મારા જોડે બેસતા અને મને માર્ગદર્શન આપતાં અને ફરજીયાત બુક વાંચવા કહેતા.

મને અંગ્રેજી બોલવાનો ખૂબ શોખ હતો પરંતુ જ્યારે હું ક્લાસમાં ફીલ ન બોલુ ત્યારે કોઈને વધારે નડતા ખ્યાલ ન આવતા તેઓ મારા વ્હાલીય રાજુ સર અને મનીષ સર જ્યારે મારા લાઇબ્રેરીના પીરીયડ આવતા ત્યારે તેઓ મારા જોડે 20 મિનિટ અંગ્રેજીમાં બોલતા અને મારા જોડે અંગ્રેજીમાં વાત કરતાં. આ વસ્તુથી મને ખૂબ પ્રેરણા મળી અને હું આગળ આવી શકી.

⇒ ત્યાર પછી આવે મારૂ કૉલેજ નું પ્રથમ વર્ષ જે ખૂબ યાદ આવે આજે પણ મારા પહેલા જ દિવસથી મને મારા વ્હાલા સર H.K. પંચાલ, કોમલ મેમ, અને શ્રીમતી આચાર્ય શ્રી અર્પિત દવે સર. આ ત્રણ સરનો હું પહેલાથી ખૂબ ખૂબ આભાર માનુ કે મને ત્રણવર્ષ સાથે માત્ર જ નહિં પરંતુ જીવન દરમ્યાન પણ દરેક એવા પ્રસંગો અને ઘણાં શીખ પણ આપી જ છે.

⇒. ત્યાર પછી આવ્યું હું બી. એડ કૉલેજમાં અહીં આવ્યાને ૨૬ દિવસ થયા છે. અહીં આવીને મને બધા જ અધ્યાપક ગણ મને બધા જ પ્રકારની મદદ કરી શકે છે પણ વધારે મદદ મને પ્રવિણ સર કરી છે. અમારા માહિતી પાઠમાં એમણે મને એમની પાસે ઓનલાઈન ઘણી પાઠ બનાવતા શીખવ્યું છે. ને પણ પ્રેમથી તેમણે મારી ઘણી ભૂલો સુધારી એક શિક્ષકની ભાષા બોલી કઈ રીતની હોય એ પણ શીખવ્યું. એ બદલ હું એમનો આભાર માનું છુ. અને આગળ માટે જે દિવસ કાઢવાનાં છે એમનો સાથે અપેક્ષા રાખુ છુ કે તેઓ મને હંમેશા ગાઈડન્સ કરે.

# મારી દૃષ્ટિએ શિક્ષક

ટંડેલ દિક્ષાબેન નરેન્દ્રભાઈ
Roll No :- 6

- મારી દૃષ્ટિએ શિક્ષક પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન હોવા જોઈએ.

- આજના પ્રવર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકાઓ બદલાઈ રહી છે. શિક્ષકે માત્ર ભાષણ સ્વરૂપે માહિતી જ આપવાની નથી પરંતુ વિદ્યાર્થીઓને સમૃદ્ધ અને અસાધારણ શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાના છે.

- આજના સમયમાં શિક્ષણ પડકારરૂપ છે, કારણ કે રાષ્ટ્રની સામાજિક સાંસ્કૃતિક અને આર્થિક સ્વાસ્થ્યની જવાબદારી શિક્ષકની છે ત્યારે શિક્ષકે વિદ્યાર્થીના Guide, Friend and Philosopher તરીકેની ભૂમિકા અદા કરવી જોઈએ. શિક્ષક એ શૈક્ષણિક વ્યવસાય જ છે.

કેળવણીકાર એડમન્ડ હોમ્સ કહે છે કે :

" મનુષ્યની ચૈતસિક ઓલાદ સુધારવા માટેની જુસ્સો શિક્ષકમાં હશે તો તે પોતાના કાર્યથી ગભરાઈ જવાને બદલે આગળ વધશે."

- શિક્ષકમાં આવો જુસ્સો આવવો જોઈએ. શિક્ષકનો વ્યવહાર વાત્સલ્ય અને પરિવાર ભાવનાવાળો હોવો જોઈએ. હું જેના માટે

કામ કરું છું એ પ્રભુના બગીચાના પુષ્પો છે. આ પુષ્પોના માળી અને આ ઉપવનના મોર શિક્ષકે બનવાનું છે. શિક્ષકમાં પરહિતચિંતન હોવું જોઈએ તો જ એ વર્ગને સ્વર્ગ બનાવી શકે. જીવન આમ જ પોતાનું સારું જીવી જવું એ શિક્ષકનું કાર્ય નથી. માણસ માણસને માટે ખર્ચાઈ જવને ખર્ચાઈ જાય, એનાથી મોટી બીજી કઈ બાબત હોઈ શકે.

મહાત્મા ગાંધી કહે છે :

" શિક્ષકનો ધર્મ સંકુચિત ન હોવો જોઈએ. ઈશ્વરની ક્ષુલ્લક કૃતિને માટે પણ તેના શિક્ષણમાં સ્થાન હોવું જોઈએ, પરંતુ તેમાં જાતિના ધર્મના કે વર્ણના અભિમાનને સ્થાન નથી." શિક્ષકનો ધર્મ ગમતાનો ગુલાલ કરવાનો છે.

શિક્ષકની વાણી સત્યમ્ શિવમ્ સુંદરમ્ ની હોવી જોઈએ. શિક્ષકે નિરાશ થવાનું નથી પરંતુ વિદ્યાર્થીને નિરાશામાંથી આશાનો માર્ગ બતાવવાનો છે.

- 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' નું સૂત્ર શિક્ષકે ચરિતાર્થ કરવાનું છે. શિક્ષકે વિદ્યાર્થીની જ્ઞાતિ કે કુળનો વિચાર કરવાનો નથી પરંતુ તેને વિદ્યાર્થી તરીકે જ જોવાનો છે.

શામળ કહે છે :

" સદ્‌વિદ્યા રત્ન વિશાળ છે. વિદ્યાર્થી

"વહુ નહીં કશું. સદ્‌વિદ્યા આગળ ધનની મોલ નહીં. વિદ્યાવિહીન નર પશું."

- તે વાત શિક્ષકે ગળે ઉતારવી જોઈએ.

- વાંચનથી વિચારોની સ્થિરતા અને પાકટતા આવે છે. માટે શિક્ષકે સતત વાંચતા રહેવું જોઈએ. જીવનને કુશળતાથી ઘડવું પડે છે. માટે શિક્ષકે પોતાના જીવન રૂપી આદર્શથી અને પોતાના સુચારુ, શિસ્તસભર, અને મૌલિક ઉદાહરણોથી આત્મીયતા સાથે વિષયમાં ઓતપ્રોત થઈને શિક્ષણકાર્ય કરાવતા વર્ગને સિદ્ધ કરવાનો છે.

વિનોબા ભાવે કહે છે :

" અનેક વિષયોનું અધ્યયન આપણે કરવાનું છે, વળી અધ્યયનમાં જેમ અનેક ગ્રંથો વાંચવાની વાત છે તેમ અનેક ગ્રંથો અનેકવાર વાંચવાની પણ વાત છે. જે ગ્રંથમાંથી જીવનને પોષણ મળતું હોય તે ફરી ફરીને વાંચવી જોઈએ."

- સાચો શિક્ષક સહૃદયી હોવો જોઈએ —

"જ્યાં જોડાય ત્યાં પ્રેમ અને હૂંફ આપે તો આપણો વર્ગ સ્વર્ગ બની રહે."

~~~ × ~~~ × ~~~ × ~~~ × ~~~
~~~

# મારી દૃષ્ટિએ શિક્ષકની ફરજ

ચૌધરી ભામિનીકુમારી આઈ.

રોલ નં :- 1

મારી દૃષ્ટિએ શિક્ષકે પોતાની ફરજ પ્રત્યે સભાન અને વફાદાર હોવા જોઈએ.

આપણા સમાજના નિર્માણમાં શિક્ષકની મહત્વની જવાબદારી હોય છે. કારણ કે સમાજ એ જ બાળકોથી બને છે જેની જવાબદારી એક આદર્શ શિક્ષક પર હોય છે. આ એ જ શિક્ષક છે જે બાળક ને સમાજમાં સારો શિક્ષિત નાગરિક બનાવે છે. અને સાથે તેનો આંતરિક વિકાસ પણ કરે છે. શિક્ષા આપવાની સાથે તે એક સારો વ્યક્તિ બનવા માટે પ્રેરિત કરે છે.

દેશમાં જેટલી સ્કૂલ વ્યક્તિત્વ પાછળ એક સારા ગુરુની ભૂમિકા હોય છે. એક બાળક ને માર્ગદર્શન આપતાની સાથે ગુરુ બાળકના વ્યક્તિત્વ થી પરિચિત થાય છે. તેની અંદર છૂપાયેલા દરેક ગુણોથી તેને પરિચિત કરાવે છે. શિક્ષકની વાત કરું તો તે ઈશ્વરથી બીજા દરજ્જે આવી શકાય

આદર્શ શિક્ષકે નવા સમાજના ઘડતરમાં પોતાનો ફાળો આપવો જોઈએ. શિક્ષકે નવા સમાજ ને ધ્યાનમાં રાખતા જનક અને પરંપરાઓને જાળવી રાખતો મહાન વ્યક્તિ છે. જો એક શિક્ષક પોતાની આવડતના કારણે સમાજમાં બદલાવ નથી લાવી શકતો તો તેનો કોઈ મતલબ એમ થાય છે કે તે આદર્શ શિક્ષક નથી.

એક સારો શિક્ષક એક વિદ્યાર્થીનો સારો દોસ્ત, સારો સલાહકાર, પિતાસમાન આદર્શ હોય છે :

એક શિક્ષક માટે આ વાત એક ગર્વની અને આદર્શની વાત છે કે વિદ્યાર્થી માટે તે અનેક રૂપ બને છે.

શિક્ષકની ફરજ :-

શિક્ષક માટે એ આવશ્યક છે કે તે બાળકોની સાથે સ્વાસ્થ્યની વાત કરે. રમત વિશે નું મહત્વ સમજાવે અને રમત દ્વારા બાળકોનું સ્વાસ્થ્ય સારું રહે. સારો સમતોલ આહાર લેવાથી શું ફાયદા થાય તે સમજાવવું અને દરરોજ વ્યાયામ કરવું તે વિશે સમજાવવું.

શિક્ષક એ ફરજ બને છે કે સફાઈ માટે વિદ્યાર્થીઓને પરિચિત કરાવીને તેનું મહત્વ સમજાવે. સાફ કપડાં અને પગરખાં પહેરીને જ શાળામાં આવવું. શિક્ષકે વિદ્યાર્થીઓને શીખવવું જોઈએ. જો સંપત્તિ ખાલી થશે તો ફરી મળશે પરંતુ સ્વાસ્થ્ય ચાલ્યું ગયું તો બધુ જ ગયું.

એક શિક્ષકે સમાનતાની ભાવના રાખી શિક્ષણ કાર્ય કરાવવું.

શિક્ષકે પોતાના વર્ગખંડમાં દરેક વિદ્યાર્થીઓને શિક્ષણકાર્ય કરાવવું. શિક્ષક શાળાના દરેક કાર્યોને આદરપૂર્વક પાર પાડવાનો પ્રયત્ન કરવો જોઈએ. ક્યારેય પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને કમજોર વિદ્યાર્થીઓ વચ્ચે ભેદભાવ ન

રાખવો જોઈએ. અને સમાજ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય કરવું જોઈએ. અને શાળાના યોગ્ય વિકાસ માટેના પ્રયાસો કરવા જોઈએ.

મારી દૃષ્ટિએ શિક્ષકની આ પ્રથમ મુખ્ય ફરજ એ માનુ છું કે,

શાળાના વિકાસ માટે હંમેશા પોતાનું યોગદાન આપવું જોઈએ. શાળામાં વિદ્યાર્થીઓ વચ્ચે ક્યારેય ભેદભાવ ન કરવું એમાં ધર્મ, નાત-જાત અને અમીર - ગરીબ નો સમાવેશ કરી શકાય છે. વિદ્યાર્થીઓને જે શીખવવાનું છે તેને પૂર્ણ ન્યાય આપવો જોઈએ. શિક્ષક વિદ્યાર્થીને શીખવવા માટેના દરેક પાસાઓને આવરી લેવું જોઈએ. જેમ બને તેમ શિક્ષણને આનંદમય બનાવવું જોઈએ. જેમ કે તેમને દરેક પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન આપવું જરૂરી છે. અને તેમને મહત્વના મુદ્દાઓથી સભાનતા કેળવવી જોઈએ. જેવાં કે સ્વચ્છતા, આરોગ્ય અંગેનુ સૂચન, નિયમિતતા, સમજશક્તિ વગેરે જેવાં ગુણો વિદ્યાર્થીઓમાં કેળવાય એ અંગેની શિક્ષકની ફરજ બને છે.

—×—×—×—×—

સંદર્ભ સાહિત્ય :-
વેબસાઈટ
http://WWW.Parentssembly

# એક શિક્ષકની સમાજ માં આવશ્યકતા

નામ : પટેલ ક્રિષ્ના એ.
રોલ ન : ૮

કોઈ પણ સમાજની શિક્ષણ વ્યવસ્થા તે જે સમાજમાં અસ્તિત્વ ધરાવતી હોય છે. તે મુખ્યત્વે સમાજ સાથે સંકળાયેલી હોય છે. શિક્ષણ વ્યવસ્થા એ સમાજની એક મુખ્ય વ્યવસ્થા કહી શકાય આપણો સમાજને ઊંચો લાવવો હોય તો શિક્ષણ ખૂબજ આવશ્યક બની રહે છે. અને આ શિક્ષણ ખૂબજ આપણને શિક્ષકો દ્વારા મળે છે. તેથી શિક્ષક આપણા સમાજ નો ગુરુ બની રહે છે. સમાજ માં જેમ જેમ પરિવર્તનો આવતા જાય છે. તેમ તેમ શિક્ષણ સંસ્થા મા પણ બદલાવ લાવવામાં આવે છે. અને આ બદલાવ શિક્ષક દ્વારા લાવી શકાય છે.

એક શિક્ષક સમાજ અને રાષ્ટ્ર ની અનમોલ સંપત્તી કહેવાય છે. એક શિક્ષક સમાજ માં યોગ્ય ભાષા અને અજ્ઞાનતા ના અંધારાને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. આવા શિક્ષકો પહેલા તો પોતાને ઉચ્ચ શિક્ષણ લેવા યોગ્ય થાય છે. તે પોતાના સિધ્ધાંતો પર કાયમ રહેતા હોય

છે અને લોભ માટે ભિખારી બની રહેતા હોય છે આજે આપણો સમાજ અસફળતા નું કારણ બની રહ્યો છે. એનું કારણ એ છે કે શિક્ષક પોતાના મૂલ્યો અને કર્તવ્ય ભૂલી પાછળ પડતા હોય છે. તે લાલચ તૃષ્ણા લોભ અને પૈસા પાછળ વધુ દોડતા હોય છે. તેથી વિદ્યાર્થીઓ વડીલો પ્રત્યે આદર અને સમ્માન ભૂલતા જાય છે. વિદ્યાર્થી પોતાના કર્તવ્યથી દૂર થતા જાય છે. પરંતુ આ પરિસ્થિતિને દૂર કરવા માટે પણ એક શિક્ષક જ જરૂરી છે. આવી પરિસ્થિતી ને દૂર કરવા માટે પણ ઘણા એવા શિક્ષકો છે જે માત્ર પૈસા પાછળ નહિ પરંતુ પોતાની ફરજ માનીને સમાજ નું કાર્ય કરતા હોય છે અને એક શ્રેષ્ઠ શિક્ષક બોલીને પોતાની શ્રેષ્ઠતા નથી બતાવતો પરંતુ સમાજ માટે પોતાની ફરજ માનીને કાર્ય કરીને શ્રેષ્ઠતાનું પ્રમાણ આપતો હોય છે

એક શિક્ષક સમાજને સૌથી શ્રેષ્ઠ ધન આપી શકે છે. આપણા સમાજ માં શિક્ષકો ના હોય તો સમાજ આગળ વધવાની શક્યતા ઓછી રહે છે. જો શિક્ષકો બાળકો ને યોગ્ય માર્ગદર્શક ન આપે કે યોગ્ય શિક્ષણ ન આપે તો બાળકો પોતાની કારકિર્દી બનાવી શકતા નથી. બાળકો ને યોગ્ય માર્ગદર્શક શિક્ષકો દ્વારા મળી રહે છે. એક શિક્ષક ધારે તો સમાજ ને ઊંચે પણ લાવી શકે છે અને ધારે તો સમાજ ને ડુબાડી પણ શકે છે. જો શિક્ષક વિદ્યાર્થીને યોગ્ય શિક્ષણ ન આપે કે કોઈ નકારાત્મક વાતો શીખવતા હોય તો બાળક ઉપર એની જ

અસર થાય છે. તેથી જ તે બાળકો નકારાત્મક વાતો શીખે તો તે ખોટી અસર સમાજ પર પડે છે. એમ કહેવાય છે.

શિક્ષક નું મહત્વ સમાજ માં હંમેશા પૂજનીય હોય છે. કોઇ એમને ગુરુ કહે તો કોઇ એમને શિક્ષક કહે. કોઇ અધ્યાપક કે કોઇ ટીચર કહે છે. આ બધા શબ્દો માત્ર એક જ વ્યક્તિ નું ચિત્ર બનાવતું હોય છે. જે બધાને જ્ઞાન આપે છે. શીખવે છે. જે નું યોગદાન દેશ, રાષ્ટ્ર કે ભવિષ્યની રચના કરે છે. સાચા અર્થમાં કહીએ તો શિક્ષક જ વિદ્યાર્થી નું જીવન ઘડતા હોય છે. શિક્ષક જ સમાજ નું આધારભૂત તત્વ છે. શિક્ષક પોતાના જીવનનાં અંત સુધી માર્ગદર્શક બની રહે છે. અને સમાજને રસ્તો બતાવે છે. શિક્ષકને સમાજમાં ઊંચો દરજ્જો આપવામાં આવે છે.

માતા-પિતા બાળકોને જન્મ આપે છે. તેમનું સ્થાન કોઇ લઇ શકતું નથી. પરંતુ શિક્ષક જ એક એવા વ્યક્તિ છે. જેને આપણે માતા પિતાનું સ્થાન આપીએ છીએ. કારણ કે શિક્ષક આપણને સમાજ માં રહેવા યોગ્ય બનાવે છે. તેથી શિક્ષકોને સમાજનાં શિલ્પકાર - ઘડવૈયા કહેવાય છે. ગુરુ નું કામ માત્ર શિક્ષણ આપવું એમ નથી પરંતુ કોઇ પણ પરિસ્થિતિ માં વિદ્યાર્થીને રસ્તો બતાવે છે. અને તેનો હાથ પકડીને તૈયાર કરે છે. વિદ્યાર્થીને હંમેશા જીવન માં આગળ વધવાની પ્રેરણા આપે છે. એક શિક્ષક વિદ્યાર્થી ને જે શીખવે છે તેવું જ

વિદ્યાર્થી કાચા હોય છે. તેમની માનસીકતા પણ સરળ અને કાચી હોય છે. તેથી શિક્ષક એ વિદ્યાર્થીને આગળ વધવાની પ્રેરણા આપતા હોય છે સફળ જીવન માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે. અને તે જ્ઞાનને શિક્ષક દ્વારા પ્રાપ્ત થાય છે

કોઈ પણ રાષ્ટ્ર નો આર્થિક, સામાજિક કે સાંસ્કૃતિક વિકાસ તેમના શિક્ષકો ઉપર આધાર રાખે છે. જો રાષ્ટ્ર કે દેશનું શિક્ષણ સારું હોય તો તે દેશ કે રાષ્ટ્ર ને આગળ વધવા માં કોઈ રોકી શકે નહી. જેમનું શિક્ષણ સારું ન હોય તો તેમનું કૌશલ્ય બહાર આવી શકતુ નથી. એક શિક્ષક દ્વારા અપાયેલું શિક્ષણ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ નું મૂળ આધાર છે. શિક્ષકો પાઠ્યપુસ્તક ઉપરાંત જીવન જીવવા માટેનું શિક્ષણ પણ આપતા હોય છે. શિક્ષક ને ભગવાન સમાન માનવામાં આવે છે. માટે એક શિક્ષકની સમાજ માં ખૂબ જ આવશ્યકતા જોવા મળે છે.

- સંદર્ભ

www.Pravaktu.com

# શિક્ષણની આવતીકાલ

શિક્ષણ એ કોઈપણ સમાજની પ્રાથમિક જરૂરિયાત છે. યોગ્ય શિક્ષણના અભાવમાં વ્યક્તિ કે સમાજનો વિકાસ સંભવ નથી. શિક્ષણ એ સમાજ પરિવર્તન માટેનું અગત્યનું પરિબળ છે. શિક્ષણ દ્વારા સમાજમાં જાગૃતિ લાવી શકાય છે. પ્રાચીન સમયથી જ શિક્ષણને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. સમાજની જરૂરિયાતો મુજબ તેમાં વારંવાર પરિવર્તન આવે છે. હરરોજ શિક્ષણ ક્ષેત્રમાં અવનવા પરિવર્તનો આવ્યા કરે છે. તો આપણે કલ્પના કરીશું કે, આવતીકાલનું શિક્ષણ કેવું હશે ?

## શિક્ષકના જ્ઞાનમાં સુધારો જરૂરી

મિત્રો ગઈકાલના અને આજના શિક્ષક ઉપર અનેક પ્રહારો થઈ રહ્યા છે. આજની શાળા મહાશાળાઓને કતલખાના કહેનારા વિચારકો છે. કારણ કે, શિક્ષણ અને શિક્ષક બંનેને લાંછન લાગે તેવી ઘટનાઓ સમાજમાં અવારનવાર બની રહે છે. વિદ્યા દાનમાં આપવાની ચીજ છે. પણ આજના કેટલાક શિક્ષકો રીતસરનું જ્ઞાન આપતા નથી. આવા શિક્ષકોએ 'ગુરુ'ની છબીને ખંડિત કરી છે. તેના કારણે આજનાં શિક્ષક અને શિક્ષણ પ્રથાનો વિરોધ થઈ રહ્યો છે. આવી કલંક પ્રવૃત્તિઓ અને સ્વાર્થ ત્યજીને શિક્ષકે પોતાનું મૂલ્ય વધારવું પડશે. તેણે સંસ્કારી, આધુનિક, પરોપકારી બનવું પડશે. આજનો શિક્ષક ગોખણીયો બન્યો છે. જ્ઞાનનો અભાવ છે, તે બધામાં

બદલાવ આવશ્યક છે. આવતીકાલનાં વિદ્યાર્થી સામે કામ કરવું હશે તો શિક્ષકે જ્ઞાન સમુદ્ર બનાવવું પડશે.

## શિક્ષક પાસે આધુનિક ટેકનોલોજીનું જ્ઞાન જરૂરી

આજે દર સાત-આઠ વર્ષે જ્ઞાન બમણું થઈ રહ્યું છે. જ્ઞાનના આ વિસ્ફોટને પહોંચી વળવા આજની શાળાઓ પાસે કોઈ જ આયોજન નથી. આવતીકાલે માત્ર શાળા સમયે દરમિયાન જ્ઞાન કે માહિતી ભર્યા જ કરવી તેનું મહત્વ જરાય નહી હોય. આવતીકાલે વિદ્યાર્થીને અધ્યયન કરતો શખવો પડશે. શિક્ષકે પહેલા પુસ્તકાલય સુધી જવું પડશે અને પછી વિદ્યાર્થીઓને લઈ જવા પડશે. જ્ઞાન મેળવવાની ચાવી શીખવવી પડશે. ડૉ. ગુણવંત શાહ કહે છે, 'શાળાની પ્રાર્થના-સભા શાળાનું હૃદય છે અને શાળાનું પુસ્તકાલય શાળાનું કાળજુ છે.' આવતીકાલે જ્ઞાનનો વિસ્ફોટ થશે, જ્ઞાન માત્ર પુસ્તકાલયો માંથી જ નહી આપી શકાય. પણ ટેલિવિઝન, રેડિયો, સમાચાર પત્રો જેવાં માધ્યમોને વર્ગમાં લાવવાં પડશે. જ્ઞાન વધારે પ્રમાણમાં આપવું પડશે. વિદ્યાર્થીઓ જાતે શીખી શકે તેવા કમ્પ્યુટર કાર્યક્રમ આવી ચૂક્યા હશે. ચોપડીઓ ઉપરાંત નેટવર્ક અને તેના ઉપર આધારીત

ઈલેક્ટ્રોનિક બુક, ઈલેક્ટ્રોનિક મેલ, ટેલિકોન્ફરન્સ અને ગ્લોબલ ક્લાસરૂમ જેવા ઉપકરણો શિક્ષણની સેવામાં શૈક્ષણિક ભૂમિકા ભજવશે. આવનારા દિવસોમાં વિડીયો કોન્ફરન્સથી શિક્ષણ આપવાનું પણ પ્રભાવી બનશે. દેશના સારામાં સારા શિક્ષકો વિડીયો કોન્ફરન્સનાં માધ્યમ દ્વારા એક જ સમયે દેશના જુદા જુદા સ્થાને વિદ્યાર્થીઓને શિક્ષણ આપશે. હવેના વિદ્યાર્થીઓ ભલે વજનદાર દફતર કે હાથમાં ચોપડાઓનાં થોકડાઓને બદલે ટેબલેટ કે અન્ય કોઈ આધુનિક ઉપકરણો સાથે આવશે. શિક્ષક એ માટે પોતાને ઘડવો પડશે. આવા સંજોગોમાં શિક્ષક વધારે સજ્જ આધુનિક અને ટેકનોલોજીના જ્ઞાનથી સમૃદ્ધ થવું પડશે.

આજકાલ ટાઈ-શૂટ બૂટથી સજ્જ શિક્ષકો આપણે જોવા મળે છે. પણ જે ઝડપે ટેકનોલોજીનો પ્રભાવ વધી રહ્યો છે. એ જોતા આવતીકાલે રોબો ટીચર ભણાવતા હોય તો નવાઈ નહીં! ચોંકવાની જરૂર નથી આ દિવસો દૂર હોય તેવું જણાય નથી. પણ તેમ છતાં એટલું તો કહી શકાય કે 'શિક્ષક' એટલે કે 'ગુરુ' ની જરૂર પડશે ભાઈ આવા રોબો ટીચરને બનાવવાય કોઈ માનવ ટીચર તો જોઈશે ને ? યેસ! તો પછી તૈયાર થઈ જાવ આધુનિક જમાનાનાં આધુનિક ટીચર બનવા.

નામ:- રાઠોડ સરદાર. રમેશભાઈ
વર્ગ :- F.Y. B.Ed Sem-1
રો.નં :- 09

શેખ અલીફિયા.
Roll No:-10

## * આદર્શ શિક્ષક. *

વર્ગખંડમાં ભણાવતાં-ભણાવતાં વિદ્યાર્થીને કેળવે, વિદ્યાર્થીને આદર્શ જીવન-કળા પણ શીખવે તેને 'આદર્શ-શિક્ષક' કહી શકાય. આદર્શ શિક્ષક માત્ર આદર્શ વિદ્યાર્થીઓ જ નહિ, ભવિષ્યના આદર્શ નાગરિકોને ઘડી શકે છે. આદર્શ શિક્ષક જ આદર્શ સમાજનું નિર્માણ કરી શકે. આ માટે આદર્શ શિક્ષકે વિદ્યાર્થીઓમાં સારા સંસ્કારનું સિંચન કરવું જરૂરી બને છે.

આદર્શ શિક્ષકનું સૌથી મહત્ત્વનું કર્તવ્ય છે: આદર્શ જીવન જીવવાનું. આદર્શ શિક્ષક એટલે સાદાઈની મૂર્તિ. તે સાદગીભર્યું અને ઉચ્ચ વિચારોથી ભર્યું જીવન જીવે છે. એને માટે આચરણ એ જ ઉપદેશ છે. શિક્ષક પોતાના આદર્શ આચરણથી જ વિદ્યાર્થીઓ પર અમીટ પ્રભાવ પાડી શકે છે. ખાલી ઉપદેશ આપવાથી વિદ્યાર્થીઓ પર કોઈ પ્રભાવ પડતો નથી.

આદર્શ શિક્ષક પૂરી નિષ્ઠાથી તથા ઉત્સાહથી પોતાના કર્તવ્યનું પાલન કરે છે. પોતાના વિષયમાં નિષ્ણાત હોવા છતાં તે વિષયની પૂર્વ તૈયારી કરીને જ વર્ગમાં જાય છે. વિદ્યાર્થીઓને ભણવામાં રસ પડે અને વિદ્યાર્થીઓ સારી રીતે ભણી શકે તેની તે પૂરતી કાળજી રાખે છે.

તે અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન આપે છે. અને હોશિયાર વિદ્યાર્થીઓને આગળ વધવાનું પ્રોત્સાહન આપે છે.

આદર્શ શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને ફક્ત વિષયલક્ષી કે પરીક્ષાલક્ષી શિક્ષણ આપવાને બદલે જીવનલક્ષી કેળવણી આપે છે.

વિદ્યાર્થીઓ અલગ-અલગ રસરુચિ ધરાવનાર હોય છે. આદર્શ શિક્ષક દરેક વિદ્યાર્થીને તેના રસના વિષય અનુસાર માર્ગદર્શન અને વાતાવરણ પૂરું પાડે છે. તે વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ કરી તેને સફળતાથી ઉકેલવા પ્રયત્ન કરે છે.

આદર્શ શિક્ષક વિદ્યાર્થીઓને જુદાં-જુદાં સ્થળોએ પ્રવાસ પર્યટને લઈ જાય છે. તે દર વર્ષે વિદ્યાર્થીઓને જુદાં-જુદાં સ્થળોની ભૌગોલિક પરિસ્થિતિ, લોકજીવન અને લોકસાહિત્યનો પ્રત્યક્ષ પરિચય કરાવે છે.

આદર્શ શિક્ષક વિદ્યાર્થીઓને વર્તમાન પ્રવાહોથી વાકેફ કરે છે. તે વિદ્યાર્થીઓને સ્વાવલંબી બનાવે છે. વિદ્યાર્થીઓ સામાજિક કાર્યમાં રસ લેતો થાય તે માટે તે સફાઈયજ્ઞ, શ્રમયજ્ઞ, પ્રૌઢશિક્ષણ, રક્તદાન જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. તે પૂર, દુષ્કાળ, વાવાઝોડું, ધરતીકંપ જેવી કુદરતી આફતો વખતે વિદ્યાર્થીઓની મદદથી રાહતફાળો એકઠો કરે છે. આથી, વિદ્યાર્થીઓમાં દયા, પ્રેમ, સેવા, સહનશીલતા, જેવા ગુણોનો વિકાસ થાય છે. આમ, આદર્શ શિક્ષક વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સધાય એ માટે પ્રયત્ન કરે છે.

## ડૉ. રાધાકૃષ્ણન ના મતે-

### સાંપ્રત શિક્ષણપ્રથાની ત્રણ ઉણપો-

૧. અત્યારની શિક્ષણપ્રથા અણઘડેલાના માનવીય પુરુષાર્થને તોડી નાખવાનું કામ કરે છે.

૨. માનવીય વૈદુષ્ય (wisdom) ના ઉદ્ગમ સ્થાન સમી સર્જનશીલતાને રુંધવાનું કામ કરે છે.

૩. શિક્ષણકાર્ય પછી જે કાંઈ વિચાર્યું અને કહેવાનું છે તેમાંથી કયું કેટલું ઉત્તમ છે તે વિચારવાનો વિદ્યાર્થીને અવકાશ આપતી નથી.

સંદર્ભ : ભારતીય ચિંતકોનું શિક્ષણ ચિંતન
- શાસ્ત્રી જ્યેન્દ્ર દવે

# "ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ના શિક્ષક વિશેના વિચારો."

આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ એ એક શિક્ષણવિદ્ હતા. તેમણે યુવાનીના ઉંબરેથી માંડીને જ્ઞાનવાન જીવનના અસ્ત સુધી એમનું જીવન ધર્મ અને માનવના હૃદય સુધી પહોંચવામાં વ્યતિત કર્યું હતું. તેમણે યુવાનીકાળની શરૂઆતથી જ શિક્ષણકાર્યની શરૂઆત કરી દીધી હતી.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ને ઈ.સ 1952માં ગણતંત્ર દિવસે ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિનું કપરું કાર્ય સોંપવામાં આવ્યું હતું. આ કાર્ય કપરું હતું પરંતુ કોઈ પણ કાર્ય શિક્ષક એ સારી રીતે કરી શકે છે. પોતાને આપેલી જવાબદારીઓ નિભાવી શકે છે. તેથી આ કાર્ય તેમને સોંપવામા આવ્યુ અને તેને યોગ્ય રીતે તેમણે નિભાવ્યુ. તેથી તેમને રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદના અવસાન થવાથી રાષ્ટ્રપતિ પદે 1962 મા નિયુક્ત કરવામા આવ્યા.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌નું જીવન જ શિક્ષણકાર્યમાં પરોવાયેલું જોવા મળે છે. જેથી તેમના જન્મદિવસને ભારત ભરમા "શિક્ષક દિન" તરીકે ઉજવવામાં આવે છે. આપણા દેશના મહાન શિક્ષણશાસ્ત્રીઓમાના તેઓ એક શિક્ષણશાસ્ત્રી છે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના મતે શિક્ષણને એવા શિક્ષકોની જરૂર છે જેઓ પોતાના અનુકરણીય જીવન દ્વારા વિદ્યાર્થીઓ પર હિતકારી પ્રભાવ પાડી શકે. શિક્ષકો કોમવાદ અને પક્ષપાત પર જઈ, પોતાની પોષક અસર પાડી શકે એ જરૂરી છે. શિક્ષક પોતાના જીવન દ્વારા તેને સોંપાયેલા વિદ્યાર્થીને સદ્‌ગુણ પ્રત્યેના આદર તથા હિંસા અને કુટિલતા પ્રત્યે તિરસ્કારનું શિક્ષણ આપવાનું હોય છે.

તેમના મતે શિક્ષકની પાસે માત્ર પોતાના વિષયનું વૈજ્ઞાનિક જ્ઞાન હોય એટલું પૂરતું નથી. પણ વૈદગ્ધ્ય પણ હોવું જોઈએ. તેથી શિક્ષક એ આધુનિક વલણ અને પ્રગતિશીલ દ્રષ્ટિકોણ દ્વારા વ્યવસ્થિત દિશા તરફ દોરાયેલા હોય એ અતિ આવશ્યક છે.

→ શિક્ષકોને પોતાના કાર્યમાં સફળ થાય તે માટે યોગ્ય પોષક તેમને મળી રહેવું જોઈએ.

→ શિક્ષકોને પોતાના વ્યવસાયમાં ગૌરવ અને પોતાના કાર્યમાં શ્રદ્ધા હોવી જોઈએ.

→ વિદ્યાર્થીઓ 'શિક્ષક કઈ રીતે જીવન જીવે છે' એના દ્વારા વધુ પ્રભાવિત થતા જોવા મળે છે.

→ શિક્ષક વર્ગમાં કેવું ભણાવે છે એના કરતા ઉદાહરણ કેવા આપે છે, એના પર વિદ્યાર્થીનું વધુ ધ્યાન જોવા મળે છે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ એ શિક્ષણવિદ્ સાથે એક ઉચ્ચ કોટીના શિક્ષક પણ હતા. તેથી તેમના માન અર્થે ભારતવરમાં તારીખ ૫/૯/૧૯૬૪ માં પ્રથમ શિક્ષકદિન તરીકે ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે તેઓએ શિક્ષકને નુતનસંદેશ આપતા કહ્યું હતું કે :-

" રાષ્ટ્રના વિકાસમાં શિક્ષકોની ભૂમિકા ઘણી મહત્વની છે; કારણકે નાગરિકતા તેમજ વહીવટની વધતી જતી જવાબદારીઓ ઉપાડી શકે તેવી નવી પેઢીનો આધાર તેમના પર છે. તેથી શિક્ષકો પોતાની ફરજ સારી રીતે બજાવી શકે તે માટે સમાજ અને સરકાર બંનેએ તેમને સલામતીભર્યું જીવન અને કામ કરવાની અનુકૂળતા કરી આપવાની ખાતરી આપવી જોઈએ."

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ જેવા મહાન વ્યક્તિઓ જ્ઞાન પુર્વક કર્મ કરતા હોય છે. અને કર્મ માથીજ જ્ઞાનનો માર્ગ મોકળો કરતા હોય છે. અને આવા મહાન વ્યક્તિએ તારીખ ૧૭ એપ્રિલ ૧૯૭૫ ના રોજ આ દેશ અને આપણા વચ્ચેથી તેમણે વિદાય લીધી.

- દેવેન્દ્ર સોલંકી
- F.Y.B.Ed
- Roll- 11

# તો જ કામની!

ઉષ્મા વગરનો હાથ, આપ્યો તે શા કામનો ?
સ્નેહ વગર સંગાથ, સાધ્યો તે શા કામનો ?
પ્રાણ વગરની દેહ, રહ્યો તે શા કામનો ?
સહી વગર દસ્તાવેજ, થયો તે શા કામનો ?
અમલ વગરનો આદેશ, આપ્યો તે શા કામનો ?
આચરણ વગર ઉપદેશ, વ્યાપ્યો તે શા કામનો ?
શિસ્ત વગરનું સ્વાતંત્ર્ય, મળ્યું તે શા કામનું ?
પુષ્પ વગર ચમન, રચ્યું તે શા કામનું ?
વિવેક વગરનો માનવી, વિકસ્યો તે શા કામનો ?
ઉત્સાહ વગર ઉત્સવ, ઉજવ્યો તે શા કામનો ?
સંયમ વગરનું જીવન, જીવ્યા તે શા કામનું ?
ઘડતર વગર ભણતર, ભણ્યા તે શા કામનું ?
કેળવી જે ના શકે તે કેળવણી માત્ર નામની;
મન, મસ્તિષ્ક અને આત્માને કેળવે તો જ કામની!

- આર. એચ. રાણા

પ્રગતિશીલ શિક્ષણ
અંક-૨, ૦૫ જાન્યુઆરી ૨૦૦૨

# મારા જીવનમાં શિક્ષકનું મહત્ત્વ

શિક્ષક એટલે કલાનો કસબી. કલાનું ઉદ્‌ગમસ્થાન રૂપ છે. 'સા વિદ્યા યા વિમુક્તયે' નું અવતરણ થયું છે. 'મુક્તિ અપાવે તે વિદ્યા' શિક્ષક એ વિદ્યાર્થીનો સર્જનહાર છે. વર્તમાન શિક્ષણ એ બાળકને જીજ્ઞાસુ, ઉત્સાહી અને આત્મા-વિશ્વાસુ બનાવે એ જરૂરી છે.

મારું એ સદ્‌ભાગ્ય છે કે વિદ્યાર્થીકાળમાં મને કેટલાક ઉત્તમ શિક્ષકો મળ્યા. વર્ગના શિક્ષણ-કાર્યથી શિક્ષકોની સજ્જતા, નિષ્ઠા અને અમારા માટેની નિસ્બતની અમને પ્રતીતિ થતી. આવા મારા શિક્ષકો શિક્ષણના ત્રણે સ્તરમાં હતા. તેમાં બધા જ શિક્ષકોની સારી એવી અસર હતી પરંતુ એમાથી સૌથી પ્રભાવક અસર ત્રણ શિક્ષકોની હતી.

શિક્ષણની સાધના કંઈ સસ્તી નથી હોતી,
શિક્ષણની મહેફિલમાં કોઈ મસ્તી નથી હોતી,
ભણવા ભણાવવામાં કોઈ જબરજસ્તી નથી હોતી,
માંગો અને આપો જ્ઞાન તો અજ્ઞાનની હસ્તી હોતી નથી.

જ્યારે પ્રાથમિક શાળામાં હતા, ત્યારે બધા જ શિક્ષકો સાથે આદર્શપૂર્વક વ્યવહાર કરતા હતા, તેમાંથી એક શિક્ષિકા હતી યોગિતાબેન ટંડેલ તેઓ વિશે વિશેષ દૃષ્ટિકોણ હતો. કારણ કે બધી જ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની માહિતી આપતા અને નવી નવી માહિતીઓ

આપીને અમને પ્રેમપૂર્વક સમજાવતા હતા. તેઓની
જ્યારે સ્કૂલમાંથી બદલી થઈ ગઈ હતી, ત્યારે
સૌના ચહેરા નિરાશામાં ડૂબી ગયા હતા.

જ્યારે માધ્યમિક શાળામાં ગયા ત્યારે અમને
બધા જ નવા શિક્ષકો મળ્યા હતા. પરંતુ તેઓ અમને
ક્યારે પણ સ્કૂલ આવવાનું મન ન થાય તેવું
વ્યવહાર કર્યું નથી. સ્કૂલમાં ઇન્સ્પેક્શન થતા હતા.
ત્યારે અમને જે સૌથી પ્રિય શિક્ષક નરેન્દ્ર ભાઈ
હતા. તેઓ બે દિવસ અગાઉથી જ્ઞાનની ગંગા
વહેવડાવવા માંડે છે. ત્યારે અમને ખૂબ જ મજા
આવતી હતી. કારણ કે, તેઓ અંગ્રેજી વિષયના
શિક્ષક હતા. અને અમને અંગ્રેજી આટલું બધું
આવડતું ન હતું છતાં પણ અમારા શિક્ષક
ખૂબ જ સારી રીતે અમને સમજાવતા હતા.
તેથી તે મને સૌથી પ્રિય હતા.

એમની પાસે કેટલું બધું શીખવા મળ્યું.
જે પ્રચ્છન્ન રીતે વ્યક્તિત્વમાં ધરબાયેલું રહ્યું.
અમને નરેન્દ્ર સર પાસેથી જ્ઞાન, સુંદર અક્ષરો,
સ્વાવલંબીપણું, આત્મશક્તિ, સુઘડતા, ધૈર્ય
અને વ્યવસ્થિત તર્કના પાઠ મળ્યા. જ્યારે
માધ્યમિક શાળાના શિક્ષકો દ્વારા ખેલદિલી, રમૂજ,
અભિવ્યક્તિ, વ્યવસ્થા, સ્વયંશિસ્ત અને નેતૃત્વ
જેવા ગુણો શીખવા મળ્યા!

ઉચ્ચતર માધ્યમિક શાળામાં પણ બધા જ
શિક્ષકોનો મહત્વનો ફાળો રહ્યો હતો,

કારણ કે, તે સમય દરમિયાન અમને એક વિદ્યાર્થી તરીકે નહીં પરંતુ એક સમાજના યોગ્ય વ્યક્તિ બનવા માટેનું શિક્ષણ પણ મળતું હતું. ત્યારબાદ કોલેજકાળ દરમિયાન તો અમારા જે પ્રિન્સીપલ હતા, ઘનશ્યામ જુગાણી સાહેબ તેમનો સ્વભાવ એટલા બધા સારા હતા, કે કોઈ પણ વખત કોલેજના કંઈ પણ પ્રસંગમાં તેમનું પ્રવચન બેહદાર રહેતું તેઓ ક્યારેય પણ કોઈ વિદ્યાર્થી કે કોઈ પણ પ્રોફેસર હોય કે પટાવાળો ક્યારે ગુસ્સો કરતા ન હતા. તેમનું વ્યક્તિત્વ જ એમનો પરિચય આપી દે તેવા હતા. તેમને જોઈને અમને ખૂબ જ પ્રેરણા મળી છે.

માતા-પિતા તરફથી મળેલા સંસ્કારોમાં ઉત્તમ શિક્ષકો પાસેથી મળેલાં જ્ઞાન, મૂલ્યો, કૌશલ્યો અજાણપણે પણ કાયમ ઉપયોગમાં આવ્યાં જ છે. જિંદગીની સફરનાં સોપાન એક પછી એક સર કરવામાં તેમનો જ સહારો અને આધાર રહ્યો હશે એમાં શંકા નથી.

વિદ્યાર્થી - અવસ્થામાં શીખવા મળતી બાબતોનું મહત્ત્વ તે સમયે સમજાતું નથી. પરીક્ષા પૂરતું જ ઉપયોગી લાગે છે, લાંબી કારકીર્દિને અંતે જીવનકાર્યમાં તેમની અગત્યતા સમજાય છે. મારી જવાબદારીઓ ઉઠાવવામાં, નિર્ણયો લેવામાં મારા કર્મચારીગણ પાસે કામ લેવામાં, કાર્ય પ્રવર્ત્વા, નીતિના અમલમાં અને પ્રજાના

સંપર્કમાં તે બધાને મદદ કરે છે. સારો ઉપરોક્ત ઉત્તમ શિક્ષક જેવા જ ગણાય. પણ તેમની પાસેથી ઉત્તમ સૂચના એ ગ્રહણ કરવાની શક્તિ પણ વિદ્યાર્થીકાળના શિક્ષકો પાસે મળેલ પાયાના શિક્ષણને જ આભારી હોય છે.

આમ, ગુરુનું મહત્ત્વ જીવનમાં ઘણું જ મહત્ત્વનું ગણાય છે. તેથી જ કહેવાય,

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ : ગુરુર્દેવો મહેશ્વર : ।
ગુરુ : સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરુવે નમ: ।।

અંતે એટલું જ કહેવાય છે કે શિક્ષક વિશે જેટલું લખાય એટલું ઓછું જ છે, તેથી જ શિસ્ત, ક્ષમા અને કલાનો ત્રિવેણી સંગમ એટલે શિક્ષક. શિક્ષક વગરના જીવનની કલ્પના કરીએ ત્યારે શિક્ષણ વગરનું જીવન કેવું બને તેની બધાને જ સમજ છે. તેથી ગુરુનું સ્થાન એ વેદકાળથી જ ઉશ્વરનું ગણવામાં આવ્યું છે.

આપણા રાષ્ટ્રના સમગ્ર શિક્ષણના પાયામાં ભલે વિદ્યાર્થી હોય, પણ એ વિદ્યાર્થી જેવા શિક્ષક હશે તેવા જ બનશે. શિક્ષક એને કહેવાય કે જે પોતાના વિદ્યાર્થીની ચિંતા કરે. કોઈ પણ રાષ્ટ્રનું સ્તર મોટા ભાગે એ દેશના શિક્ષકોની કાર્ય-કુશળતા, યોગ્યતા, નિષ્ઠા, દ્રષ્ટિકોણ અને પ્રતિબદ્ધતા ઉપર આધારિત છે.

—x—

નામ : ટંડેલ જ્યોતિશા બી.
રોલનંબર : 12

# જીવન ઘડતરનો આધાર શિક્ષક

નામ: ચૌધરી નિરજકુમાર યુ.
રોલનં: ૨૩

**પ્રસ્તાવના:-** વિદ્યાર્થીઓનો વિકાસ શિક્ષકોના જ હાથમાં છે એવું ભાર દઈને પણ કહેવામાં આવે તો જરાય અતિશયોક્તિ જેવું નહિં લાગે, કારણ શિક્ષકો જ આપણા સાચા માર્ગદર્શક છે. પારણામાં બાળકો ખીલતા પુષ્પ જેવા હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો શરૂઆતમાં બાળકો પુષ્પની કળીરૂપ હોય છે. શિક્ષકોનું એ કર્તવ્ય બને છે કે તેઓ કળીને પુષ્પમાં રૂપાંતરિત કરવા માટે માળી નું કાર્ય કરે. તેના વિકાસ આડે આવતા અંતરાયોને દૂર કરે. બાળપણમાં આવતી અવરોધોને શિક્ષકો જ સરળતાથી દૂર કરી શકાય છે.

જ્યારે કોઈ પક્ષીનું બચ્ચું ઊડતા શીખે છે ત્યારે તેની આસપાસ રહી પણ બધા પંખીઓ તેને ઊડવાનું શીખવે છે. શિક્ષકનું કામ પણ કંઈક આવું જ છે. વિદ્યાર્થીને સફળતાની ઊંચી ઉડાન ભરવામાં શિક્ષકો એ જ આગળ રહેવાનું છે.

જ્યારે આપણો કોઈ વિદ્યાર્થી સ્પર્ધાઓમાં, સ્પોર્ટ્સમાં ભાગ લઈ વિજય બને, પ્રથમ ઇનામ પ્રાપ્ત કરે, ત્યારે આપણને અનેરો આનંદ પ્રાપ્ત થતો હોય છે. જ્યારે કોઈ દરેકપૂર્ણ વિદ્યાર્થી વર્ષો પછી આપણને મળવા આવે, ઉચ્ચમાં ઉચ્ચ પદ પ્રાપ્ત કરી લીધા બાદ પણ ચરણસ્પર્શ કરવાનો ભાવ ન અનુભવે ત્યારે આપણું હૃદય આનંદથી છલકાઈ ઉઠે છે. આપણાને મનોમન થાય છે કે મારું જીવન, મારું શિક્ષકત્વ સાર્થક થયું. આપણે સીંચેલ વિદ્યાર્થીઓ જીવનમાં યશ-કીર્તિ પ્રાપ્ત કરે એના જેવો આનંદનો બીજો કોઈ પ્રસંગ એક કર્તવ્યનિષ્ઠ શિક્ષક માટે ન હોય શકે છે.

આભાર

આથી કે વિદ્યાર્થીઓ જ્યાં સુધી પોતાનું ધ્યેય સિદ્ધ કરી ના લે, અને કારકિર્દીનું ઘડતર ન થઈ જાય ત્યાં સુધી શિક્ષકોએ કદીયે આરામ લેવો જોઈએ નહિ. વિદ્યાર્થીઓની સફળતા એ જ શિક્ષકના પરિશ્રમનો સાચો સાર છે. એક કર્તવ્યનિષ્ઠ શિક્ષક જ વિદ્યાર્થીઓનું ભાવિ ઘડતર કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

કુંભાર માટીના ઘડા બનાવતી વખતે દરેક ઘડા ને પૂર્ણ જ ધ્યાનપૂર્વક બનાવે છે. અને એ વાતનુ ધ્યાન રાખે છે કે કોઈ ઘડો કાચો તો નથી રહી ગયો ને ? એવી જ રીતે એક કુંભકાર શિક્ષક પણ પોતાના વિદ્યાર્થી ના જીવન કારકિર્દીના ઘડતરમાં પાછળ ન રહી જાય એનું ધ્યાન રાખીને એક સારા નાગરિક રૂપે બનાવવો જોઈએ. એજ એક સાચો કુંભકાર શિક્ષક છે.

શિક્ષકના વ્યક્તિત્વ દ્વારા જ વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ ઘડાય છે. માટે શિક્ષકે પોતાના આચાર-વિચાર અંગે સતત સાવધાની રાખવી જોઈએ. શિક્ષક જ્યાં ચાલે ત્યાં શિક્ષણ જાય છે. આથી તે સ્વયં વિદ્યાર્થીઓ માટે દૃષ્ટાંતરૂપ છે એવું માની વર્તન-વ્યવહાર કરવો જોઈએ. શિક્ષકે ક્યારેય પોતાની સ્વાર્થવૃત્તિ માટે વિદ્યાર્થીનો ભોગ લેવો જોઈએ નહિ. પોતાના હિત માટે અન્યોના હિતને જોખમમાં મૂકવું જોઈએ નહી. જીવન ઘડતર માં શિક્ષક નો એક મહત્વ ફાળો હોય છે. શિક્ષક તેમના વિદ્યાર્થીઓના પાલનહાર બને છે ત્યારે જ તેઓ એક સમર્થ શિક્ષક બની શકે છે.

## વિદ્યાર્થી ના જીવનમાં

આત્મવિશ્વાસ અને આત્મસન્માન જગાડવાનું કાર્ય પણ શિક્ષકોનું જ છે. શિક્ષક જ બાળકોને તેમના લક્ષ્યનો યોગ્ય માર્ગ ચીંધી શકે છે. વિદ્યાર્થીઓ જીવન દરમિયાન પ્રાપ્ત કરેલી નાની-મોટી સિદ્ધિ બાળકના ભાવિ ઘડતર માટે ઘણી જ ઉપયોગી થઈ પડે છે. બાળકો હકારાત્મક ચિંતન તરફ વળે છે. અને સફળતાના માર્ગમાં ક્યારેક નિષ્ફળતા મળી જાય તો પણ નિરાશા અનુભવતા નથી.

ટૂંકમાં કહીએ તો બાળકોને ચારિત્ર્યવાન, દયાળુ, મિત્ર, સમજદાર, મદદગાર અને હૃદયના ચોખ્ખા હોય એવા શિક્ષકો બહુ ગમે છે. વિદ્યાર્થીઓના વિચારોને સ્વીકારનાર, વિદ્યાર્થીઓની પ્રત્યેક સમસ્યાઓનું સમાધાન લાવનાર શિક્ષકો વિદ્યાર્થીઓના માત્ર પ્રિય જ નહિ પરંતુ પૂજ્ય બની જતા હોય છે. આથી વિદ્યાર્થીઓના જીવન ઘડતર માં એક શિક્ષક નો ખૂબ જ મહત્વપૂર્ણ ફાળો હોય છે. એક શ્રેષ્ઠ શિક્ષક, કાર્યનિષ્ઠ શિક્ષક જ વિદ્યાર્થીના જીવનમાં-ઘડતરનો મુખ્ય આધાર છે.

— x — x —

# 'શિક્ષક દિનનો મહિમા'

નામઃ યાદવ પાયલબેન વી.
રો.નં: ૧૪

"જે તમારો હાથ પકડે છે, મગજ ખોલે છે.
.... અને હૃદયને સ્પર્શી જાય છે તે જ શિક્ષક છે."

શિક્ષક દિન શિક્ષકોના માનમાં ઉજવાતો દિવસ.

શિક્ષક દિન વિશ્વમાં શિક્ષકોના માનમાં ઉજવવામાં આવતો દિવસ છે, જે ૫ સપ્ટેમ્બરના રોજ વિશ્વ શિક્ષક દિન તરીકે મનાવાય છે. ભારતમાં શિક્ષક દિન દર વર્ષની ૫ સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવે છે. આ દિવસ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ છે, જેને તેમની યાદમાં ભારતમાં શિક્ષક દિન તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન રાષ્ટ્રપતિ બનતા પહેલાં તેમની કારકિર્દીમાં સૌપ્રથમ ચેન્નઈની પ્રેસિડેન્સી કૉલેજમાં મલયાલમ ભાષાના શિક્ષક તરીકે નિમણૂક પામ્યા હતાં.

"शिक्षक कभी साधारण नहीं होता,
प्रलय और निर्माण उसकी गोद में पलते हैं...."

શિક્ષક...... શિક્ષા કરે એનું નામ શિક્ષક. પહેલા એ વાતનો ખુલાસો અહીં જરૂરી બને છે. આજે અને આમ આ વિષય પર લખતાં પહેલાં કે જો કોઈને મારો લેખ વાંચતા એવું લાગે કે હું બસ શિક્ષકો તરફ પક્ષપાતી બની રહી છું. તો અહીં એવું નથી. અહીં શિક્ષક દિનની મહિમા વિશે લખવામાં આવ્યું છે.

"गुरु गोविंद दोनों खडे, के को लागु पाय ?
बलिहारी गुरु आपकी, गोविंद दियो दिखाय......"

દુનિયામાં સૌથી વધુ જો પૂજનીય હોય તો તે છે આપણી મા, પછી પિતા, પછી ગુરુ અને છેલ્લે ઈશ્વર. મિત્રો માતા-પિતા આપણને જન્મ આપે છે, ઉછેરે છે. પણ જીવન જીવતા અને જીવનમાં આગળ વધતાં તો ગુરુ જ શીખવે. જીવનમાં આવનારી મુશ્કેલીઓનો સામનો કેમ કરવો, તે મુશ્કેલીઓ પર વિજય કેમ મેળવવો, કઈ રીતે પોતાનાથી નિર્બળનો ઉપહાસ અને પોતાનાથી સબળનો નિરાદર ક્યારેય ન કરવો.... આ બધી વાત ગુરુ જ આપણને શીખવે છે.

મિત્રો, મા-બાપ પછી જીવનમાં ગુરુનું સ્થાન સર્વશ્રેષ્ઠ છે. અરે પ્રભુ ભગવાન એના પગે પડતા હોય તો હું અને તમે શું?

શિક્ષકદિનનાં દિવસે શ્રેષ્ઠ શિક્ષકને રાષ્ટ્રપતિનાં હસ્તે સન્માનિત કરવામાં આવે છે. આ દિવસે શાળાઓમાં સ્વયં શિક્ષક દિનની ઉજવણી પણ કરવામાં આવે છે. જેના અંતર્ગત વિદ્યાર્થીઓ એક દિવસ માટે શિક્ષક બનીને વર્ગમાં અભ્યાસ કરાવે છે. જેનાંથી વિદ્યાર્થીઓમાં નાનપણથી જ નેતૃત્વનાં ગુણ ખીલે છે. તેમજ વિદ્યાર્થીઓ શિક્ષકોનાં ઉતરદાયિત્વને સમજે અને જાણે કે શિક્ષક થવું કેવું અઘરું છે. આમ, સંસ્કૃતિનાં સંસ્કાર - આપતાં શિક્ષકોનું ગરવું પર્વ એટલે 'શિક્ષક દિન'.

૫ સપ્ટેમ્બર એટલે 'રાષ્ટ્રીય શિક્ષક દિન' મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મ-દિવસ આપણે ત્યાં શિક્ષક દિન તરીકે ઊજવાય છે. મિત્રો તમારા માનસપટ પર કોઈ શિક્ષક પોતાના અસરકારક વ્યક્તિત્વની અમીટ છાપ છોડી જાય છે. તેને તમે જિંદગીભર ભૂંસી નથી શકતા. આવા શિક્ષકો પ્રત્યે તમારો આદરભાવ વ્યક્ત કરવાનો ખાસ દિવસ છે 'શિક્ષક દિન'.

ગુરુનો મહિમા ગાતા શ્રી વિનોબા ભાવે તેઓ કહે છે, "શીલવાન સાધુ હોય છે, પ્રજ્ઞાવાન જ્ઞાની હોય છે અને કરુણાવાન પણ હોય છે, પરંતુ ગુરુ તો સાધુ, જ્ઞાની અને આ ત્રણેય હોય છે. ગુરુ શબ્દનો ભાવાર્થ મારી દ્રષ્ટિએ કહું તો,

ગુ: એટલે ગુણવાન
રુ: એટલે ઋષિ

તો ગુરુનો અર્થ થયો ગુણવાન ઋષિ.

"આ જગતમાં ચંદન શીતળ છે,
ચંદન કરતાં ચંદ્રની ચાંદની વધુ શીતળતા આપે,
ચંદન અને ચંદ્રમાંની ચાંદની કરતાં પણ
ગુરુની સંગતિ વધુ શીતળતા આપે છે."

"ગુરુ વિના જ્ઞાન ન ઊપજે,
ગુરુ વિણ મળે ન ભેદ,
ગુરુ વિણ સંશય ના ટળે,
જય જય જય ગુરુદેવ."

"ભીતરથી ભલી હાથ પસારે,
ઉપર મારે ચોટ."

"सद्गुरू ऐसा किजीए,
जैसे पुनम की चंद्र,
तेज करे पर तपे नही
उपजावे अति आनंद....."

आवो आ दिवसे सहु सहुनां गुरुने याद करीए अने वंदन करीए. कारण के आजे आपणे जे कंई सफळ होईए एमां आपणां गुरुनी शिक्षणनी महेनत छे.

- jignesh1976.blogspot.com

# "શિક્ષક ગઈકાલ, આજ અને આવતીકાલ"

Name: Patel Rekha R
Roll No: 15

"शिक्षक कभी साधारण नहीं होता,
प्रलय और निर्माण उसकी गोद में पलते है."

૬ મી સપ્ટેમ્બરે શિક્ષક દિન નિમિત્તે વિશેષ

આપણે ત્યાં ગુરુનો ખૂબ મોટો મહિમા છે. ગુરુને આપણે ઈશ્વર કરતાં પણ મોટા ગણ્યા છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની સાથે આપણે ગુરુની પણ સરખામણી કરી છે. ઈતિહાસ ગવાહ છે કે ગુરુએ વ્યક્તિઘડતરમાં ખૂબ ફાળો આપ્યો છે. સમયાંતરે ગુરુમાંથી માસ્તર, શિક્ષક અને ટીચર એવાં નામો બદલાતા રહ્યાં છે. પણ એનો મહિમા અને કાર્ય નથી બદલાયું. હજુ આજે પણ શિક્ષક યાને કે ટીચરના હાથમાં સમાજની ધુરા રહેલી છે. શિક્ષક વિદ્યાર્થીના સારા માર્ગદર્શક છે.

આ દેશે અનેક મહાન શિક્ષકોને જન્મ આપ્યો છે. એમાં ઉત્તમોત્તમ શિક્ષક એટલે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન. શિક્ષણક્ષેત્રે શ્રી રાધાકૃષ્ણનના અભૂતપૂર્વ પ્રદાનના ગૌરવરૂપે તેમના જન્મદિન ૬ મી સપ્ટેમ્બરને ભારતવર્ષમાં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. આ શિક્ષક દિન નિમિત્તે ગઈકાલ આજ અને આવતીકાલના શિક્ષકોની વાત....

થવાની ક્ષમતા રહેલી છે. એમ દરેકે દરેક વિદ્યાર્થીમાં મહાન બનવાની લાલાયલી અને ક્ષમતા રહેલી છે. શિક્ષક એવો હોવો જોઈએ કે એ ક્ષમતા પારખી શકે છે. કે વિદ્યાર્થીનાં પોકાર સાંભળી શકે અને મૂર્તિ, મહામાનવનું ઘડતર કરી લે જ એ સમાજનો સાચો ઘડવૈયો કહેવાશે ...

આદિ- અનાદિ પર્વોથી આપણે ત્યાં ગુરુનું મહત્ત્વ ચાલ્યુ આવે છે. ગુરુ એટલે "ગુ" અને "રુ" નો સરવાળો "ગુ" એટલે અંધકાર, અજ્ઞાનતાનો અંધકાર અને "રુ" એટલે પ્રકાશ જ્ઞાનનો પ્રકાશ. જે વ્યક્તિ આપણને અજ્ઞાનતાના અંધારામાંથી જ્ઞાનના પ્રકાશ તરફ દોરી જાય એ ગુરુ છે. અજ્ઞાનતા નષ્ટ કરનાર જે બ્રહ્મરૂપ પ્રકાશ છે તે ગુરુ છે.

ગુરુને આધુનિક જમાનામાં આપણે વિવિધ નામોથી ઓળખીએ છીએ. માસ્તરજી અને શિક્ષકથી લઈને ટીચર સુધી અનેક નામો ગુરુને અપાયા છે. આ ગુરુ આપણા અજ્ઞાનનું અંધારુ દૂર કરી પ્રકાશ રેલાવે છે અને આપણે સૌ જાણીએ છીએ કે એકવાર અજ્ઞાનનું અંધારુ દૂર થયા પછી બધા જ પ્રકારની મુશ્કેલીઓનો અંધકાર દૂર થઈ જતા વર્ષો છે એટલે જ આપણે ત્યાં ગુરુને ભગવાન કરતાં પણ વિશેષ દરજ્જો આપવામાં આવ્યો છે. એટલે જ કબીરજીએ ગાયું છે કે ...

"શિક્ષક ધારે તો મકાનમાં પણ પ્રાણ પૂરી શકે છે"

શિક્ષક એના વિદ્યાર્થીઓને દેશ માટે મરતાં અને દેશ માટે જીવતાં શીખવી શકે છે. શિક્ષક એ શક્તિ છે કે મકાનમાં પણ પ્રાણ પૂરી શકે છે. અને નિર્જીવને પણ સજીવ કરી શકે છે. શિક્ષક પાસે એ તાકાત છે કે એ સમગ્ર દેશને ધારે તો મોડ પર, ધારે તો ઊંચાઈ પર સ્થાપિત કરી શકે છે.

"શિક્ષક માનવીને તરાશીને મહાપુરુષ બનાવે છે"

વિશ્વભરમાં જેટલા પણ મહાપુરુષો થયા છે, જે પણ લોકો આજે પ્રખ્યાત છે કે વિખ્યાત છે, એ લોકોના જીવનમાં ક્યાંક ને ક્યાંક એમના શિક્ષકનો ફાળો બહુ જ મહત્વનો રહેલો છે. ભારતના મહાપુરુષોની વાત કરીએ તો લાલ બહાદુર શાસ્ત્રી, સુભાષચંદ્ર બોઝ, સ્વામી વિવેકાનંદ, બાલ ગંગાધર તિલક, સરદાર પટેલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, ભગતસિંહ, મહાત્મા ગાંધી વગેરે ---- જેવા અનેક મહાનુભાવો છે. જે વિશ્વવિખ્યાત છે. અને સમાજ માટે કંઈક કરી છૂટ્યા છે. આ બધા જ મહાનુભાવોના જીવનમાં શિક્ષકનો પ્રભાવ એમના ભવિષ્યના નિર્માણના જોવા મળે છે.

શિક્ષક એ મરજીવા છે જે દુનિયા નામના આફાટ દરિયાના તળિયે છુપાયેલા મોતીને શોધી કાઢે છે. જેમ એક શિલ્પી પથ્થરને કોતરીને એમાંથી મહાપુરુષ બનાવે છે. જેમ દરેક દરેક પથ્થરમાં મૂર્તિ

"ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગું પાય!
બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાય!

અર્થાત્ ગુરુ જ એ વ્યક્તિ છે જે આપણને ઈશ્વર જેવા ઈશ્વરનો પણ ભેટો કરાવી શકે છે. આપણા શાસ્ત્રો, ગ્રંથો અને વેદોએ પણ ગુરુના મહિમાંના ખૂબ જ ગુણગાન ગાયાં છે. પુરાણોમાં ગુરુનો મહિમાં સૌથી વિશિષ્ટ અને વિશેષ રીતે વર્ણવ્યો છે. ગુરુને સૌથી ઉચ્ચ દરજ્જે બિરાજમાન કર્યા છે. અને કહેવાયું છે કે...

ગુરુ: બ્રહ્મા, ગુરુ: વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વર:
ગુરુ: સાક્ષાત પરબ્રહ્મ:, તસ્મૈ શ્રી ગુરુવે નમ:
ગુરુ: મોક્ષનો સાચો રાહ બતાવનાર ભોમિયો છે.
ગુરુ: માત્ર માર્ગદર્શક નથી એ મોક્ષસર્જક પણ છે.

## શિક્ષણની આજ

સમાજ પરિવર્તન શીલ છે. સમાજ બદલતાં સમાજમાં મૂલ્યો પણ બદલાવા લાગ્યા અને મૂલ્યો બદલાતાં કાળક્રમે પ્રાચીન ગુરુપ્રથા તૂટતી ગઈ અને સમયની સાથે શિક્ષણની પ્રથામાં પણ આમૂલ પરિવર્તન આવતું ગયું. મધ્યકાલીન યુગમાં ગુરુકુળોનું સ્થાન પાઠશાળાઓએ લીધું. આમ પાઠશાળાઓ દ્વારા શિક્ષણ આપવાની પ્રથા ચાલુ થઈ ત્યાર બાદ ધીરે-ધીરે અંગ્રેજી કેળવણીનો પ્રારંભ

પલાં કાળની શિક્ષણ પ્રથા અસ્તિત્વમાં આવી. વડના ઓટલા નીચે બેસી વિદ્યાઅભ્યાસ કરાવતાં ગુરુઓને સ્થાને હવે એ.સી ક્લાસમાં બેસી ગ્રીનબોર્ડ અથવા કમ્પ્યૂટર એલ.ઈ.ડી. સ્ક્રીન પર સિલેબસ ચલાવનાં શિક્ષકો આવ્યા છે. શિક્ષક દ્વારા શિક્ષક કહેવાયો એટલે શિક્ષણ કહેવાયું છે. "સમગ્ર જીવન જીવી શકે એવી સુસંવાદી વ્યક્તિઓ પેદા કરવી એ શિક્ષકનું સર્વોત્તમ કાર્ય છે.

## શિક્ષણની આવતીકાલ

ગઈકાલના અને આજના શિક્ષણ ઉપર અનેક પ્રહારો થઈ રહ્યા છે. આજની શાળા મહાશાળાઓને કતલખાનાં કહેનારા વિચારકો છે. વિદ્યા દામમાં આપવાની ચીજ છે, પણ આજના કેટલાક શિક્ષકો રીતસરની હાટડી માંડીને બેઠા છે મુઠ્ઠીભર આવા શિક્ષકોએ 'ગુરુ'ની છબીને ખંડિત કરી છે. તેના કારણ ખૂબનાં 'શિક્ષક' અને શિક્ષણ પ્રથાના વિરોધ થઈ રહ્યા છે. આજનો શિક્ષક ગોખણીયા બન્યા છે. જ્ઞાનનો અભાવ છે તે બધામાં બદલાવ આવશ્યક છે. આવતીકાલના વિદ્યાર્થી સાથે કામ કરવું હશે તો શિક્ષકે જ્ઞાન સમૃદ્ધ બનવું પડશે. આવતીકાલે વિદ્યાર્થીને સતત અધ્યાપન કરતા રહેવું પડશે.

એટલે તો આત્રે ગીરવાએ કહ્યું છે---- પુસ્તકાલય એ નિશાળ અને વિદ્યાપીઠનું એક આવશ્યક આથી છે. હું તો એટલે સુધી કહીશ કે કેળવણી એ તો પુસ્તકાલયોના દરવાજાની ચાવી છે. એટલે શિક્ષક પહેલા પુસ્તકાલય સુધી જવું પડશે અને વિદ્યાર્થીઓને લઈ જવા પડશે.

શિક્ષકના સ્વરૂપો ઉત્તરોત્તર બદલાયા છે. એ આપણે જોયું ધોતી, ખેસ અને માળા ધારણ કરેલ ગુરુથી માંડી, બંડી અને ચશ્માવાળા માસ્તર, ત્યારબાદ પેન્ટ-શર્ટ પહેરેલાં શિક્ષક ને આજકાલ ટાઈ-શૂટ-બૂટથી સજ્જ શિક્ષક આપણને જોવા મળે છે. પણ જે ઝડપે ટેક્નોલોજીનો પ્રભાવ વધી રહ્યો છે. એ જોતા આવતી કાલે રોબો-ટીચર ભણાવતા હોય તો નવાઈ નહીં? કે શીખવાની જરૂર નથી આ દિવસો દૂર હોય એવું જણાય નથી. આજે આર્ટિફિશિયલ ઇન્ટેલીજેન્સની બોલબાલા વધી છે. તાજેતરમાં જ આર્ટિફિશિયલ ઇન્ટેલીજેન્સે એક અત્યંત બુદ્ધિશાળી માનવને ચેસમાં હરાવ્યો. આ જોતા રોબો-ક્લાસ એવં રોબો ટીચર પણ શક્ય છે, પણ તેમ છતાં એટલું તો કહી શકાય કે 'શિક્ષક' યાને કે 'ગુરુ' ની જરૂર પડશે. બાકી! આ રોબો-ટીચરને બનાવનાર કોઈ માનવ-ટીચર તો હશે ને?

યેસ!

તો પછી તૈયાર થઈ જાવ આધુનિક જમાનાના આધુનિક ટીચર બનવા.

" माता देती हैं जीवन
पिता देतें हैं सुरक्षा
पर शिक्षक सिखाता हैं
जीना; जीवन एक सच्चा "

- www.sadhanaweekly.com

Patel Rekha R.
Roll No: 15
Method: Hindi

2018-19

# શિક્ષકની ભૂમિકા અને જવાબદારી

નામ:- શેખ હિનાબેન એસ.
રોલ નં:- ૨૫

શિક્ષક પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન હોવો જોઈએ. પ્રવર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકા બદલાઈ રહી છે. શિક્ષકે માત્ર ભાષણ સ્વરૂપે માહિતી જ આપવાની નથી, પરંતુ વિદ્યાર્થીઓને સમૃદ્ધ અને અસાધારણ શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાનાં છે.

આજના સમયમાં શિક્ષણ પડકારરૂપ છે, કારણ કે રાષ્ટ્રની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સ્વાસ્થ્યની જવાબદારી શિક્ષકની છે ત્યારે શિક્ષકે વિદ્યાર્થીમાં માર્ગદર્શક, મિત્ર અને ફિલોસોફર તરીકેની ભૂમિકા અદા કરવી જોઈએ. શિક્ષણ એ શૈક્ષણિક વ્યવસાય જ છે.

## Teacher as a Counseller and a guide :-

આજે શિક્ષણ વર્ગની ચાર દિવાલોમાંથી બહાર આવીને ઘર, સમાજ અને વિશ્વમાં વિસ્તરી ગયું છે. ત્યારે વિદ્યાર્થીઓ માત્ર નિષ્ક્રિય શ્રોતાઓ નથી. આજે શાળામાં વિદ્યાર્થી ખાલી મગજ સાથે આવતો નથી, કારણ કે વિવિધ માધ્યમો ટીવી, રેડિયો, સમાચાર પત્ર અને ચલચિત્રો દ્વારા અનેકવિધ જ્ઞાન પિરસાઈ રહ્યું છે. ત્યારે વિદ્યાર્થીઓ વિવિધ પ્રશ્નો, મૂંઝવણ અને શીખવાનો ઉત્સાહ સાથે શાળાએ આવે છે. આવા સંજોગોમાં શિક્ષકે માત્ર માહિતીનાં મશીનગનથી વિદ્યાર્થીઓનાં માનસિક ભારને વધારવાનો નથી, પરંતુ વર્ગખંડમાં

એવું વાતાવરણ ઊભું કરવાનું છે જેમાં વિદ્યાર્થી જાતે શીખતો થાય એટલે કે શિક્ષકે અહીં સુવિધાકર્તા તરીકે વર્તવાનું છે. તેના માટે શિક્ષકે ચીલાચાલુ લેક્ચર મેથડના બદલે પ્રોજેક્ટ, ચર્ચા, ગ્રુપ વર્ક, ક્ષેત્રિય મુલાકાત, પ્રવાસ પદ્ધતિ સ્વીકારવી જોઈએ.

ઉદા.ત. :- "આપણા વ્યવસાયકાર" પાઠમાં ચિત્રની મદદથી 'કુંભાર' ની માહિતી આપવાને બદલે કુંભારના ઘરે વિદ્યાર્થીઓને લઈ જવા અને નિરીક્ષણ અને પ્રત અનુભવથી વિદ્યાર્થીઓ કુંભારનું કાર્ય, ઉપયોગ થતાં સાધનોથી વાકેફ બને અને તે જ્ઞાન ચિર સ્થાયી બનાવે. જે શિક્ષક સુવિધાકર્તા તરીકે વર્તશે તો વિદ્યાર્થીઓમાં શીખવાનો ઉત્સાહ અનેરો જોઈ શકાય છે.

Teacher as a classroom Manager :- દરેક વ્યક્તિના જીવનમાં શાળાના સંભારણા યાદગાર બની રહે છે. આપણે જો યાદ કરીએ તો આપણા જીવનમાં કેટલાક શિક્ષક આપણને આદર્શરૂપ બને છે તેવા શિક્ષકો પોતાનામાં રહેલા ગુણોને કારણે વિદ્યાર્થીઓને પ્રભાવિત કરે છે. શિક્ષકે કાઉન્સેલર તરીકે વિદ્યાર્થીઓના શિક્ષણ, શાળા પર્યાવરણ, મિત્રો અને કુટુંબને લગતા પ્રશ્નો જાણી તેને દૂર કરવા વિદ્યાર્થીઓનું કાઉન્સીલિંગ કરવું. સલાહકાર તરીકે શિક્ષકે લાગણીશીલ, પ્રેમાળ બનવું અને વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવી તેમના મિત્ર બનવું.

જો શિક્ષક વિદ્યાર્થીઓનાં વ્યક્તિગત ગુણો અને ભાવથી પરિચિત બને તો કોઈપણ વિદ્યાર્થીનાં ર્તનમાં અપેક્ષિત ફેરફાર લાવી શકાય છે.

Date : / / Page :

ઉદાહરણ તરીકે તોફાની બાળકો તેમના તોફાનો માટે શાળામાં ભણીતાં હોય છે.

એક વાર એક તોફાની વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીઓ સાથે શાળાએથી ભાગી જઈ ફિલ્મ જોવા ગયો. બીજા દિવસે શાળામાં પ્રાર્થનાં સમય દરમિયાન તે વિદ્યાર્થીને શાળામાંથી નાસી જવાનું કારણ પુછવામાં આવ્યું તે વિદ્યાર્થીએ સાચુ જ કારણ આપ્યું. આવા સંજોગોમાં સામાન્ય રીતે શિક્ષકો વિદ્યાર્થીને સજા ફટકારતા હોય છે. પરંતુ અહીં શિક્ષકે વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની સજા કર્યા વિના તેની સાચું બોલવાની બાબતને જાહેરમાં બિરદાવી અને ત્યારબાદ વિદ્યાર્થીને અંગત રીતે બોલાવી શાળાએથી ભાગી ન જવા માટે પ્રેમથી સમજાવ્યું.

પરિણામ સ્વરૂપે વિદ્યાર્થીએ આજીવન સત્યનો રસ્તો અપનાવ્યો. શિક્ષકે હંમેશા વિદ્યાર્થીઓની ભુલ બદલ સજા ન કરતાં તેમને એક વાર સુધારવાની તક આપવી જોઈએ.

વર્ગખંડ વ્યવસ્થાપન એટલે તમે શાળામાં વિદ્યાર્થીઓ સાથેનો સમય વધુ અસરકારક બનાવવો તે અસરકારક વર્ગ વ્યવસ્થાપન માટે કેટલાક મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઈએ.

Always start Positively &

હકારાત્મક અને આનંદદાયી અભિગમ હંમેશા વિદ્યાર્થીઓ પર હકારાત્મક અસર ઊભી કરે છે.

# ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું જીવન

નામ: વસાવા જશોદાબેન વિક્રમભાઈ
રોલ નં: ૧૭

૫મી સપ્ટેમ્બર આપણે સર્વે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનાં જન્મ-દિવસને "શિક્ષક દિન" તરીકે ઉજવીએ છીએ. ડૉ. રાધાકૃષ્ણન એક મહાન ફિલોસોફર અને શિક્ષક હતા. તેમણે એકવાર કહ્યું હતું કે -
"હું પહેલા શિક્ષક છું, અને પછી રાષ્ટ્રપ્રમુખ છું."

રાધાકૃષ્ણનનો જન્મ ૫ સપ્ટેમ્બર, ૧૮૮૮ના રોજ તમિલનાડુના તિરુતાનીમાં થયો હતો. બાળપણથી જ રાધાકૃષ્ણન ભણવામાં હોશિયાર હતાં. ૧૯૦૬માં મદ્રાસ કોલેજમાંથી તેમણે ફિલોસોફીના વિષયમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. તેઓ જ્યારે વીસ વર્ષના હતા ત્યારે જ તેમણે માસ્ટર ડિગ્રી માટે તૈયાર કરેલા શોધનિબંધથી તેમના પ્રોફેસર ખુબ જ પ્રભાવિત થયા હતા. તેમનો શોધનિબંધ વીસ વર્ષની ઉંમરે પ્રકાશિત થયો હતો. ફિલોસોફીનો વિષય તેમને પસંદ ન હતો, પરંતુ તેમના દૂરના એક ભાઈ કે જે તેમની શાળા અને કોલેજમાં ભણતા હતા. એ ફિલોસોફીનાં પુસ્તકો રાધાકૃષ્ણનને આપતા. રાધાકૃષ્ણન સમય પસાર કરવા માટે તે વાંચતા અને આ રીતે ફિલોસોફીમાં તેમનો શોખ કેળવાયો હતો.

૧૯૦૯માં રાધાકૃષ્ણને ફિલોસોફીના અધ્યાપક તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. કૉલેજની નોકરીની સાથે સાથે તેઓ લેખનકાર્ય પણ કરતા. કેટલાક સંપુત સામયિકોમાં તેઓ ફિલોસોફી પર લેખ લખતા. તેમના સૌથી પહેલા પુસ્તકનું નામ 'ધ ફિલોસોફી ઓફ રવીન્દ્રનાથ ટાગોર' હતું. ૧૯૨૬માં હાવર્ડ યુનિવર્સિટી ખાતે તેમણે ઈન્ટરનેશનલ કોંગ્રેસ ઓફ ફિલોસોફીમાં તેમણે કોલકાતા યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૧૯૪૭માં ભારત આઝાદ થયું ત્યારે તેઓ યુનેસ્કો ખાતે ભારતના પ્રતિનિધિ તરીકે કાર્યરત હતા. જ્યારે ૧૯૪૯થી ૧૯૫૨ દરમિયાન તેઓ સોવિયેત યુનિયન ખાતે ભારતના રાજદૂત રહ્યા હતા. ૧૯૫૨માં તેમની વરણી ભારતના રાષ્ટ્રપતિ તરીકે કરવામાં આવી હતી. જ્યારે તેઓ ભારતના રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેમના મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા તેમના જન્મદિવસની ઉજવણી કરવા માટે ઉત્સાહ બતાવવામાં આવ્યો હતો.

એકે રાધાકૃષ્ણને પોતાના જન્મદિવસને શિક્ષકદિન તરીકે ઉજવવાનું સૂચન કર્યું હતું. બસ, ત્યારથી તેમનો જન્મદિવસ ભારતમાં શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે. ડૉ. રાધાકૃષ્ણનને તેમના સેવાકાર્ય માટે કેટલાક બ્રિટિશ અને ભારતીય ઈલકાબોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૫૪માં તેમને ભારતરત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૭૫માં ઑક્સફર્ડ યુનિવર્સિટીએ તેમને ટેમ્પલટન એવોર્ડથી નવાજ્યા હતા. ઈનામમાં મળેલી બધી જ રકમ તેમણે યુનિવર્સિટીને દાનમાં આપી દીધી હતી. ત્યારથી ૧૯૮૯માં ઑક્સફર્ડ યુનિવર્સિટીએ ડૉ. રાધાકૃષ્ણનની યાદમાં સ્કોલરશિપ આપવાની શરૂઆત કરી છે.

ડૉ. રાધાકૃષ્ણન દેશ દુનિયામાં ફિલોસોફર પ્રેસિડેન્ટ તરીકે જાણીતા છે. વર્ષો પહેલાં ફિલોસોફર પ્લેટોએ લખેલું કે આદર્શ રાજ્ય એ કહેવાય જ્યાં રાજા દાર્શનિક હોય. ડૉ. રાધાકૃષ્ણન રાષ્ટ્રપતિ બન્યા એટલે એ વાત થોડી-ઘણી સાચી સાબિત થઈ. ~~રાધાકૃષ્ણન રાષ્ટ્રપતિ બન્યા એટલે એ વાત થોડી-~~ રાધાકૃષ્ણનનો જન્મ ૧૮૮૮માં આંધ્રપ્રદેશના ધાર્મિક શહેર તિરુતનીમાં થયેલો. તેમના પિતા સર્વપલ્લી વીરાસ્વામી અને માતા સીતામ્મા ગરીબ બ્રાહ્મણ હતાં. દક્ષિણ ભારતની પરંપરા પ્રમાણે તેમના નામમાં લાગતો સર્વપલ્લી શબ્દ હકીકતમાં ગામનું નામ છે. વર્ષો પહેલાં તેમના પૂર્વજો આ ગામમાં રહેતા હતાં.

તેમણે હિન્દુ ધર્મ ભણાવ્યો એ દરમિયાન ઇન્દિરા-ગાંધી, સાંસદ ભૂપેશ ગુપ્તા અને ઇઝરાયેલના ઉપવડાપ્રધાન રહી ચૂકેલા યિગેલ આલોં જેવાં તેમના વિદ્યાર્થીઓ હતાં. ૧૯૪૮માં તેઓ યુનેસ્કોમાં ચેરમેન બન્યાં. ૧૯૪૯માં કૃષ્ણન રશિયામાં ભારત રાજદૂત બન્યા. સ્તાલિન-કૃષ્ણનની બે મુલાકાતથી આખા જગતને આશ્ચર્ય થયેલું. ૧૯૫૨માં દેશને સક્ષમ ઉપરાષ્ટ્રપતિની જરૂર પડતા રાધાકૃષ્ણનને ભારત બોલાવી લેવાયા. અંતિમ દિવસોમાં તેઓ ઘણું ભૂલી જતા હતા. તબિયતની પણ ગંભીર સમસ્યાઓ હતી. એ સ્થિતિ વચ્ચે જ તેઓએ ૧૯૭૫ની ૧૭મી એપ્રિલે વહેલી સવારે હંમેશાં માટે વિદાય લીધી.

સંદર્ભ : વેબસાઈટ (ઇન્ટરનેટ)
ગુજરાતી. વેબદુનિયા. કોમ

## શિક્ષક સફળતા અને મૂલ્યાંકન શિક્ષણ

શિક્ષકના સફળતાની વાત કરીએ ત્યારે એક શિક્ષણશાસ્ત્રીનું
યાદ રાખવા જેવું છે.

e need learning teachers, not learned teachers.

ય રાખવા તત્પર શિક્ષક હોવો જોઈએ. કદાચ એ હોઈ વિદ્વાન
તો ચાલશે. પણ આ વાક્યમાં એ પણ અભિપ્રેત છે કે નિરંતર
ખવા તૈયાર શિક્ષક [Learning Teacher] જ હોવો
earned Teacher] બની શકે. જૅક્સ ડેલોર તેમના પ્રકાશિત
હેવાલ [Learning the Teacher within માં જણાવે છે
શિક્ષણની પ્રક્રિયામાં ચાર મુખ્ય હેતુઓ રહેલા છે.

1] Learning To know

2] Learning To do

3] Learning To be And

4] Learning To Live

વિદ્યાર્થીના દૃષ્ટિકોણથી કેટલાક બાબતો ખૂબ મહત્વની

1] નિષ્ફળતાની ડર
2] કલાસમાંથી જન્મતો ક્રોધ કે અસ્વીકાર્ય વર્તન
3] સ્વમાં આત્મવિશ્વાસ નો અભાવ અથવા ઊણપ

4] સાચા મિત્રોનું હોવું

5] શિક્ષક અને માતા પિતા સાથે પ્રત્યાયનનો અભાવ.
શિક્ષકનો રોલ બની જાય છે. કે આ બાબતોને સન્મુખ રાખી આયોજન કરે. કાગળ ઉપર આદર્શ Lesson Plan તૈયાર કરવો એ પૂરતું નથી. શિક્ષકે પોતાની મર્યાદાઓ માટે વિદ્યાર્થીને દોષ ન આપવો જોઈએ. મહાન વૈજ્ઞાનિક અને સાહિત્યકાર, ચિંતક આલ્બર્ટ આઇન્સ્ટાઇન ના મતે આદર્શ શિક્ષક એને કહેવાય કે જે વિદ્યાર્થીને આત્મસભર બનાવે અને થોડા સમય પછી તે શિક્ષક નિરર્થક બની જાય Graduaally The Teacher Should become Irrelevant. એટલે એક માર્ગદર્શક બનવું જોઈએ.

National Curriculum Frame Work
માં જણાવ્યા પ્રમાણે શિક્ષણનું મુખ્ય ધ્યેય બાળક જે તે પામી શકે અથવા જ્યાં પહોંચી શકે તેના દ્વારા તે ધ્યેયની અભિવ્યક્તિ કરે અને તેને જીવન સાથે એવી રીતે સાંકળવામાં આવે કે નિશ્ચિત રૂપના બદલે સંભાવિત બને અને ગુણવત્તા સભર શિક્ષણ ચરિતાર્થ થાય. શિક્ષક એ એવું માધ્યમ બને કે જેના દ્વારા મૂલ્યોનું આરોપણ શક્ય બને અને તેની વાતો ફક્ત વાર્ષિક સમારંભો સુધી મર્યાદિત ન રહેતા શાળાની રોજિંદા પ્રવૃત્તિઓનો ભાગ બની રહે.

શાળાના અંધિયાર અને નક્કર કવાયત સમાન પરિવેશમાંથી બાળકો મુક્તિ અનુભવે અને ભય વાતાવરણમાં જીવનના વિવિધ પાસાઓની સમજ અને તેનો અંગીકાર કરે. શિક્ષણ પાઠ્યપુસ્તકો અને અભ્યાસક્રમમાં સીમિત ન રહેતા સાચા અર્થમાં જીવનલક્ષી, મૂલ્યનિષ્ઠ બને એ શિક્ષકનું કર્તવ્ય

ચીલાચાલુ શિક્ષણ એ આજની પરિવર્તિત થતી સ્થિતિ માટે ચિંતાજનક છે. એલ્વિન ટોફલર આ દશાનું વર્ણન કરતાં જણાવે છે કે આપણી આજની શાળાઓ કાલગ્રસ્તતાનો ભોગ બની હોય એ નિઃશંક છે. પરંતુ શિક્ષકે જાણવું રહ્યું કે અભ્યાસક્રમ નાં બે અગત્યનાં પાસાં છે. એક જે નિયત થયેલ અભ્યાસક્રમ છે જેને Overt Curriculum કહેવામાં આવે છે. અને બીજો પ્રચ્છન્ન ગુપ્ત છે. જેને Covert Curriculum કહેવામાં આવે છે.

નિયત કે જાહેર અભ્યાસક્રમ નું મૂલ્યાંકન સરળ છે અને પ્રમાણે અનુકૂળ છે. જ્યારે ગુપ્ત અભ્યાસક્રમ માં બાળક નાં કેટલાંક પાસાં જેવા કે રસવૃત્તિ વલણ અને અભ્યાસ ટેવો જેવાં પાસાંનો સમાવેશ થાય છે.

આ માટે શિક્ષકના ભૂમિકા એક preacher શિખામણ આપનાર તરીકેની નહી. પણ performer તરીકેની હોવી જોઈએ કે જે પોતાની ભૂમિકા યોગ્ય રીતે અદા કરી અર્થાત શિક્ષક તરીકેના યોગ્યતા પુરવાર કરે. જેમ કહેવાય છે કે મૂલ્ય શિક્ષણ એ વ્યવહારનો વિષય છે માહિતી નો નહિ.

Values Cannot be Taught ! They Can be Caught

શિક્ષકે આચાર્યે પોતાના જ્ઞાનને સીમિત ન રાખતા પ્રગતિશીલ, પ્રયોગશીલ બનવું રહ્યું અને પોતાના કૌશલ્ય તથા જ્ઞાનનાં ભંડારની Fund OF Knowledge વિસ્તાર કરતી રહેવી.

રોલ નં :- 19
નામ :- માળી ભાવના રમેશ
પુસ્તક :- પ્રગતિશીલ શિક્ષણ

Date : 27/08/18
Day : Monday.

Name : Parmar Ravina

Roll. NO : 21

# વિદ્યાર્થી અને શિક્ષક વિશેના મારા વિચારો

શિક્ષક એ હંમેશા એક મિત્ર અને માર્ગદર્શક હોવો જોઈએ. વિદ્યાર્થીઓના પ્રત્યે તેની લાગણીનું સ્વરૂપ વિશાળ હોવું જોઈએ. મારા મંતવ્ય પ્રમાણે શિક્ષક એ એક વિદ્યાર્થીના જીવનનો મજબૂત પાયો છે. જે તેના જીવન સાર્થક અને પોતાના પગ ઉપર ઊભા રહેવા માટે ઉત્તમ તક પૂરી પાડે છે. શિક્ષક એ વિદ્યાર્થીના સમાજમાં પણ તેનું સ્થાન ઉચ્ચ કરવા માટેની મહત્વની ભૂમિકા બની છે. આથી કહેવાય છે કે......

शिक्षक कभी साधारण नहीं होता।
प्रलय और निर्माण
उसकी गोद में पलते हैं।!

આ વાક્યને ચરિતાર્થ સાથે નંદવંશના છેલ્લા રાજા ધનનંદને પરાસ્ત કરી ચંદ્રગુપ્ત મૌર્યને શાસક બનાવનાર

Date : / / Page :

મહાઅમાત્ય ચાણક્ય તક્ષશિલા વિદ્યાપીઠના સાધારણ શિક્ષક હતા. જે કૌટિલ્ય તરીકે ઓળખાયા. જેમણે "અર્થશાસ્ત્ર" નામનું શ્રેષ્ઠ પુસ્તક સમાજને આપ્યુ.

આથી કહી શકાય જેમકે શિક્ષક નું મન એ હંમેશા સ્થિર હોવું જોઈએ. અને બાળકો પ્રત્યે તેમનું વર્તન ગેરસમજ ન હોવું જોઈએ. કારણ કે વિદ્યાર્થીઓ શિક્ષકને ધારે માનતા હોય છે. આથી. શિક્ષકોએ પુર્ણ તૈયારી સાથે જ વર્ગખંડમાં પ્રવેશ કરવો જોઈએ. શિક્ષકમાં રહેલા ગુણોથી, તેમજ સંયમી અને શિક્ષિત હોવો જોઈએ. ત્યારે જ તે પોતાની શાળામાં સારું પરિણામ અને સમાજના માટે ગર્વ રૂપ બની શકશે.

આથી જ કોઈપણ શિક્ષક ક્યારેય સાધારણ ન ગણવું. તેમનામાં કોઈપણ પ્રકારના એવા ગુણો રહેલા જ હોય છે. જેના આધારે તે બાળકને યોગ્ય જ્ઞાન આપી શકે. અને તેમને પોતાના ભવિષ્ય માં પણ ઉપયોગી બની રહે છે. એવા ઘણાં બધા લોકો પોત-પોતાના કાર્ય બળથી અનેક પુસ્તકો બહાર પાડ્યા છે.

દરેક વિદ્યાર્થીઓ અલગ-અલગ વાતાવરણમાંથી આવતા હોય છે. આથી શિક્ષકએ વિદ્યાર્થીની આર્થિક સ્થિતિને આધીન રહીને ખૂબ જ સાવચેત પૂર્વક ભણાવવાનું કાર્ય કરવવામાં આવે છે. તેમજ દરેક બાળકોની ભાષાને પણ ધ્યાનમાં લઇ તેમને તે રીતે વધારે ભારપૂર્વક ભણાવવું જોઈએ. શિક્ષક એ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપીને તેમના જ્ઞાનમાં વધારો કરવો જોઈએ.

શિક્ષક એ ભણાવવાની સાથે-સાથે કેટલીક પ્રાણ્ય જાતની પણ વાતચીત કરવી. જેનાથી તેમને કંટાળા-જનક વાતાવરણ નહી રહે. બાળકોની રસ-રુચિ ને અનૂલ રાખવા માટે તેમને વાર્તાઓ તેમજ રમત-ગમતની વાતચીત પણ કરતુ રહેવું જોઈએ. જેનાથી વિદ્યાર્થીઓ જે શિક્ષક ભણાવે છે. તેમાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહે.

આથી કહી શકાય છે કે ....

" શિક્ષક નું કાર્ય પુષ્પની જેમ ખુશબુ ફેલાવવાનું છે.
વૃક્ષોની જેમ છાયા અને શીતળતા આપવાનું છે.
અગરબત્તીની જેમ સદ્‌ગુણોની સુવાસ ફેલાવવાનું છે
મીણબત્તીની જેમ જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનું છે "

☆ ☆ ☆ ☆ ☆

Page : ____
Date : / /201

# * સમાજ અને દેશના નિર્માણમાં શિક્ષકોનું મહત્ત્વનું યોગદાન.

નામ:- સુથાર પાયલ વિજયભાઈ
રોલ નંબર:- ૨૨

શિક્ષક સમાજમાં ઉચ્ચ આદર્શ સ્થાપિત કરનાર વ્યક્તિ ગણાય છે. કોઈપણ દેશ અથવા સમાજના નિર્માણમાં શિક્ષણની ભૂમિકા મહત્ત્વની હોય છે. કહેવાય છે કે શિક્ષક જ સમાજની આકૃતિ હોય છે.

" શિક્ષક જ એ ધરી છે
જેના પર સમાજનો
સર્વાંગી વિકાસ નિર્ભર છે. "

હિન્દુ ધર્મમાં શિક્ષકો માટે કહ્યું છે કે, 'આચાર્ય દેવો ભવ:' એટલે કે શિક્ષક અથવા આચાર્ય ઈશ્વર સમાન હોય છે. આ દરજ્જો એક શિક્ષકને તેના દ્વારા સમાજમાં આપેલા યોગદાનના બદલાના સ્વરૂપે આપવામાં આવે છે. શિક્ષકનો દરજ્જો સમાજમાં હંમેશા ભરોસાપાત્ર રહ્યો છે. કોઈ તેને 'ગુરુ' કહે છે, કોઈ 'શિક્ષક' કહે છે, તો કોઈ 'આચાર્ય' કહે છે. આ બધા શબ્દો એવા વ્યક્તિ માટે વપરાય છે, જે બધાને જ્ઞાન આપે છે અને શીખવાડે છે. તથા શિક્ષકોનું યોગદાન કોઈપણ દેશ કે રાષ્ટ્રનું નિર્માણ કરવાનું હોય છે.

" જે તમારો હાથ પકડે છે, મગજ ખોલે છે અને હૃદયને સ્પર્શી જાય છે તે જ શિક્ષક છે. "

યોગ્ય રીતે કહીએ તો એક શિક્ષક પોતે જ તેના વિદ્યાર્થીનું જીવન ઘડે છે. શિક્ષક જ સમાજનો પાયો ગણાય છે. એક શિક્ષક પોતાના જીવનના અંત સુધી વિદ્યાર્થીને માર્ગદર્શન આપે છે અને તેના માટે રસ્તો પણ બતાવે છે. તેથી જ શિક્ષકને સમાજમાં ઉચ્ચ સ્થાન આપવામાં આવે છે.

માતા-પિતા બાળકને જન્મ આપે છે. તેમનું સ્થાન કોઈ લઈ શકતું નથી. તેમનું ઋણ આપણે કોઈપણ રીતે ઉતારી શકતા નથી, પરંતુ એક શિક્ષક જ છે, જેને આપણી ભારતીય સંસ્કૃતિમાં માતા-પિતા સમાન સમકક્ષ ગણવામાં આવે છે. કારણ કે શિક્ષક પોતે જ સમાજમાં યોગ્ય છે તેથી જ શિક્ષકને 'સમાજનો શિલ્પકાર' કહેવાય છે.

" માતા સમ મમતાળો પિતા સમ પ્રેમાળ,
ભાવ મહીં ભાઈ સમો તે શિક્ષક કહેવાય "

શિક્ષકનો સંબંધ વિદ્યાર્થીઓને ફક્ત શિક્ષણ આપવાનો જ નહિ, પરંતુ વિદ્યાર્થીઓને યોગ્ય દિશામાં માર્ગ બતાવવાનો છે. વિદ્યાર્થીના મનમાં આવતા દરેક પ્રશ્નના

જવાબ તથા વિદ્યાર્થીને યોગ્ય સૂચનો પણ શિક્ષકે આપવાના હોય છે. શિક્ષક વિદ્યાર્થીને જીવનમાં આગળ વધવા માટે હંમેશા પ્રેરિત કરે છે.

આજે પણ ઘણા શિક્ષકો શિક્ષણના આદર્શો પર ચાલે છે જે એક આદર્શ માનવ સમાજની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજાવે છે, પરંતુ લાખ એવા કેટલાક શિક્ષકો છે જે શિક્ષણના નામને કલંકિત કરે છે અને આવા શિક્ષકો શિક્ષણને તેમનો વ્યવસાય બનાવી દે છે, જેનાથી ગરીબ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત રહે છે અને પૈસાના અભાવને કારણે તેને શિક્ષણ છોડવું પડે છે.

“શિક્ષણ વેપાર નથી, સેવા છે.”

સફળ જીવન માટે શિક્ષણ ખૂબ ઉપયોગી છે, જે વિદ્યાર્થીને શિક્ષક દ્વારા પ્રદાન કરવામાં આવે છે. આધુનિક જગતમાં શિક્ષકની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. શિક્ષક તે માર્ગદર્શક છે, જે વિદ્યાર્થીઓને પુસ્તકનું જ્ઞાન જ નહિ, પરંતુ જીવન જીવવાની કળા પણ શીખવે છે. તેથી દરેક વિદ્યાર્થીએ તેમના શિક્ષકો પ્રત્યે હંમેશા સન્માન અને આદરનો ભાવ રાખવો જોઈએ.

કોઈપણ રાષ્ટ્રના ભવિષ્યનું નિર્માણ કરનાર શિક્ષકનું કાર્ય અહીં સમાપ્ત થતું નથી, કારણ કે તેઓ વિદ્યાર્થીઓને

યોગ્ય માર્ગ પર ચાલવા માટે પ્રેરિત તો કરે જ છે, પરંતુ દરેક વિદ્યાર્થીના સફળ ભવનનું નિર્માણ કરવાનું કાર્ય પણ શિક્ષકના હાથમાં હોય છે.

“ વિષમ પરિસ્થિતિમાં શિક્ષક જ
એ પૂજારી છે જે સમાજના મંદિરમાં
નૈતિક અને માનવીય મૂલ્યોના
મહત્ત્વને પૂર્ણરૂપથી સ્થાપિત કરે છે. ”

સંદર્ભ :- ઇન્ટરનેટ પરથી

— x — x —

"રંગ વિના કૃતિને મઢારીને તેનું
સૌંદર્ય ખોળે કળાએ
ઉપસાવવાની આવડત દાખવે
તે શિક્ષક. "

# શિક્ષક: એક ઘડવૈયો

વસાવા અંકિતા . આર
રોલ નં· 23

જે શિક્ષક સતત શિખતો ન રહે એ કદી શિખવી ન શકે. મારા મતે ૨૧ મી સદીનો શિક્ષક એટલે જ્ઞાનધન પ્રાપ્ત કરવામાં વ્યસ્ત. આધુનિક યુગના તમામ જ્ઞાન અને માહિતીના પ્રવાહોથી વિદ્યાર્થીને માહિતગાર અને માર્ગદર્શન પુરું પાડે. આજના આધુનિક ટેક્નોલોજીના વિકાસના સ્પર્ધાત્મક વાતાવરણમાં વિદ્યાર્થીઓના વિકાસની પરિસ્થિતિનું સર્જન કરી અને દુનિયા સાથે કદમ મિલાવી સ્પર્ધાત્મક વાતાવરણમા ટકી રહી પોતાનું આગવું સ્થાન બનાવે તેના માટે સતત પ્રોત્સાહન અને પ્રેરણા પુરી પાડે. શિક્ષણ પ્રત્યે વિદ્યાર્થીઓની રસ-રુચિ વધે એવી યુક્ત-પ્રયુક્તઓ ની જાણકાર હોવો જોઈએ.

૨૧ મી સદીનો શિક્ષક શિક્ષક તરીકેના સર્વગુણોથી સંપન્ન હોવો જોઈએ. જેથી એ આત્મવિશ્વાસપૂર્વક અને ગૌરવથી કહી શકે કે,

" હું પાયાનો પથ્થર છું.
હું ઇમારતનો રક્ષક છું.

સહેજ હલી જાઉં તો
લોકો કહે નબળો છું.

પાયાની વાત પાયામાં રહીને ભણું છું.
એથી ગર્વથી કહું છું.

હું " શિક્ષક" છું.

એક શ્રેષ્ઠ શિક્ષક તરીકે આજના પરિવર્તનકારી યુગમાં વિદ્યાર્થીઓની શ્રેષ્ઠ કારકિર્દીના ઘડતર માટે સતત જાગૃત અને પ્રેરણા પૂરી પાડવા હંમેશા તત્પર હોવો જોઈએ. વિદ્યાર્થીઓની અભ્યાસને લગતી સમસ્યાઓ હલ કરવા હંમેશા તત્પરતા બતાવતા હોવો જોઈએ. પોતાના શ્રેષ્ઠ કાર્યોથી વિદ્યાર્થીઓમાં હંમેશા માનનું પાત્ર બની વિદ્યાર્થીઓમાં પ્રિય બને. વિદ્યાર્થીના શ્રેષ્ઠ ભાવિનું ઘડતર કરવું એ એનો ધ્યેય હોવો જોઈએ.

શિક્ષક એટલે નાગરિકનો ઘડનાર.

Page :
Date :

વર્ગખંડની અંદર દેશનું ભાવિ ઘડાઇ રહ્યું હોય ત્યારે દેશ પ્રત્યે વફાદાર, ઉમદા અને કર્તવ્યનિષ્ઠ નાગરિકોનું ઘડતર કરી દેશને મહાન નાગરિકોની ભેટ આપે.

આજના યુગમાં મૂલ્યોની લોપ થઇ રહ્યો છે, ત્યારે અભ્યાસ અને જ્ઞાનની સાથે સાથે મૂલ્યો અને સંસ્કારોનું વિદ્યાર્થીના જીવનમાં સિંચન કરી એમનું ચારિત્ર્ય-ઘડતર અને વ્યક્તિત્વઘડતર કરી શ્રેષ્ઠ જીવન જીવતા શીખવાડે, જેથી જીવનના દરેક તબક્કે વિદ્યાર્થીઓ શિક્ષકને પોતાના જીવનમાં આદર્શ માની જીવનના દરેક તબક્કે યાદ કરે તેવો હોવો જોઇએ. શિક્ષક એટલે વર્ગનો માળી. વર્ગના દરેક વિદ્યાર્થીઓની આવડતો અને સમસ્યાઓથી પૂરી-પૂરી માહિતગાર હોવો જોઇએ. વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્તશક્તિઓને જાગ્રત કરવા માટે અને તેને બહાર લાવવા માટે સતત પ્રયત્નશીલ હોવો જોઇએ. વિદ્યાર્થીઓ પ્રત્યેની પોતાની લાપરવાહી, બેદરકારી વિદ્યાર્થીઓના ભાવિને નષ્ટ ન કરી નાખે તે માટે ખાસ તકેદારી રાખતો હોવો જોઇએ.

Page :

Date :

ટૂંકમાં પોતાની જવાબદારી સ્વીકારી પોતાનું કાર્ય આત્મતત્ત્વની શ્રેષ્ઠ અભિવ્યક્તિ છે. આમ વિચારી પોતાની ફરજ પુરેપુરી નિષ્ઠા અને કર્તવ્યભાવનાથી નિભાવે તો તે શિક્ષક ૨૧ મી સદીનો શ્રેષ્ઠ શિક્ષક બની શકે.

---

"આખી કેળવણી તો બાળકોની
અંદર રહેલું હીર
પ્રગટાવવામાં રહેલી છે."

"ઘુઘવતા સાગરના મોજા સામે
બાથ ભીડીને કિનારો
હાંસલ કરવાની ક્ષમતા
હોય તે શિક્ષક."

Forever®

# સિટિઝન્સ સ્કૂલનો નવો પ્રયોગ

અમેરિકાના બોસ્ટન શહેરમાં ૧૯૯૫માં નીચી આવક ધરાવતાં બાળકોને સારું શિક્ષણ મળે તે માટે એક નાગરિક શાળાની શરૂઆત કરવામાં આવી. તેનો મુખ્ય ઉદ્દેશ શિક્ષણક્ષેત્રે કે રોજગારી ક્ષેત્રે નાગરિક જીવનમાં સફળ થવા માટે જે પ્રકારના શૈક્ષણિક અને નેતૃત્વના કૌશલ્યોની આવશ્યકતા હોય છે તે શાળાની બહારના કાર્યક્રમો દ્વારા પાડવાનો છે. અમેરિકામાં આ સંસ્થાના સર્વે પ્રમાણે બાળકો તેમના ઊંઘવા સિવાયના કલાકોના માત્ર ૨૦ ટકા કલાકો શાળામાં વિતાવે છે. આવા નાગરિકો તૈયાર કરવા કલાકોને વધારવા જરૂરી છે. હાલમાં ૬-૭-૮ ધોરણમાં ભણતા ૩૦૦ બાળકો આ સંસ્થા દ્વારા સ્થાપિત જુદાં જુદાં ૭૭ કેન્દ્રોમાં આ પ્રકારનું શિક્ષણ મેળવી રહ્યા છે. આ માટે તેમણે ૩૨૦૦ જેટલાં નાગરિકોને આ પ્રવૃત્તિ સાથે જોડ્યા છે. આ સંસ્થા બાળકોને અને એ દ્વારા સમાજને ત્રણ સંદેશો આપવા માગે છે.

[1] કામ કરતાં કરતાં શિક્ષણ તે જ્ઞાન પ્રાપ્ત કરવાની કળા સૌથી ઝડપી અને અસરકારક રીત છે.

(૨) સખત મહેનત સફળતા આપે છે.

(૩) શિક્ષણ એ રસપ્રદ પ્રક્રિયા છે.

(4) નાગરિકો સાથે શિક્ષણનું અનુસંધાન જ એક સમાજ રચી શકે.

બાળકો માટે સિદ્ધિની સંસ્કૃતિ ઊભી કરવાનો આ પ્રયાસ છે. આ પ્રકારના સામુદાયિક શિક્ષણ અસરકારક છે.

પ્રગતિશીલ શિક્ષણ (વર્ષ : ૪૪) (૨) જુલાઇ ૨૦૧૮

વસાવા શીતલ

બાંગ્યા સાજેદા
Roll No : 25

# વિદ્યાર્થીના મિત્ર તરીકે શિક્ષક

શિ → શિખર સુધી લઈ જવાવાળા અર્થાત્ સફળતા સુધી લઈ જવાવાળા.
ક્ષ → ક્ષમાની ભાવના રાખવાવાળા.
ક → કમજોરી દૂર કરવાવાળા

શિક્ષક એટલે જે વિદ્યાર્થીની દરેક ગલતીને માફ કરવાની ભાવના રાખતા હોય અને તેમની દરેક કમજોરી દૂર કરીને તેમને સફળતા સુધી લઈ જાય છે. તેને જ સાચો શિક્ષક કહેવાય છે.

- સારા શિક્ષક તે જ કહેવાય કે જે પોતાના ક્લાસની પહેલી બેંચથી લઈને છેલ્લી બેંચ સુધીના છોકરાઓના નામ તેમને ખબર હોય છે.
- જે છોકરાઓ ક્લાસમા ઉત્તર નથી આપતા તેમની પાસેથી જવાબો મેળવવાની આશા રાખે છે અને જેમને

ખબર હોય છે તેમને ક્લાસમા બોલવાથી ભીંકુશ રાખે છે.

- એવા શિક્ષક જે છોકરાઓ ઉમઅેર છે જેવા છે તેવી જ હાલતમાં છોડવાની જગ્યાએ તેમને મુખ્ય પાયા પર ભેગા કરી આપે છે.
- શિક્ષક એ વિદ્યાર્થીનો ઉદાસ ચહેરો દેખાય તો કોઈ લાગ શોધીને વિદ્યાર્થીની પરેશાનીને પૂછી લેતા હોય છે.
- એવા શિક્ષકો જે વિદ્યાર્થીને ખુબજ પ્રિય હોય છે લખવામા કોઈ ભૂલ થઈ હોય તો તે શબ્દમાં લાલ પેનથી ગોળ બિંદુ કરવાને બદલે તેને સાચો શબ્દ લખી આપવામા આવે છે.
- જે શિક્ષક પોતાના વિદ્યાર્થીઓની સાથે વધારે પડતી તેમની આ સાહજીકતા દિલમાં સહેજ લેતા હોય છે અને તેમની સાથે ખુબ જ હસતા હોય છે. પસંદગીની લિસ્ટમાં આ શિક્ષકનો ક્રમ થોડોક ઉપર હોય છે.
- વિદ્યાર્થીને એવા જ શિક્ષકો સારા લાગતા હોય છે જે વિદ્યાર્થી સાથે દોસ્ત, અધ્યાપક ભાઈ-બહેન જેવા રિસ્તાઓ મહેસુસ કરી આપતા હોય છે.
- એવા શિક્ષકો કે જે વિદ્યાર્થી સાથે બેસીને દેશ દુનિયાભરની વાતો કરતા હોય છે. પસંદગીમાં તેમનો ક્રમ ઉપર હોય છે.

દુધારા શાળામાં
રોલ નંબર:- 26

## (શિક્ષકની ભૂમિકા)

## ચાલો બાળકોના I'M. નહિ, E.M. બનીએ.

**પ્રસ્તાવના :-**

વર્તમાન સમયમાં શિક્ષણનો માહોલ અને સામાજિક ક્ષેત્રે આવી રહેલ પરિવર્તનો સામે આપણે શિક્ષક તરીકે મહત્વની ભૂમિકા અદા કરવી જ પડશે, જેથી બાળકોના અને વાલીઓના સાચા પથદર્શક બની શકાય. યુવાધનને યોગ્ય માર્ગે વાળવામાં શિક્ષક પરિવર્તનના દૂત બનવાનું છે. બાળકો એ તો શારીરિક અને માનસિક શક્તિનો સ્ત્રોત છે. હવેના સંજોગોમાં શિક્ષક પોતાના અહમને I am Something ત્યાગીને સાચી-શિક્ષકમિત્રોને તથા બાળકોને I'M. નહિ E.M. બનવાની શીખ આપવી જોઈએ.

## ચાલો બાળકોના I'M. નહિ, E.M. બનીએ.

1. વૈચારિક શક્તિનો સ્ત્રોત :
2. શ્રધ્ધા અને આત્મવિશ્વાસના સ્થાપક :
3. શૈક્ષણિક કૌશલ્યનો વિકાસ :

4. નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ :
5. શિક્ષણ સમાજના ચેતના સ્ત્રોત :
6. પ્રેરણા સ્ત્રોતની ભૂમિકા :
7. જીવન ઘડતરનો સ્ત્રોત :
8. તાજગીસભર મુખમુદ્રા :

1. વૈચારિક શક્તિનો સ્ત્રોત :-

1. એક શિક્ષક તરીકે બાળકોમાં આત્મવિશ્વાસનું વાતાવરણ - જો પેદા કરવામાં આવે તો શિક્ષણમાં માહોલ બદલી શકાય.
2. જ્યારે શિક્ષણ પ્રત્યેની શ્રધ્ધા ઓછી થાય ત્યારે સમાજ પતન તરફ જાય છે.
3. આપણે Energy Machine (E.M.) બનવાનું છે. સાચા અર્થમાં બાળકોને વિચારતા કરતાં શીખવવાનું છે.

"Children must be taught
How to Think,
not
What to Think."

4. શિક્ષક વૈચારિક શક્તિનો વિકાસ તરીકેનું ભાથું પુરુ - પાડવાનું કામ એક શિક્ષક તરીકે આપણે કરવાનું છે. - કારણકે વિચાર મંથન એ શૈક્ષણિક શક્તિનો સ્ત્રોત છે.
5. શિક્ષક કે બાળકોની કલ્પનાશક્તિ એ તલવાર કરતાં પણ -

"How to teach is less important than, How to make pupils learn."

2. Educational Methodology (E.M.) નું જ્ઞાન - શિક્ષક પોતાના શિક્ષણકાર્યમાં વણી લેવાનું છે.
3. Educational Skill Developer તરીકેની ભૂમિકા મહત્વનો ભાગ ભજવનારી હોય છે.

## 4. નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ :-

1. બાળકોમાં રહેલ કચાશને શિક્ષક પારખીને તેને દૂર કરવાના પ્રયત્નો શિક્ષક કરવાના છે, શાંત સમુદ્ર ક્યારેય સારા - ખલાસીઓ પેદા કરી શકતા નથી.

2. કારણ કે તેમાં સાહસવૃત્તિનો વિકાસ થતો નથી.
"Smooth sea do not make skillful sailors."

3. બાળકોમાં જુદા જુદા કૌશલ્યો અને મૂલ્યોનો વિકાસ કરતા પહેલાં શિક્ષકોએ પોતાના વિષયોની વિષય વસ્તુમાં કૌશલ્યોનો - વિકાસ કરવો પડે તો જ, શિક્ષણમાં નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ થઈ શકે.
4. Education & Medicine (E.M.) બનવાનું કામ કરવાનું છે.
5. શિક્ષકના પ્રાયોગિક વિચારો નવા કૌશલ્યો તરફ લઈ જવાના - માર્ગો ઉઘાડે છે.

## 5. શિક્ષક સમાજનો ચેતના સ્ત્રોત :-

1. જેમ સૂર્યોદય થતાં જ સમગ્ર સંસાર ચેતનવંત બને છે, સૂર્ય કિરણો ઉર્જાનો સ્ત્રોત છે તેમ શિક્ષક બાળકોમાં - શિક્ષણ પ્રત્યે રસ અને રુચિ પ્રગટ કરી ઉર્જાનો સ્ત્રોત - બનવાનું છે.
2. શિક્ષક Energy Maker [E.M]. બનવાનું છે.

" The Sun is New each day."

इन्सान एक दुकान है!
और जुबान उसका ताला!
जब जुबान खुलती है,
तभी मालुम होता है कि
दुकान सोने की है या कोयले की....!

3. શિક્ષક સોનાની માફક પોતાના વિષયવસ્તુમાં ચમકીને પોતાના વર્ગના બાળકોને આધુનિક જ્ઞાનથી ચમકતા રાખ-વાનું કામ કરવાનું છે.

## 6. પ્રેરણા સ્ત્રોતની ભૂમિકા :-

1. શિક્ષકની રહેણીકરણી, પહેરવેશ, વાણી, વિચાર અને - વ્યવહારમાં સાદગીના સાગર લહેરાય છે.

2. શાંત અને સૌમ્ય પ્રતિભા ધરાવતા શિક્ષક બાળકો - માટે પ્રેરણા સ્ત્રોત બની રહે છે.

3. શિક્ષકે Energy Motivator (E.M.) બનવાનું છે.

" કોઈ લીખંડને વિચાર કરી "રાશ" બની ગયા,
તો કોઈ જુતાની વિચાર કરી "બાટા" બની ગયા."

4. દરેક વ્યક્તિના જીવનમાં સફળતા પાછળ કોઈકનો હાથ હોય છે. જે તો પ્રેરકબળ હોય છે. ચાહે તેની માતા-પિતા, બહેન - ભાઈ કે કોઈપણ હોય તે તેને માટે પ્રેરણાસ્ત્રોત - બની રહે છે.

## 7. જીવન - ઘડતરનો સ્ત્રોત :-

1. મારો જન્મ ભલે મારા માતા - પિતાને આભારી છે, પરંતુ મારુ સમગ્ર જીવન તો મારા ગુરૂજને આભારી છે.
2. કારણ કે શિક્ષક એ તો બાળકોના જીવન ઘડતરનો શિલ્પી છે.
3. બાળકના જીવનને આકાર આપનાર કલાકાર છે. વિદ્યાર્થી જે ચાહે તે બની શકે છે, એ તે નિશ્ચય કરી લે કે હું આ બનીને જ રહીશ.

ચિંતા કરનારો માણસ રડે છે,
જ્યારે ચિંતન કરનારો શિક્ષક
બીજાના જીવન ઘડે છે.

૫. શિક્ષકે બાળકના જીવન ઘડતરમાં પ્રેમભર્યા મધુર શબ્દો દ્વારા Energy Magic (E.M.) બનવાનું કામ કરવાનું છે.

## ૪. તાજગીસભર મુસ્કુરા :-

1. શિક્ષક હંમેશા તાજગીસભર મુસ્કુરા, ક્યાંય નિરાશા કે - હતાશાનું નામોનિશાન નહિ દેખાય તેવો શિક્ષક પોતાના વર્ગના બાળકોને શિક્ષણ કાર્ય દરમિયાન પ્રફુલ્લિત રાખી શકે.
2. તે માટે શિક્ષકે Evergreen Man (E.M.) બનવાનું છે.
3. શિક્ષકે પોતાની સ્માઇલ માઇલોના માઇલ સુધી ફેલાવવાની છે, જેથી વર્ગખંડનું વાતાવરણ પણ પ્રફુલ્લિત રહે.

"પ્રસન્નતા એક કુંજી છે,
જે બીજાના હૃદયના દરવાજા
આપણા માટે ખોલી દે છે."

4. શિક્ષકે બાળકોમાં સપનાઓ વાવવાના છે. બાળકોના "રોલ મોડેલ" બનેલ શિક્ષકો અંદરની આંતરિક શૈક્ષણિક શક્તિઓથી ભરેલા હોય છે, જેઓ કદી ડરતા નથી.
5. તેઓના શૈક્ષણિક શબ્દો પ્રભાવશાળી હોય છે. બાળકો માટે શિક્ષક દ્વારા બોલાયેલા શબ્દોનું વજન કરી શકાતું નથી. તે -

અમૂલ્ય હોય છે.

- ટૂંકમાં આવનારા દિવસોમાં શૈક્ષણિક જગત ટેકનોલોજીને પ્રાધાન્ય આપનારુ હશે, તેથી આધુનિક શિક્ષક ટેકનોલોજીનો જાણતા હોવો જોઈએ, કારણ કે ......!

"માતાજીનો એક હાથ બાળકના માથા પર હશે અને બીજો હાથ કમ્પ્યુટરના માઉસ પર હશે."

**સંદર્ભ સાહિત્ય :-**

https://shikshansarovar.wordpress.com

દુધાત્રા કૃતામા ....
રોલ નંબર : 26

# ડિજિટલ યુગમાં શિક્ષકની ભૂમિકા
# [Role of Teacher]

**પ્રસ્તાવના :-**

આજે આપણે સૌ જાણીએ છીએ કે વિજ્ઞાન અને ટેક્નોલોજીનાં આગમનથી દરેક ક્ષેત્રમાં આમુલ પરિવર્તન આવ્યું છે, ત્યારે શિક્ષણમાં પણ ધરખમ ફેરફારો થયા છે. જ્યાં બ્લેકબોર્ડ થી સ્માર્ટબોર્ડ અને નોટબુકની જગ્યાએ - લેપટોપ એ લીધી છે. ત્યારે શિક્ષક પણ બદલાતા સમયની સાથે પોતાના અધ્યાપન કાર્યમાં અપેક્ષિત બદલાવ લાવે - એ જરૂરી છે.

ટેક્નોલોજીના ઉપયોગ સાથેના જ્ઞાનથી જ શિક્ષણ વધુ અસરકારક બની શકે છે. આજ ના આ ડિજિટલ - યુગમા શિક્ષક પર સાંપ્રત સમય અનુસાર સજ્જ હોય એ જરૂરી છે.

# ડિજિટલ યુગમાં શિક્ષકની ભૂમિકા

• **મલ્ટીમીડિયાનો ઉપયોગ :-**

માત્ર ચૉક અને ટૉકના બદલે વિવિધ મલ્ટીમીડિયાના ઉપયોગ સાથેનું વર્ગ-શિક્ષણ.

**વિદ્યાર્થીઓને ઇન્ટરનેટ-ઉપયોગનું માર્ગદર્શન :-**

વિદ્યાર્થીઓને ઇન્ટરનેટ પરથી પોતાને જોઈતી માહિતી કેવી રીતે મેળવી શકાય તે અંગે સમજ આપવી અને ઇન્ટરનેટના ઉપયોગનું માર્ગદર્શન આપવું.

• **ઈ-કન્ટેન્ટ તૈયાર કરવું :-**

વર્ગખંડ સિવાય વિદ્યાર્થીઓ પોતાના ઘરે પણ અનુકૂળતા એ શીખી શકે તે માટે ઈ-કન્ટેન્ટ ના ઉપયોગ બાબતે માર્ગદર્શન આપવું.

**ICT ના માધ્યમો / પદ્ધતિઓનો ઉપયોગ :-**

ICT નાં વિવિધ માધ્યમો ટૂલ્સ અને નૂતન પદ્ધતિઓનો વર્ગશિક્ષણમાં ઉપયોગ કરવો.

**ઓનલાઇન પરીક્ષા / પરિણામ અંગેનું જ્ઞાન :-**

સાંપ્રત સમયની ઓનલાઇન પરીક્ષા અને પરિણામ વિશે જ્ઞાન મેળવવું.

- **પ્રેઝન્ટેશન તૈયાર કરવું :-**

  પોતાના વિષય સંબંધિત પ્રેઝન્ટેશન તૈયાર કરવું.

- **ઓપન સોર્સ સોફ્ટવેર અને ઉપયોગ :-**

  હાલમાં ઉપલબ્ધ ઓપન સોર્સ સોફ્ટવેર અને તેના ઇન્સ્ટોલેશન ની સાથે ઉપયોગથી વાકેફ રહેવું.

- **શૈક્ષણિક / વ્યાવસાયિક માર્ગદર્શન :-**

  વિદ્યાર્થીઓને શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક માર્ગદર્શન આપવું.

- **સર્જનાત્મક બનવું :-**

  ચીલા - ચાલુ ના સ્થાને સર્જનાત્મક બનવું.

- એજ્યુકેશન વેબસાઇટ અને સોફ્ટવેરની જાણકારી મેળવવી.
- ટેક્નોલોજીમાં આવતાં નૂતન પ્રવાહોથી વાકેફ રહેવું.

પટેલ ભૂમિકા વી.
રોલ નં - 27.

# શિક્ષણનો ઉદ્દેશ -

## ચારિત્ર્ય નિર્માણ

ઉપરના વિષયના અનુસંધાને જ્યારે કંઈક કહેવું હોય તો એકીસાથે અનેક વિચારોની હારમાળાઓ માનસપટ પર ઉપસ્થિત થાય છે. ત્યારે શરૂઆત ક્યાંથી કરું? આ સવાલ ઊભો થાય છે. પરંતુ ઉપરોક્ત વિષય અંગે મારા મંતવ્યો નીચે મુજબ છે.

સૌ પ્રથમ તો વિષયાનુસાર શિક્ષણના મુળ ઉદ્દેશ્યની વાત કરું તો મારા મતાનુસાર શિક્ષણનો મુળ ઉદ્દેશ્ય છે વ્યક્તિના ચારિત્ર્યનું નિર્માણ કરવું. હવે આ અનુસંધાને એક નવો સવાલ જન્મ લે છે કે ચારિત્ર્ય એટલે શું? સાદા અર્થમાં કહીએ તો ચારિત્ર્ય એટલે વ્યક્તિમાં રહેલા એના સંસ્કારો. શિક્ષણ ગુણવત્તાનું માપદંડ તો છે જ પરંતુ એનાથી પહેલાં શિક્ષણ એ મનુષ્યજીવનના વિકાસની પ્રણાલી છે. અને શાળા, કોલેજ, યુનિવર્સિટી એ શિક્ષણના મંદિર છે. શિક્ષણ એ માત્ર એક કાર્ય નથી, શિક્ષણ તો ચારિત્ર્યની જ્યોતને વધુને વધુ પ્રજ્વલિત કરતો એક પવિત્ર યજ્ઞ છે. શિક્ષણ થકી અજ્ઞાન, ભય અને ભીતરના અંધકારને

દૂર કરી માનવને ઉન્નત મસ્તકે જીવવાની અને સાચા ચારિત્ર્ય નિર્માણ કરવાની પ્રેરણા અને તાકાત આપે છે.

આધુનિક જીવનમાં વિકાસની કેડી પર વ્યક્તિગત ઉત્કર્ષ થકી વ્યક્તિના ચારિત્ર્યના સર્વાંગી વિકાસમાં શિક્ષણ અનન્ય મહત્વ ધરાવે છે. આજના વિદ્યાર્થીઓમાં પણ ચારિત્ર્યનું નિર્માણ અતિ આવશ્યક છે. કેમ કે, એના થકી જ સુસંસ્કૃત સમાજનું નિર્માણ થઈ શકશે. અને સમાજ સુસંસ્કૃત હશે તો જ રાષ્ટ્ર વિકાસશીલ બની શકશે પરંતુ થોડી ચિંતાજનક પરિસ્થિતિ આજે એવી નિર્માણ પામી છે કે શિક્ષણ બે જ બાબતો પર આધારિત થઈ ગયું છે :-

પરિણામલક્ષી અને વ્યવસાયલક્ષી, આ જ વિચારધારાને વાલીઓ અને વિદ્યાર્થીઓ વડે પ્રાધાન્ય અપાય છે. જેના કારણે આજે ચારિત્ર્ય એ નામશેષ થઈ ગયું. સાવ ગૌણ અને એક રમુજ શબ્દ બનીને રહી ગયું. પરંતુ સાચા અર્થમાં ચારિત્ર્ય જ આપણો સભ્ય વ્યક્તિત્વની પહેલી ઓળખ છે. કદાચ એટલે જ કહેવાય છે કે,

"ભણ્યા પણ ગણ્યા નહિ!"

ચારિત્ર્ય વડે જીવનની ચરમ ગુણવત્તા ઝળકી ઊઠે, જેના થકી જીવન શિખરની ઝલક મેળવી શકાય. જો આવું ન થાય તો માત્ર બહારની ચમકદમક કે ખોટો આડંબર કામ ન આવે. માનીએ કે ન માનીએ પણ સત્ય એ જ છે કે કાગળની હોડીને આધારે સમુદ્ર પાર ન થાય. જેમ લાકડાના વાસણોને વધારે સમય અગ્નિ પર ન રાખી શકાય તેમ ખાલી પુસ્તકીય કે પરિણામોના આધારે જિંદગીની કઠિન સમસ્યાઓનું સમાધાન ના કરી શકાય. એના માટે આપણા ચારિત્ર્યનું સિંચન થયેલું અનિવાર્ય છે જે શિક્ષણનો મૂળ હેતુ છે અને એના વડે જ એને આપણે પરિપક્વ બનાવી સાચા સદ્ગુણોનું વટવૃક્ષનું બીજ વાવી શકાય.

આમેય શિક્ષણનો હેતુ બાળકને કે વિદ્યાર્થીને ચારિત્ર્યવાન બનાવવાનો છે. કારણ કે શિક્ષણ એ જીવનઘડતર સાથે સંકળાયેલી મહત્વની બાબત છે. સાચું શિક્ષણ તો એ જ કહેવાય કે જેના થકી વિદ્યાર્થીઓ જીવનના તમામ પાસાઓ સામે ઝઝૂમવાની ક્ષમતા પ્રાપ્ત કરે. વ્યક્તિનો સર્વાંગી અને સંપૂર્ણ વિકાસ શિક્ષણ દ્વારા જ શક્ય બન્યો છે. ચારિત્ર્ય એ બાળકમાં વિદ્યાર્થીમાં હકારાત્મક મિજાજ અને સાચા ઉત્તરદાયિત્વને વધુ સક્ષમ અને સન્માન બનાવે છે અને આના માટે હમેશાં વર્ષોથી શિક્ષણમાં ચારિત્ર્યએ ઉત્તુંગ સ્થાન રહ્યું છે. એટલે

પહેલા ઋષિમુનુ ઋષિમુનિઓ વિદ્યાર્થીઓને પહેલા આશ્રમમાં જીવનના પાઠો શીખવતા અને ત્યારબાદ એનું શિક્ષણ શરૂ થતું. આનું પરિણામ કેટલું ઊંચું અને પ્રેરણાદાયી આવતું એ આપણે ઇતિહાસ દ્વારા જાણી શક્યા છીએ. કહેવાય છે કે,
"શીખવે એ શિક્ષણ અને કેળવે એ કેળવણી"
ચારિત્ર્ય વડે એક સાચો નાગરિક, સાચો માનવી પેદા કરી શકાય.

અંતમાં માત્ર એટલું જ કહીશ કે ઉપરોક્ત આપેલ તમામ બાબતોમાં ચારિત્ર્ય એ શિક્ષણ સાથે જોડાયેલું અભિન્ન અંગ છે અને એ જ સત્ય પણ છે. આજે દિનપ્રતિદિન શિક્ષણક્ષેત્રે ઝડપી સતત પરિવર્તન અને નૂતન ટેક્નોલોજીના યુગમાં જ્યાં અમૂલ્ય સંશોધનો અને સુધારાઓ થતા રહે છે. અને હાલના સ્પર્ધાત્મક યુગમાં દરેકમાં સ્વયં શિસ્ત અને સંસ્કારનું સિંચન થાય છે એ ખૂબ જ જરૂરી છે તો એના માટે હું એટલું ચોક્કસ જ કહીશ કે...

"શિક્ષણનો ઉદ્દેશ - ચારિત્ર્ય નિર્માણ જ હોય!!!"

## આદર્શ શિક્ષક

- પટેલ જ્યોતિબેન
રોલ.નં :- 28

આદર્શ શિક્ષક એટલે શ્રેષ્ઠ શિક્ષક. વિદ્યાર્થીને જીવન જીવવાની કળા શીખવે અને સાથે સાથે વિદ્યાર્થીને યોગ્ય રીતે કેળવણી આપે તેને આદર્શ શિક્ષક કહેવાય છે. વર્ગખંડમાં ભણાવતી વખતે વિદ્યાર્થીને યોગ્ય રીતે સમજ આપે અને જીવન વિકાસ કરવાની કળા યોગ્ય રીતે શીખવે તેને આદર્શ શિક્ષક કહી શકાય.

શિક્ષક માટે ચાણક્યની એક પંક્તિ છે,
शिक्षक कभी साधारण मनुष्य नहीं होता,
सर्जन और विनाश उसके हाथो में पलते है.

શિક્ષક માત્ર આદર્શ વિદ્યાર્થી જ નહિ, પરંતુ ભવિષ્યના નાગરિકો ને ઘડી શકે છે. સમાજ અને દેશનું ભવિષ્ય શિક્ષકના હાથમાં રહેલું છે. શિક્ષક આદર્શ સમાજનું નિર્માણ કરી શકે છે. શિક્ષક વિદ્યાર્થીમાં સદ્દવિચારો અને સારા સંસ્કારો નું સિંચન કરી શકે છે.

શિક્ષક નો સ્વભાવ પ્રેમાળ હોવો જોઈએ. વિદ્યાર્થીને સતત પ્રેરણા આપે અને યોગ્ય માર્ગદર્શન આપે એવું જીવન હોવું જોઈએ. શિક્ષક નું જીવન સાદગીભર્યું તેમજ ઉચ્ચ વિચારોથી ભર્યું હોવું જોઈએ. શિક્ષકનું આચરણ એ વિદ્યાર્થી માટે ઉપદેશરૂપ

Date : / / Page :

# કેવું શિક્ષણ ? - પ્રાચીન કે અર્વાચીન

- પટેલ જ્યોતિબેન
રોલ.નં :- 28

જીવન માં આગળ વધવાની ઈચ્છા અને પ્રગતિ કરવાની અભિલાષા હોય છે. દરેક ના જીવનમાં આગળ વધવા માટેનું સ્વપ્ન હોય છે. જેને પૂર્ણ કરીને આપણ ને ખુશીનો અનુભવ થતો હોય છે. દરેક ની ઈચ્છા જુદી જુદી હોય છે. ભૌતિક વિકાસ, આંતરિક વિકાસ, માનસિક વિકાસ ની ઈચ્છા હોય જ છે. પરંતુ, આગળ વધીને પોતાના જીવનમાં બધાને પ્રગતિ તો કરવી જ છે. આ પ્રગતિ કેવી રીતે કરવી? આ પ્રશ્ન આપણા મનમાં થાય છે? હા, પ્રશ્ન થાય છે.

શિક્ષણ દ્વારા આપણા જીવનનો વિકાસ થઈ શકે છે. પ્રાચીન કાળથી આજ સુધી આપણે બધા સાંભળીએ છીએ કે આપણે શિક્ષણ મેળવવું જોઈએ. બધા જ એવો આગ્રહ રાખીએ છીએ કે બધાને જ શિક્ષણ મળવું જોઈએ. શિક્ષણ શા માટે મેળવવું એ જાણવા નો આગ્રહ પણ રાખવો જોઈએ. શિક્ષણ નો હેતુ ફક્ત પૈસા કમાવવા માટે કે પેટ ભરવા માટે નથી. શિક્ષણ નો હેતુ આપણી અંદર ગુણ ખીલે, આપણી અંદર રહેલી છુપાયેલી શક્તિ ને બહાર કાઢવાનો પ્રયત્ન કરવાનો છે. શિક્ષણ નો હેતુ આપણા મન, બુદ્ધિ અને જીવન નો વિકાસ કરવાનો છે. જીવનમાં પ્રગતિ કરવાનો છે.

પ્રાચીન શિક્ષણ અને અર્વાચીન શિક્ષણ વચ્ચે શું તફાવત છે? તે જાણવાનો પ્રયત્ન કરીશું.

* પ્રાચીન શિક્ષણ :-

→ પ્રાચીન શિક્ષણ એ જીવનલક્ષી શિક્ષણ હતું. તેનાથી જીવન નો અર્થ અને ધ્યેય સમજાતું હતું. જીવન નું મૂલ્ય શું છે તે જાણવા મળતું હતું. કર્તવ્ય અને આજીવિકા નું જ્ઞાન આપવામાં આવતું હતું. તેનાથી વિદ્યાર્થીમાં બુદ્ધિ પ્રતિભા માં વધારો થતો હતો અને હું કરી શકું છું ની વૃત્તિ નું નિર્માણ થતું હતું.

→ પ્રાચીન શિક્ષણ માં વિદ્યાર્થી ને ગુરુના આશ્રમ માં મૂકવા માં આવતો હતો. આ શિક્ષણ ગુરુ-શિષ્ય ના સંબંધ પર આશ્રિત હતું. ગુરુ-શિષ્ય વચ્ચે પ્રેમ અને વિશ્વાસ અતૂટ જોવા મળતો હતો. આવા વાતાવરણમાં શિક્ષણ આનંદદાયી બનતું હતું. સ્નેહ સંબંધ શિક્ષણ નું સર્વોત્તમ સાધન છે. ગુરુના ચારિત્ર્ય અને સ્વભાવની અસર શિષ્ય પર દેખાતી હતી.

→ પ્રાચીન શિક્ષણ વિનામૂલ્યે આપવામાં આવતું હતું. ગુરુ-શિષ્યને નિઃસ્વાર્થ ભાવે શિક્ષણ આપતા હતા. વિદ્યાર્થીઓ વિનામૂલ્યે સરળતાથી શિક્ષણ મેળવી શકતા હતા. આ રીતે દરેક વિદ્યાર્થીને તેજસ્વી શિક્ષણ મળતું હતું.

→ પ્રાચીન શિક્ષણ માં સુખ-સુવિધાની અને સગવડની જગ્યા એ સંયમ, શારીરિક કષ્ટ

અને સાત્વિક આહાર આપવામાં આવતું હતું.
પ્રાચીન શિક્ષણ તપોવન માં કે આશ્રમ માં આપવામાં આવતું હતું. તપોવન માં દરેક વિદ્યાર્થી ને પોતાનું કામ જાતે જ કરવા દેવામાં આવતું હતું તેથી વિદ્યાર્થી નું શરીર અને મન મજબૂત બનતા હતા. વિદ્યાર્થી માં અનેક ગુણો નું સિંચન જોવા મળતું હતું.

* અર્વાચીન શિક્ષણ :-

→ આજનું શિક્ષણ માત્રને માત્ર રોટલા લક્ષી શિક્ષણ શીખવા માટેનું જ જ્ઞાન આપે છે. આજનું શિક્ષણ નોકરી ઉપર જ કેન્દ્રિત હોય છે. આ શિક્ષણ વ્યક્તિ ને કમાવવા, નોકરી કરવા માટે સક્ષમ બનાવે છે. વ્યક્તિ પોતાની મૂળભૂત શિક્ષણ આવશ્યકતા પૂરી પાડે તેનું શિક્ષણ આપે છે, જેનાથી સમાજની આર્થિક પરિસ્થિતિ માં સુધારો થાય છે. અને વ્યક્તિ તેના કુટુંબ ની અને સમાજની પ્રગતિ થઈ રહી છે.

→ આજનું શિક્ષણ દરેક ક્ષેત્રના તજજ્ઞો નું નિર્માણ કરે છે. તેનાથી સમાજમાં દરેક ક્ષેત્રનું જ્ઞાન વધે છે. આમ, અનેક ક્ષેત્ર નું જ્ઞાન મળવાથી વિજ્ઞાન અને ટેકનોલોજી નો વિકાસ થઈ રહ્યો છે. વિજ્ઞાન ટેકનોલોજી ના વિકાસ ના કારણે આજે ઘણી બધી બિમારી ઓ માટે ની દવા તથા ઈલાજ થઈ શકે છે.

→ વિદ્યાર્થી ને જે વિષયમાં રસ હોય તે વિષયમાં શિક્ષણ લેવાની છૂટ છે. વિદ્યાર્થી ઈચ્છાનુસાર ભણશે તો જ મન લગાવીને શીખી શકશે.

# શિક્ષકનું મહત્ત્વ.

નામ :- પટેલ કુસુમબેન શાંતિલાલ
રોલનંબર :- ૨૧

કાષ્ઠને બંધન કરે
ફૂલની વંદન કરે
ત્યાં શિક્ષકને
કોણ ન વંદન કરે.

આપણે ત્યાં મહાન ગુરુઓ અને મહાન શિષ્યોનો એક ઉજળો ઈતિહાસ રહ્યો છે. ભગવાન દત્તાત્રેયે ૨૪ ગુરુ બનાવ્યા હતા. શ્વાન પાસેથી પણ એમણે વફાદારીનો ગુણ મેળવ્યો હતો.

ગીતાના રચયિતા અને ભગવાન શ્રી કૃષ્ણના ગુરુ હતા સાંદીપનિ. સાંદીપનિએ ભગવાન જેવા ભગવાનમાં શ્રેષ્ઠ ગુણોનું પાલન કરીને ગુરુત્વના મહિમાનું ગાન કર્યું હતું. તેમજ બાણાવળી અર્જુન તરીકે ઓળખાય છે. તેમણે પણ બાણવિદ્યા શીખવનાર ગુરુ દ્રોણાચાર્યને પણ આજે દુનિયા યાદ રાખે છે. કે અર્જુનની અપૂર્વ વિદ્યાશક્તિ ગુરુ દ્રોણની દેન હતી.

ગુરુ એટલે 'ગુ' અને 'રુ' નો સરવાળો.

'ગુ' એટલે અંધકાર. અજ્ઞાનતાનો અંધકાર

'રુ' એટલે પ્રકાશ. જ્ઞાનનો પ્રકાશ.

જે વ્યક્તિ આપણને અજ્ઞાનતાના અંધારામાંથી જ્ઞાનના પ્રકાશ તરફ દોરી જાય છે. એ ગુરુ છે. અજ્ઞાનતા નષ્ટ કરનાર જે જ્ઞાનરૂપ પ્રકાશ છે. તે ગુરુ છે.

→ શિક્ષક ધારે તો મડદામાં પણ પ્રાણ પૂરી શકે છે.

દેશમાં કે સમાજ પર બે પ્રકારે આફતો આવતી હોય છે. આંતરિક આફત અને બાહ્ય આફતો. આંતરિક આફત એટલે જેવી કે ભ્રષ્ટાચાર, અપ્રમાણિકતા દુષણો. [illegible] માનવતા, અને રાષ્ટ્રપ્રેમની કમી હોય દેશની આંતરિક મુશ્કેલીઓ ઊભી થાય છે. જ્યારે કે બાહ્ય આફત યુદ્ધ, દેશ પરના પ્રહાર, આતંકવાદ જેવી મુશ્કેલીઓ દેશને બહારથી નબળો પડે છે. હવે પ્રશ્ન એ થાય કે આ બધી મુશ્કેલીઓની શિક્ષકને શું લેવા-દેવા? છે. શિક્ષકને આ મુશ્કેલીઓની ખુબ જ લેવા-દેવા છે. વિચાર કરી દેશના લોકોમાં માનવતા, દયા, પ્રેમ, નીતિમતા જેવા ગુણોનું સિંચન કરે છે. કોણ? 'શિક્ષક', શિક્ષક દ્વારા જ સમગ્ર સમાજમાં આ ગુણોનું સીંચન થાય છે. શિક્ષક ધારે તો સમાજને એવા પાઠ ભણાવે કે સમાજમાં કુસંસ્કારી કે કુવિચારી પાકે જ નહિ.

શિક્ષક એ શક્તિ છે. મડદામાં પણ પ્રાણ પૂરી શકે અને નિર્જીવને પણ સજીવ કરી શકે છે.

➳ શિક્ષક માનવીને તરાશીને મહાપુરુષ બનાવે છે.

વિશ્વભરમાં જેટલા પણ મહાપુરુષો થયા છે કે પણ લોકો પ્રખ્યાત છે. એ લોકોના જીવનમાં ક્યાંક ને ક્યાંક એમના શિક્ષકનો ફાળો બહુ મહત્વનો રહેલો છે.

શિક્ષક એ મરજીવો છે. જે દુનિયા નામના અફાટ દરિયાના તળિયે છુપાયેલા મોતીને શોધી શકે છે. જેમ એક શિલ્પી પથ્થરને કોતરીને એમાંથી મૂર્તિ બનાવે છે. એમ શિક્ષક માનવીને તરાશીને એમાંથી મહાપુરુષ બનાવે છે. દરેક વિદ્યાર્થીમાં મહાન બનવાનો તલાવેલો અને ક્ષમતા રહેલો છે. શિક્ષક એવા હોવા જોઈએ કે ક્ષમતા પારખી શકે. જે વિદ્યાર્થીઓની પોકાર સાંભળી શકે અને મૂર્તરૂપ મહામાનવનું ઘડતર કરે. તો જ એ સમાજનો સાચો ઘડવૈયો કહેવાશે...

આમ તો શિક્ષકરૂપી આ વિશાળતા તેમજ ગહનતાને શબ્દોના સીમાડામાં બાંધવાનો પ્રયાસ એ જ સાગરને ગાગરમાં સમાવવા જેવી વાત થઈ. મારા શિક્ષકો માટે હૃદય-સાગરનાં ઊંડાણમાં જે લાગણી અનુભવું છું. તે લાગણી પૂરેપૂરી આંસુ કે સ્પર્શ દ્વારા પણ વ્યક્ત થઈ ન શકે. આ સમયે જો કોઈ અક્ષરી સ્વરૂપે આકાર લે તે બહુ બહુ તો લાગણીનો અનુવાદ હોઈ શકે. કોઈ વ્યાકરણે સમજવા

શબ્દો ચાલે, પરંતુ શિક્ષક જેવી વિભૂતિ ને અનુભૂતિ દ્વારા જ સમજી શકાય. આપણા જીવનમાં ઈશ્વરથી પણ વધુ વંદનીય જો કોઈ હોય તો તે આપણા શિક્ષકો જ છે. આ સંદર્ભમાં કબીરજીએ સુંદર વાત કરી છે

"गुरु गोविन्द दोनों खड़े, किसको लागू पाय ?
बलिहारी गुरु आपको, गोविन्द दियो बताय !"

એક ચાઈનીઝ કહેવત છે.

" જો તમારે એક વર્ષનું આયોજન કરવું હોય તો અનાજ વાવો, જો તમારે દસ વર્ષનું આયોજન કરવું હોય તો વૃક્ષ વાવો, જો તમારે સો વર્ષનું આયોજન કરવું હોય તો બાળકને કેળવણી આપો "

તો આ કેળવણી-શિક્ષણ આપવાનું કામ કોણ કરે ? આપણા શિક્ષકો જ. આપણા માતા-પિતા આપણને જન્મ જરૂર આપે છે, પરંતુ જે રીતે શિલ્પકાર પથ્થરને ટીપી ટીપીને સુંદર શિલ્પ બનાવે છે. હીરાઘસુ હીરાને ઘસી ઘસીને પાસાદાર અને ચમકતા બનાવે છે. તે જ રીતે આપણા શિક્ષકો આપણા જીવન ઘડતરનું ભગીરથ કાર્ય કરે છે. કોઈ પણ વ્યક્તિ જીવનમાં તેની સફળતા મેળવે કે ઉત્તમ શિખરો સર કરે ત્યારે તેની પાછળ તેના શિક્ષકનો મહત્ત્વનો ફાળો હોય છે.

આપણા સમાજ અને રાષ્ટ્રના વિકાસ અને [illegible] માટેનું શિક્ષણ એક અંગ છે. શિક્ષણ એ તંદુરસ્ત સમાજ નિર્માણ માટેનું પાયાનું પરિબળ છે.

સંદર્ભ સાહિત્ય

www.aksharnaad.com

## 'શિક્ષક એ તો - ભણે કે'

શિક્ષક એ તો - ભણે કે :
વિદ્યાર્થીઓનાં પથદર્શક ;
સંસ્કૃત સમાજના રક્ષક !

શિક્ષક એ તો - ભણે કે :
સંયમ - શિક્ષા, ક્ષમા અને કર્તવ્ય;
વરસાવે વ્હાલનો પર્જન્ય !

શિક્ષક એ તો - ભણે કે :
જ્ઞાનનો અડગ પર્વત મેરુ ;
વિદ્યાર્થીને સમર્પિત કરે જીવન પૂરેપૂરું !

શિક્ષક એ તો - ભણે કે :
નર્યો નિર્મળ નેહ;
કદી ન આપે છેહ !

શિક્ષક એ તો - ભણે કે :
જ્ઞાનવર્ધન મૂર્તિ ;
બાળસર્જન પૂર્તિ !

- કુ. ચેતના આર. મોચી
- શિક્ષણ અને પરીક્ષણ
- વર્ષ : ૫
- અંક : ૧
- જૂન : ૨૦૧૪

# શિક્ષક દિવસ

પટેલ સાહિસ્તાબાનું
રોલ નંબર :- 31.

શિક્ષકનું જીવનમાં ઘણુંજ મહત્વ છે. નિર્મળ, પવિત્ર, સદાચાર, સત્ય, વિશ્વાસ, જ્ઞાન દરેક ગુણો શિક્ષકને આભારી છે. આ દરેક ગુણો વિના મનુષ્યનું જીવન કડવા ફળની જેમ હોય છે.

શિક્ષક દિવસ એ એક માધ્યમ છે. કે જે આપણને શિક્ષકને સ્નેહ અર્પણ કરવા માટેનો અવસર આપ્યો છે. આ દિવસ એ એક નાના બાળકના જીવનમાં શિક્ષકનું મહત્વને શીખવવા માટેનો તરીકો છે. આ દિવસ એ ઉચ્ચસ્થાન પર બેઠેલા વ્યક્તિને યાદ અપાવે છે. કે આજના સમયમાં એ વિદ્યાર્થી જે સ્થાન પર છે. તેનો શ્રેય વાસ્તવમાં કોને જાય છે. આ સ્થાન નો શ્રેય એ શિક્ષકને જાય છે. અને શિક્ષકોને આભાર વ્યક્ત કરે છે.

भारत मां 5 सप्टेम्बर नो दिवस ए शिक्षक दिवस तरीके मनाववामां आवे छे. क्यारे शिक्षक सुधी पहोंच्या के क्यारे ए भारत जेवा महान राष्ट्रना राष्ट्रपति बन्या. एमनो जन्म दिवस ए शिक्षक दिवसना रूपमां मनाववामां आवे छे. आ दार्शनिक शिक्षक डॉ. सर्वपल्ली राधाकृष्ण नो जन्म 5- सप्टेम्बर 1888 मां तमिलनाडु ना चित्तुर जील्लाना तिरुत नी गामडाना एक सामान्य परिवारमां थयो हतो. डॉ. सर्वपल्लि राधाकृष्णनी लगन सतत साधना अने तेमना केटलाक प्रयत्नोथी पोताना शिक्षकोने प्रभावित कर्या हता. विनम्रता, अनुशासन अने आज्ञापालननी आ प्रवृत्ति ए एमने शिक्षकोना प्रिय बनावी दीधा हता. एमणे आन्ध्र तथा बनारस विश्वविद्यालय ना कुलपति तरीके पण कार्य कर्युं. ए सन् १९५२ मां भारतना उपराष्ट्रपति बन्या अने सन् १९६२ मां एमणे राष्ट्रपतिनुं पद मळ्युं

एक दिवस भोजनना समये अंग्रेजोनी तारीफ करता एक अंग्रेजे कह्युं- ईश्वरे आपणा अंग्रेजोने वधारे प्यार करे छे. एटले

यानी ईश्वरे आपणुं निर्माण खूब स्नेहथी कर्युं छे. अेनालीधे आपणो देश अने सुंदर छे. " आ सभामां डॉ. सर्वपल्ली राधाकृष्ण पण उपस्थित हता. अेमने आ वात सारी नलागी ते समये तेमणे तेमना मित्रोने अेक किस्सो संभराव्यो

" मित्रो, अेक वखत ईश्वरने रोटी बनाववानुं मन थयुं अेमणे के पहेली रोटी बनावी अे ओछी सेकाई तेनुं परिणाम स्वरूप अंग्रेजोनो जन्म थयो. बीजी रोटी काची न रही जाय अेटला माटे ईश्वरे अे रोटीने वधारे समय सुधी शेकावा दीधी. तो अे रोटी बळी गई अेना स्वरूपे निग्रो लोकोनो जन्म थयो. परंतु त्रीजी वखते ज्यारे ईश्वरे बराबर सारीरीते अे रोटीने शेकावा दीधी तो आ समये रोटी अेवी बनी के जे न काची रही के न बळी गई. रोटी बराबर शेकाई अने अेना परिणाम स्वरूपमां भारतीयोनो जन्म थयो."

डॉ. राधाकृष्ण अे शिक्षा केन्द्रोना नाम पोताना १५ डिसेम्बर १९४८ ना पत्रमां लख्या हतां. शिक्षणनो अर्थ फकत विभिन्न शैक्षणिक

વિષયોનું શિક્ષણ નથી. પરંતુ આ વિદ્યાર્થીમાં સમગ્ર ઉત્તરદાયિત્વનો વિકાસ છે.

આપણે આપણી રાજનીતિમાં ડૉ. રાધાકૃષ્ણ ની જેમ બીજા એવા ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ છે. ડૉ. અબ્દુલ કલામે પણ પોતાનું આખું જીવન કઈને કઈ શીખવા અને શીખવાડવામાં લગાવ્યું છે. એ હંમેશા પોતાને એક શિક્ષક ના સ્વરૂપમાં ઉભાર કરતા.

"જીવનનું જેટલું નિર્માણ માતા-પિતાના
પ્યારથી થાય છે.
એટલું જ જીવન સુગંધિત થાય છે.
શિક્ષકના આશીર્વાદ થી."

શિક્ષકના બતાવેલા રસ્તા પર વિદ્યાર્થી આંખો બંધ કરીને આગળ વધે છે. અગર શિક્ષક દિવસને રાત અને રાતને દિવસ કહી દે તો એક વિદ્યાર્થી દિવસ-રાત આ સાંભળ્યા પછી પણ અસત્યને પણ સત્ય માની લે છે. કારણ કે વિદ્યાર્થી એક કાચી માટીની જેમ છે. વિદ્યાર્થીને જે રૂપમાં વાળવામાં આવે છે. એ રૂપમાં વળે છે.

"શિક્ષક જ એ ધૂરી છે.
જેના પર સમાજનો
સર્વાંગી વિકાસ નિર્ભર છે."

શિક્ષક એ એવા માર્ગદર્શક હોય છે. કે જે વિદ્યાર્થીઓને જવાબદાર નાગરીક બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદાકરે છે. શિક્ષક એ વિદ્યાર્થીને તેમના લક્ષ્ય સુધી પહોંચવામાં મદદ કરે છે. શિક્ષકનું યોગદાન એ ફક્ત સ્કૂલ પૂરતું જ નથી પરંતુ તે સમાજ અને દેશમાટે પણ હોય છે. શિક્ષક દિવસ એ શાળા અને કોલેજ માં વિભિન્ન પ્રકારથી ઉજવવામાં આવે છે. શિક્ષક દિવસ કાર્યક્રમને વધુ સારો બનાવવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવે છે. સમાજ નિર્માણમાં શિક્ષકની ભૂમિકા મહત્વની હોય છે. કોઈ પણ દેશનાં નિર્માણમાં માતા-પિતા ના પછી શિક્ષક નું જ મહત્વનું સ્થાન છે.

ધૂલ થે હમ સભી, આસમાં બન ગયે
ચાંદ કા નૂર લે, કહકશાં બન ગયે.
એસે સર કો ભલા, કૈસે કર દે વિદા,
જિનકી શિક્ષા સે હમ, ક્યા સે ક્યા બન ગયે.

## શિક્ષણ :-

પ્રાથમિક શિક્ષણ એ દરેક નાગરિકનાં વિકાસનો પાયો છે જે દેશનું ભવિષ્ય નક્કી કરે છે. હાલમાં જ ભારતે પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ, શિક્ષણ સતત રાખવા, નિયમિત હાજરી અને સાક્ષરતામાં વધારો કરવામાં સારી પ્રગતિ કરી છે જેમાં ભારતની બે તૃતિયાંશ વસ્તીનો સમાવેશ થાય છે. ભારતની સુધરેલ શિક્ષણ વ્યવસ્થા ને ભારતનાં સારા આર્થિક વિકાસમાં યોગદાનરૂપ માનવામાં આવે છે. પણ, સાથેસાથે ભારતમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા ખૂબ જ મહત્વની બાબત બની રહી છે.

14 વર્ષ સુધીના દરેક બાળકને વિનામૂલ્યે અને ફરજિયાત શિક્ષણ, ભારતનાં સંવિધાનની જોગવાઈ છે. સંસદમાં હાલમાં જ શિક્ષણ અધિકારનો કાયદો પસાર કરવામાં આવ્યો છે. જે 6-14 વર્ષના બાળક માટે શિક્ષણને પાયાના અધિકાર તરીકે ગણે છે. દેશને હજુ સર્વવ્યાપી પ્રાથમિક શિક્ષણનો ધ્યેય હાંસલ કરવાનો બાકી છે જેનો અર્થ છે 100 ટકા શાળા પ્રવેશ અને શાળામાં સગવડો અને વસવાટ દ્વારા બાળકોને શાળામાં સતત રાખવા. આ ખાઈને પૂરવા માટે સરકારે 2001 માં સર્વ શિક્ષા અભિયાનની શરૂઆત કરી છે જે વિશ્વનો આ પ્રકારનો સૌથી મોટો કાર્યક્રમ છે.

## * શિક્ષણ

શિક્ષણનું ગમે એટલું પતન થયું હોય તો પણ એક શિક્ષક પોતાના વર્ગમાં જાય ત્યારે તેને 35 થી 40 મિનિટના પિરિયડમાં વાત કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. જો તે એ સ્વતંત્રતા ભોગવે તો વિદ્યાર્થીઓ ગાંડા થવા તૈયાર છે, જો કે વિદ્યાર્થીઓને ગાંડા કરી એવા શિક્ષકો રહ્યા નથી. હું તો દરેક શિક્ષકને કહીશ કે જે દિવસે તે ચહેરા પર સ્મિત સાથે ક્લાસમાં એન્ટ્રી ન મારી શક્યો હોય એ દિવસે તેણે રજા લઈ લેવી જોઈએ.

આજે સ્થિતિ એ છે કે શિક્ષકો પોતાનું શિક્ષકત્વ ગુમાવી રહ્યા છે. એક દાખલો આપું. ટેબલ પર એક ટાંકણી પડેલી હતી અને બાજુમાં લોહચુંબક હતું. જો કે ટાંકણી લોહચુંબકથી આકર્ષાતી નહોતી એટલે લોહચુંબકે ભગવાનને ફરિયાદ કરી કે 'પ્રભુ, હું આટલું મોટું ચુંબક છું, પણ મારી બાજુમાં પડેલી ટાંકણી મારાથી આકર્ષાતી નથી. આવું કેવી રીતે બને? આનો અર્થ તો એ છે ભગવાન કે તમારા ફિઝિક્સના બધા જ નિયમો ખોટા છે. તમે બનાવેલા કાયદા ખોટા છે.' આ સાંભળીને ભગવાનને પણ ચિંતા થઈ કે આવું થાય તો બહુ મોટા પ્રશ્નો ઊભા થઈ શકે છે એટલે ભગવાને કમિશન નીમ્યું. એના ચેરમેન નારદ મુનિને બનાવ્યા. તેમણે નારદજીને સૂચના આપી કે

તમે પૃથ્વી પર જાઓ અને તપાસ કરો કે આની પાછળનું કારણ શું છે, આ તો ગંભીર બાબત છે. નારદજી તપાસ કરીને પાછા આવ્યા અને ભગવાને તેમને પુછ્યું કે શું છે રિપોર્ટ? નારદજીએ કહ્યું, 'રિપોર્ટ બહુ સિમ્પલ છે. મેગ્નેટે પોતાનું મેગ્નેટિઝમ ખોઈ દીધું છે.' ચુંબકમાંથી ચુંબકત્વ ઘટી જાય તો વાંક ટાંકણીનો નથી. એ જ રીતે જે શિક્ષકમાં શિક્ષકત્વ બચ્યું નથી તેના પ્રતિ બાળક આકર્ષાય નહીં, તો બાળકને દોષી ન ગણી શકાય. જે શિક્ષકે બાળકોને શાંત કરવા માટે ટેબલ પર ડસ્ટર પછાડવું પડે તેણે માનવું કે તેના કરતાં ડસ્ટરની પર્સનાલિટી વધુ પાવરફુલ છે.'

– ગુણવંત શાહ

# આદર્શ શિક્ષક

દરેક વ્યક્તિ માટે કોઇને કોઇ આદર્શ વ્યક્તિ હોય જ છે. પરંતુ સમાજમાટે શિક્ષક એ એક આદર્શ વ્યક્તિ છે.

આપણા સમાજમાં શિક્ષકોની ભૂમિકા કોઇ વૈજ્ઞાનિક, કલાકાર કે રચનાકારથી ઓછી ઉતરે એમ નથી. તે દુનિયામાં પોતાનું યોગદાન શિક્ષા દ્વારા રોશની ફેલાવીને કરે છે. સમાજને સારા પંથે લઇ જવામાં શિક્ષકનું મહત્વનું યોગદાન છે.

કોઇ બાળક જન્મ લે છે. ત્યારે તે માતા પાસે સંસ્કારો શીખે છે. બાળક જેમ-જેમ મોટું થાય છે. તેમ પરિવાર તેની જવાબદારી શાળાને સોંપે છે. અને શાળામાં બાળકોમાં સંસ્કારનું સિંચન કરવાની જવાબદારી એક શિક્ષક ઉપર છે.

શિક્ષકો આવા બાળકોના જીવનમાં શિક્ષાના માધ્યમથી બદલાવનું બીજારોપણ કરી રહ્યા છે. શાળાએ આવતા બાળકો એ નાનાં-નાનાં બીજ છે. જે એકદિવસ મોટા થઇને તેમની આસ-પાસના લોકોને છાયા અને ફળ આપશે.

બાળક શિક્ષકને એક ગુરુની મૂર્તિ સમાન માનીને તેમના આદર્શોને અને તેમના દ્વારા આપવામાં આવતી કેળવણીને બાળક પોતાના જીવનમાં ઉતારે છે. અહીં શિક્ષક બાળકને ક થી જ્ઞ સુધી શીખવી કેળવણી આપે છે. બાળકનો સર્વાંગી વિકાસ કરી તેને પ્રગતિના પંથે દોરે છે. આ કાર્ય શિક્ષકનું છે.

આવી શિક્ષકને યુગ યુગને આદરને
આદર્શના શિક્ષણ ત્યારે આપીને શિષ્યોને આ
શાળાના આદર્શના અનુભવ્યું આપવામાં આવે છે.
આ ત્રણ આચરણાર વ્યક્તિત્વ ઉપયોગનું આચરણ જ
માની શકાય।

સુંદર એકતાની સમન્વયનો
આત્મબળ આત્મવિશ્વાસ રમત આત્મશીલની
આવી સમયગાળાનું પરિણામ એટલે આદર્શ શિક્ષક
જ કરી શકે છે.

* જીવનું અને જીવવું તે એમની
જીવનમય પુરો પાડે તે આદર્શ શિક્ષક

અંતે એટલું જ કહીશ કે મારા માટે આદર્શ શિક્ષક

માનવધર્મની ભાવના હોય
ચારિત્ર્ય કરતા વધારે આત્માનું હોય
વિદ્યાર્થીનું આગળ વધારવાની લાગણી હોય
વિદ્યાર્થીને શિક્ષક પ્રત્યે કોઈ ફરિયાદ ન હોય
જીવન જીવતા સમજણ વધારે આવે
વિદ્યાર્થીને ભણાવવામાં આનંદ આવે
પોતાની વિદ્યાનું કદી અભિમાન ન કરે
આમ વિદ્યાર્થીનું જીવન એક શિક્ષક
શાળા અને ધર્મ છે.

"ભુવન જીતના સમ્તા હૈ, માતા-પિતાકે પ્યારસે
ઉતના હી મહકતા હૈ ગુરુકે આશીર્વાદસે
સમાજ કલ્યાણ મે જિતને માતા-પિતા
હોતે હૈ ખાસ
ઉતને હી ગુરુ કે કારણ દેશકી હોતી હૈ સાખ"

ગુરુ કી મહિમા ક્યાં કરે, નિર્મલ ગુરુ સે હી હોએ।
બિના ગુરુવર, ભુવન કડુ ફલ સા હોએ.

અર્થાત, શિક્ષકનુ ભુવનમાં વિશેષ મહત્વ છે. નિર્મલ, પવિત્ર, વિશ્વાસ, જ્ઞાન, સ્નેહ આ બધા શબ્દનો પર્યાય શિક્ષક જ છે. આ બધા ગુણો વિના મનુષ્યનું ભુવન કડવા ફળ જેવું છે. શિક્ષક વગર ભુવનનો કોઈ આધાર નથી.

શિક્ષક ત્યારે જ આદર્શ બની શકે. કે જ્યારે તેમનામાં સારા ગુણો જોવા મળે. તેમનામાં, સરળતા, નમ્રતા, સંયમ, સપષ્ટતા, બૌદ્ધિક જ્ઞાન વગેરે ગુણો આવશ્યક છે.

શિક્ષક નુ કાર્ય માત્ર વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરાવીને પુરુ થતુ નથી. પરંતુ વિદ્યાર્થીઓની ભાવનાને સમજવુ, શાળામાં સામાજિક વાતાવરણ ઊભુ કરવું, શિક્ષકના ઉત્તરદાયિત્વ અને કર્તવ્યને કેટલાક મુદ્દા દ્વારા માણીશું

## (1) શિક્ષણ (Teaching) :-

શિક્ષકનું સૌથી મહત્વપૂર્ણ કાર્ય છે. શિક્ષણ. શિક્ષકે ઈમાનદારી, મહેનત અને લગનથી આ કાર્ય કરવું જોઈએ. જો એક શિક્ષક શિક્ષણ કાર્યને યોગ્ય રીતે કરી શકતો નથી તો તે શિક્ષક કહેવાવાને લાયક બનથી.

- શિક્ષકે બાળકોને ઔપચારિક શિક્ષણ સાથે અનૌપચારિક શિક્ષણ પણ આપવું જોઈએ. શિક્ષક આ જવાબદારી ત્યારે જ નિભાવી શકે કે જ્યારે તેનામાં પોતાના વિષયનું સંપૂર્ણજ્ઞાન હોય, નવી માહિતી હોય, તથા તેને ઉપયોગ કરવાની કુશળતા હોય ત્યારે જ તે એક આદર્શ શિક્ષક બની શકે.

## કુશળ પ્રબંધક (Skilled manager) ના રૂપમાં :-

શિક્ષક ત્યારે જ આદર્શ બની શકે કે જ્યારે તે પોતાના વિષયવસ્તુને વિદ્યાર્થી સમક્ષ સારી રીતે રજૂ કરી શકે. શાળાની દરેક પ્રવૃત્તિમાં દરેક કાર્યમાં, સંચાલન કરવું તથા સફળતાપૂર્વક કાર્યને પૂરું કરવું એ પણ એક શિક્ષકનું ઉત્તરદાયિત્વ જ છે. એક પ્રભાવશાળી પર્યાવરણનું નિર્માણ કરી શકે છે. શિક્ષક એ વિદ્યાર્થીઓનું નેતૃત્વ પૂરું પાડે છે. વિદ્યાર્થીઓની મનની ઈચ્છાઓને નવી દિશા પૂરી પાડવાનું કાર્ય શિક્ષકનું છે. શિક્ષક એ એક નિયંત્રણની ભૂમિકા પણ ભજવે છે.

(3) શિક્ષક એક મનોવૈજ્ઞાનિક :-

દરેક વિદ્યાર્થીઓની રૂચિ, માન્યતા, ધર્મ વગેરે અલગ- અલગ હોય છે. આ વ્યક્તિગત ભિન્નતાઓને ઓળખવા માટે શિક્ષકનું મનોવૈજ્ઞાનિક હોવું જરૂરી છે. બધા વિદ્યાર્થીઓને તેમની જરૂરત અનુસાર શીખવા માટે શિક્ષકે મનોવૈજ્ઞાનિક બનીને કાર્ય કરવુ પડે છે. તે બુદ્ધિપરિમાણ, વ્યક્તિત્વ માપન, વગેરે દ્વારા શિક્ષણના ઉદ્દેશ્યને પૂરા કરે છે.

(4) શિક્ષક એક કલાકાર તરીકે :-

એક આદર્શ શિક્ષક એ વિદ્યાર્થીની આંતરિક શક્તિઓને જાણી તેમને ઓળખી સાચી દિશામાં લઈ જવાના પ્રયત્નો કરે છે.

(5) શિક્ષક એક માર્ગદર્શક તરીકે :-

એક આદર્શ શિક્ષકનો મહત્વનો ગુણ વિદ્યાર્થીઓની સમસ્યાઓ શોધીને તેમનુ સમાધાન કરવાનું હોય છે, આરીતે તે એક માર્ગદર્શક બની જાય છે.

આમ, ઉપરોક્ત દરેક બાબતમાં વિદ્યાર્થીઓને યોગ્ય દિશામાં શીખવવામાં આવે તો તે શિક્ષક

વિદ્યાર્થીઓ માટે આદર્શ બની શકે છે. મહાત્મા ગાંધીએ પણ ગોપાલ કૃષ્ણ ગોખલેને પોતાના આદર્શ શિક્ષકનું બિરુદ આપ્યું છે. આનું એટલું જ કહીશ કે શિક્ષકમાં બે ગુણ હોય છે. એક કે જે તમને ડરાવીને, ધમકાવીને સંકુચિત માણસ બનાવે છે. અને બીજું કે જે તમને ખુલ્લા આકાશમાં છોડીને તમારા માર્ગને વિસ્તૃત બનાવે છે.

જન્મદાતા થી પણ વધારે મહત્વ શિક્ષકનું છે. કેમકે શિક્ષક જીવિત માણસનું બનાવે છે. જીવવા માટેનું યોગ્ય જીવન આપે છે.

આપણે આપણા જીવન માટે માતા-પિતાના ઋણી છીએ. પરંતુ એક સારા વ્યક્તિત્વ માટે આપણે શિક્ષકના ઋણી છીએ.

— x — x —

પઠાણ રૂબિના મહેબુબખાન
(33)

## 'શિક્ષકની ભૂમિકા'

શિક્ષકનું કાર્ય બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવવાનું અને વિકસાવવાનું છે. બાળકોના વિકાસની આડે આવતા અવરોધો દૂર કરવાનું છે. શિક્ષકે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ કે જેથી વિદ્યાર્થીમાં પડેલી આંતરિક શક્તિઓનો વિકાસ થાય. વિદ્યાર્થીને સ્વતંત્રતાપૂર્વક પ્રવૃત્તિ કરવાની તક પૂરી પાડી તેનું નિરીક્ષણ કરવાનું છે. શિક્ષકે બાળકોને પ્રેમ, સહાનુભૂતિ આપવાનાં છે વિદ્યાર્થીના આત્મ-વિશ્વાસ પેદા કરવાનો છે.

- આચાર્ય, કે. મુ. પટેલ

- પ્રગતિશીલ શિક્ષણ

- વર્ષ : ૧૪

- અંક : ૬

- જૂન - ૨૦૧૪

## 'સાચો શિક્ષક'

મન વચન ને કર્મથી જે શીખે અપરંપાર રે,
તે જ શિક્ષક વિદ્યાર્થી તણો સાચો તારણહાર રે.

ભેદભાવ ને પૂર્વગ્રહોને જે રાખે અતિ દૂર રે,
સરસ્વતીના મંદિરનો એ જ પ્રહરી નૂર રે.

શ્રીફળ સમો બહારથી પણ ભીતરે સ્નેહ-પાણી રે,
એનું ભુવન એ જ એનાં વર્તન-વ્યવહાર વાણી રે.

શિક્ષક મળ્યાથી શિષ્યને ઉરમાં થાય ઉમંગ રે,
વિદ્યા એવી આપે જેથી પ્રગટે અનેરા રંગ રે.

મુખ મલકતું રહે જેનું હોય જ્ઞાન નીતરતું રે,
એવા ગુરુને જોઈને શિષ્ય શિશ સદા નમતું રે.

- રામુ પટેલ, ડરણકર
- પ્રગતિશીલ શિક્ષણ
- વર્ષ: 4
- અંક: 2
- ફેબ્રુઆરી: 2004

# સ્વપ્ન નો શિક્ષક.

રાજ નુસરત.
રોલ નમ્બરઃ ૩૫.

દરેક વિદ્યાર્થી ના જીવન માં શિક્ષક ની ભૂમિકા ખૂબ મહત્વની હોય છે. આધુનિક યુગ માં શિક્ષક સ્માર્ટ હોવો જોઈએ શિક્ષક નો સ્વભાવ ફ્રેન્ડલી હોવો જોઈએ જેથી વિદ્યાર્થી તેની દરેક મુંઝવણ શિક્ષક સામે રજૂ કરી શકે.

મિત્રો, આજ નું શિક્ષણ એ માત્ર ચોક અને ડસ્ટર પૂરતું સિમિત નથી રહ્યું ટેક્નોલોજીકલ એજ્યુકેશન બન્યું છે. માટે શિક્ષક ટેકનિક્સ જાણતો ભણતો હોવો જોઈએ અને ટેક્નોલોજી નો સુસજ્જ ઉપયોગ પણ કરી શકે. જેથી કરી વિદ્યાર્થી ને નવી-નવી માહિતી આપી શકે અને હાલમાં ચાલતા ન્યૂઝ અને વાતાવરણ થી માહિતગાર કરી શકે. શિક્ષક એ વિદ્યાર્થી માં રહેલ આત્મીય ગુણો જાગૃત કરી શકે અને વિદ્યાર્થી ના અંદરના ટેલેન્ટ ને ઓળખી તેને યોગ્ય દિશા આપી શકે તેમ હોવો જોઈએ.

શિક્ષક માટે વિદ્યાર્થી તેમના બાળક સમાન અને વિદ્યાર્થી માટે શિક્ષક તેના માં-બાપ સમાન હોવા જોઈએ. શિક્ષક માટે દરેક વિદ્યાર્થી પણ સમાન જ હોવો જોઈએ કારણ કે દરેક વિદ્યાર્થી માં અલગ-અલગ ક્ષમતા રહેલી હોય છે. અને દરેક વિદ્યાર્થી કંઈક કરી શકે છે.

# ચેતનાનો માળી શિક્ષક



નામ:- રાવ અંકીશ્રી કિશોરભાઈ
રોલ નંબર :- 35

જેવી રીતે માળી વૃક્ષનું જતન કરે તેવી જ રીતે શિક્ષકે પણ બાળકરૂપી છોડને પ્રમાણ રીતે તેનો ઉછેર કરવો જોઈએ. શિક્ષક આંબા વાવે છે, જેના ફળ દસ-બાર વર્ષે પ્રાપ્ત થાય છે.

શિક્ષકે ખેડૂતની જેમ ક્યારેય નિરાશ થવાનું નથી, ધીરજ ગુમાવવાની નથી, વિશ્વાસ ગુમાવવાનો નથી. "બે વરસ થી દુષ્કાળ પડે છે માટે આ વરસે ખેતર ખેડવું નથી, વાવણી કરવી નથી, બીજ વેરવું નથી, એમ ખેડૂત ક્યારેય નકારાત્મક વિચાર કરતો નથી તેવી જ રીતે આ છોકરાઓને ભણવું નથી, ધ્યાન આપતા નથી માટે કંઈ ભણાવવું નથી એમ શિક્ષકે વિચારવાનું હોય જ નહી. શિક્ષક તરીકે નકારાત્મક વિચારધારા ધરવાની હોતી નથી.

શિક્ષક પોતાના હૈયાભાવથી પોતાની આવડત-કળા ને સમજાવે- શીખવે, કુનેહથી વિચરણ વિદ્યાર્થીઓમાં આરોપણ કરે એ શિક્ષક.

બાળકોને તો સારું-સાચું આપો, તો બાળક ઉઘાડી આંખે, ખુલ્લા દિમાગથી, ભોળા મનથી, વિસ્મયથી ઝીલવા, મેળવવા, સમજવા તત્પર હોય છે.

શિક્ષક જીવંત શિક્ષક હોવો જોઈએ.

વિદ્યાર્થીઓની ગ્રહણશક્તિ, સમજણશક્તિ, મળેલ અનુભવ અને જે-તે સમયની જરૂરિયાતને અનુરૂપ શિક્ષણ આપવું એ જ શિક્ષક નું કાર્ય.

ચેતનવંતો, સ્ફુર્તિલો, હસમુખો અને પ્રેમાળશિક્ષક બાળકોના હૃદયમાં હંમેશા આદરણીય સ્થાન મેળવે છે.

શિક્ષકે ભણાવવાનું નથી વિદ્યાર્થીને ભણતો કરવાનો છે, વિચારતો કરવાનો છે. સ્વાધ્યાય દ્વારા સ્વાવલંબી બનાવવાનો છે.

બાળક તોફાન કરે, ચોરી કરે, મારામારી કરે, લેસન ન કરે, વર્ગમાં ધ્યાન ન આપે, નાસી જાય, ફરિયાદો લાવે. હવે આવું કરે તો તેની સાથે કેમ કામ લેવું? કેમ વર્તન કરવું? તે આપણી એટલે કે શિક્ષક ની ધીરજ અને સમજણની પરીક્ષા છે. ત્યારે શિક્ષકે સમજવું જોઈએ કે બાળકના વર્તન- વ્યવહાર પાછળ કારણ હોય છે, એ કારણો શોધી તેનું નિરાકરણ લાવવું જોઈએ. તે માટે શિક્ષક પાસે મનોવિજ્ઞાનનું જ્ઞાન જોઈએ, તે સાથે બાળક માટે અપાર પ્રેમ જોઈએ. સૌથી મોટી જરૂર તો ધીરજની અને પોતાની જાત પર કાબૂ રાખવાની હોય છે. શિક્ષક એ શિક્ષણ કાર્યની પ્રક્રિયામાં એવું જીવંત વ્યક્તિત્વ છે, કે માત્ર વિદ્યાર્થીને વિષયની માહિતી જ પૂરી પાડતો નથી પરંતુ વિદ્યાર્થીના સર્વાંગી પાસાંને ઘડે છે. પોતાના અનુભવ વડે વિદ્યાર્થીઓમાં મૂલ્યોનું સિંચન કરે છે. વિદ્યાર્થીના સુખ દુઃખ અને તેની ભાવનાને સમજે છે.

## શિક્ષક તરીકે ના કાર્યો

શિક્ષકે બાળ મનોવિજ્ઞાનનો વધુમાં વધુ અભ્યાસ કરવો જોઈએ. શિક્ષકે પોતાના વિષય વસ્તુ પર પકડ આવે તે માટે વિષય વિશેના સતત સંપર્કમાં રહેવું જોઈએ એટલે પોતે નવુ નવુ શીખતા રહેવું જોઈએ. પુસ્તકોનું વિશેષ અધ્યયન વધારવું જોઈએ. શિક્ષકે માનસિક રીતે સંઘર્ષમય પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે શાળાની નવી સહ અભ્યાસિક પ્રવૃત્તિ તથા બિન-શૈક્ષણિક કાર્યક્રમોમાં બને તેટલો વધુ ભાગ લેતા થવું જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીને વખતો-વખત સારા કાર્યો માટે શાબ્દિક-અશાબ્દિક પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ. તેમજ ન કરવા યોગ્ય વર્તન માટે વિદ્યાર્થીઓને રોકવા પણ જોઈએ.

શિક્ષકે માત્ર જ્ઞાન પહોંચાડવાનું નથી પરંતુ તેણે એક મિત્ર, એક તત્વચિંતક અને માર્ગદર્શક રૂપે બાળકો સુધી પહોંચવાનો પ્રયત્ન કરવાનો છે. તેણે વિદ્યાર્થી સમક્ષ પ્રફુલ્લિત ચહેરે વિદ્યાર્થીના સ્થાને પોતાને રાખીને જ વર્તવાનું છે.

ખેતરના એક ખૂણામાંથી ગાડું ભરાય એટલું અનાજ પાકે. એક ખૂણામાં બેઠેલો બાળક ડૉક્ટર, એન્જિનિયર, શિક્ષક કે રાષ્ટ્રપતિ બની શકે.

જો સમજે કળીરૂપ બાળકને
માળીરૂપ શિક્ષક તો
બની જાય તે કળીઓમાંથી ફુલ સુંદરમય અને
સમાજરૂપી બાગ મહેંકી ઊઠે
આવા ફુલોની ખુશબુથી
કળીઓ તો બાગમાં ઘણી ખીલેલી છે પરંતુ
જરૂર છે તેની માવજત કરનારા સાચા માળીની
(શિક્ષકની)
તો આવો મળીને કરીએ એક ભાગીરથ પ્રયાસ જો
ખીલી ઊઠે બાગ અને મહેંકી ઊઠે આ સમાજ.

સંદર્ભ સાહિત્ય
- પ્રગતિશીલ શિક્ષણ
અંક - 6 2007 - જૂન
- પ્રગતિશીલ શિક્ષણ
અંક - 5 2006 - મે

નામ : સાલેહ મોહસીના ઉસ્માન
રોલ નંબર : ૩૬

# 21 મી સદીમાં શિક્ષકની ભૂમિકા

૨૧ મી સદીમાં શિક્ષકની ભૂમિકા ખુબ જ મહત્વની છે. કારણ કે શિક્ષક પાસે વિદ્યાર્થી, શાળા, સમાજ ઘણી-બધી અપેક્ષા રાખે છે.

## → ઔપચારિક ઓળખાણ

શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે ઔપચારિક ઓળખાણ એટલે કે તેનુ નામ, પિતાનુ નામ વ્યવસાય, સરનામુ વગેરે મેળવવુ જોઈએ. બેંકગ્રાઉંડ માં શિક્ષકે તેને નામથી બોલાવવો જોઈએ.

## → વાસ્તવિક અભિગમ

"Be positive, All is well"

શિક્ષકે હંમેશા વિદ્યાર્થીમાં હકારાત્મક અભિગમ દાખવવું જોઈએ. તેના માં બધી જ બાબત શિખવવાની શક્તિ રહેલી છે તેવું વલણ ધરાવવું જોઈએ. વસ્તુ ને હકારાત્મક રીતે જોવાની આવડત મા સમાવેશ કરાવવો જોઈએ.
દા.ત. પાણી ભરેલા ગ્લાસને જોવાની બે વ્યક્તિની દ્રષ્ટિ અલગ-અલગ હોય છે. જે વ્યક્તિ નકારાત્મક વલણ ધરાવે છે તેને અડધો ગ્લાસ ખાલી લાગશે.

જ્યારે જે વર્તાવ હકારાત્મક વલણ બતાવે છે તેને પ્રશંસા [illegible] અને [illegible] તેમના [illegible] શાબાશી.

→ સુસંગત રહો

"Be consistent"


શિક્ષક પોતાના વર્તનમાં સુસંગતતા, નિયમિતતા, ન્યાય્ય વગેરે જાળવવું જોઈએ. કારણ કે શિક્ષકના વર્તનનું અનુકરણ વિદ્યાર્થી કરતા હોય છે.

→ દરેક વિદ્યાર્થીને પોતાના પુત્ર-પુત્રી, મિત્ર સમજો / આત્મીય ભાવ

શિક્ષક બધા વિદ્યાર્થીઓ સાથે એકસરખું વ્યવહાર કરવો જોઈએ અને બધા વિદ્યાર્થીઓને પોતાના પુત્ર-પુત્રી માની તેમની કાળજી લેવી જોઈએ. તેમજ તેમની સમસ્યાનો ઉકેલ લાવવામાં મદદ કરવી જોઈએ. શિક્ષક તેની મિત્રતાથી તેની સમસ્યા ન સમજે તો વિદ્યાર્થી તેની [illegible] ન સમજ્યા પણ શિક્ષક ને કહેશે. તેના [illegible] માટે [illegible] જાણ કરશે. મતલબ કે શિક્ષક તેની સાથે આત્મીય ભાવ થી રહેવું જોઈએ.

## ⇒ ગુણવાન વ્યક્તિત્વ

શિક્ષકમાં નીચે મુજબ ના ગુણો હોવા જ જોઈએ.




સંદર્ભ સાહિત્ય :- માધ્યમિક શિક્ષણ
પરિક્ષણ

ભારતીય નાગરિક કે અન્ય દેશોમાં ભણતર હવે કલાક ઉર્જા રહીને વાહનો સાફ કરવાનો, મિકેનિકની, પેટ્રોલ-ગેસના પંપ પર, હોટેલો માં કામ કરે છે. જે ભારતમાં આવા પ્રકારનું કામ કરતાં શરમ અનુભવે છે. પરંતુ ભારતમાં પણ આપણે સમાજની દૃષ્ટિની પરવા કર્યા વગર, કોઈપણ કામ નાનું નથી એવી આત્મવિશ્વાસભરી દૃષ્ટિ કેળવવાની જરૂર છે. આપણી દીકરી આ રીતે પગભર થવાના છે. પરદેશ જવાનો છે. પોતે જ બિઝનેસમાં છે તેમાં જ સાહસ કરવાની ઈચ્છા હોય તો તે યુવાને પગભર થવાની ઓડી, કમાઈ સહિત સમાજ પ્રકારની દુનિયા કેટલી અનુભવવી પડશે. દેશના વિકાસ અર્થે પોતાનો વિકાસ કરવા જરૂર પછી- ત્યાંના ગામ, શહેર કે રાજ્યમાં આની તૈયારી રાખવી જ પડશે.

જેમકે હાલમાં ગુજરાત સરકારના પ્રયત્નોથી કંડલા અને મુંદ્રા બંદરોનો વિકાસ થવાથી માલની આયાત અને નિકાસ કરતા કારણો મુંબઈ ઉપરાંત બદલે ગુજરાતમાં ઉતરે છે. જેના લીધે તેને સંલગ્ન સંસ્થાઓનો વિકાસ, નિવાસ અને ઓફીસો માટે બાંધકામ, રહેવા માટે હોટેલો, મેનેજમેન્ટ, હિસાબી કાર્ય, સલામતી વગેરે માટે અનેરી સંખ્યામાં યુવાનોને રોજગારી મળી રહે છે અને તે માટે જરૂરી અભ્યાસક્રમો ઉપયોગી અભ્યાસક્રમોથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા જોઈએ. અને મોટા ભાગના અભ્યાસક્રમોમાં વિજ્ઞાન પ્રવાહના નવાઓ અભ્યાસ કે પ્રવેશ તેને પૂરક બનતા હોય છે. તેથી એમ કહી શકાય કે વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરનારને રોજગારીની અનેક તકો રહેલી છે.

આજ અવસ્થામાં વિકાસ થઈ રહે અને હાલમાં વિકાસ પામી રહેલા ઉદ્યોગો, નવા નવા થઈ રહેલા અને થયેલા સંશોધનોને અનુરૂપ નવા નવા વિષયો અને અભ્યાસક્રમો દાખલ કરવા અનિવાર્ય છે. તેના ભાગરૂપે જ અભ્યાસક્રમોમાં ફેરફાર થઈ રહ્યા છે. આ અભ્યાસક્રમો થકી યુવાન પોતાના પગ ઉપર નિર્ભર થતો રહી શકશે. આપણું રાષ્ટ્ર વિશ્વમાં ઉન્નત મસ્તક સાથે વિકસિત રાષ્ટ્ર બની રહેશે. ભાઈઓ અને બહેનોની સંખ્યામાં રોજગારી ઊભી થઈ શકશે, એવી આશા.

આ ફેરફારોની સાથે શિક્ષણમાં અધ્યયન, અધ્યાપન પદ્ધતિમાં પણ કોઈકરી ફેરફારો આવી રહ્યા છે. ભવિષ્યમાં કદાચ આપણી શાળાઓનું સ્થાન નહીં હોય. વિદ્યાર્થી ભલે

અભ્યાસ કરેલો હશે અને જરૂર બધાંથી માર્ગદર્શન મેળવશે. તેને રસ હોય તે જ વિષય રાખશે. તેનાથી માહિતગાર થવા માટે અલગ વાંચન, ઇન્ટરનેટ વગેરે દ્વારા માહિતી મેળવી લેને મનગમતા અને વિષય નિષ્ણાંત શિક્ષકોનો વ્યક્તિગત સંપર્ક કરી લઈ તે અંગે માર્ગદર્શન મેળવી શકશે. અને એટલે જ વિદ્યાર્થીએ પણ પોતાનું સ્થાન સમાજમાં ટકાવી રાખવા પોતાના વિષયનાં નિષ્ણાંત બનવું પડશે. પોતાના કુટુંબ માટે સેવા આપવાની તૈયારી રાખવી પડશે.

ડિગ્રી મેળવવા માટે ઓનલાઇન વિદ્યાર્થીઓનું સતત મૂલ્યાંકન થતું રહે અને પરિણામ મળતું રહે. મૂલ્યાંકન અંતિમાં કરવાને બદલે કૌશલ્યોને ધ્યાનમાં રાખી એક પદ્ધતિથી કરાશે. પોતાના વિષય નિષ્ણાંત બની તેને અનુરૂપ રોજગારી, વ્યવસાય શરૂ કરવા માટે પ્રાયોગિક અનુભવ મેળવી શ્રેષ્ઠતમ વ્યવસાય શરૂ કરશે.

સરકાર દ્વારા, શિક્ષણ વિભાગ દ્વારા અભ્યાસક્રમોમાં અનેક વિકલ્પો ખુલ્લા મુકાયા છે. આ અભ્યાસક્રમો ભવિષ્યનાં બાળકને ધ્યાનમાં રાખીને શરૂ થયાં છે અને તે અભ્યાસક્રમ થકી રોજગારીની વિશાળ તકો છે જ. પરંતુ જરૂર છે તે બાબતે કાળજીની અને આ કાર્યને સાચો ન્યાય શિક્ષકો અને વિદ્યાર્થીઓ વાલીઓ જ આપી શકશે.

વિદ્યાર્થીમિત્રો, આપ જીવનમાં ધ્યેય બનાવો, જીવનના ઉડાણ માટે કોઈ સ્વપ્ન બનાવો, તે માટે સખત મહેનત કરો, કે પછી સમસ્યા આવે તેને ગુરુ બનાવી તેમાંથી કોઈ જીવનબોધ મેળવી આગળ વધો.

— x — x —

પટેલ દર્શનભાઈ [illegible]ભાઈ
રોલ નં: ૩૬

# ૨૧ મી સદીનો શિક્ષક

"કોઈ પણ દેશના શિક્ષકની ગુણવત્તા તે દેશના શિક્ષકોની સરેરાશ ગુણવત્તા કરતાં ઊંચી ન હોઈ શકે."

એમ સ્પષ્ટ કહી શકાય કે આજની ૨૧ મી સદીનો શિક્ષક દાયણ જેવો હોવો જોઈએ. જેમ દાયણ કોઈ સ્ત્રીના ઉદરમાં બાળકને મૂકતી નથી, પરંતુ ઉદરમાં રહેલા બાળકોને કુશળતાથી પ્રસવ કરાવે છે, એમ જ શિક્ષકએ વિદ્યાર્થીમાં પડેલી સર્જન શક્તિની સામે પ્રગટ કરવાની છે. મારી દૃષ્ટિએ ૨૧ મી સદીનો શિક્ષક (દર્પણ) આયના જેવો હોવો જોઈએ. અર્થાત્ શિક્ષકએ વિદ્યાર્થીને કશુંક આપવાને બદલે તેનામાં જે છે તે બહાર લાવવાનું કાર્ય કરવાનું છે.

આજનો ૨૧ મી સદીનો શિક્ષક એવો છે કે જે શિષ્યની સિદ્ધિઓથી હરખાય છે. શિષ્યમાંથી જે કંઈ શીખવા જેવું છે તે પોતે શીખે છે અને પોતાની જાતનો પણ વિકાસ કરે છે. શિષ્ય જો હારી જાય તો એને હાર સ્વીકારવા દેવાને બદલે પ્રોત્સાહન આપી એનામાં નિપુણ બનાવે છે. પોતાના શિષ્યોને મનથી સ્વીકારે છે. સતત શિષ્યોને વર્તમાન યુગના સ્પર્ધાત્મક કાળમાં કેવી રીતે ટકી રહીને આગળ વધાય તેનું માર્ગદર્શન પૂરું પાડે છે. પોતાના સન્માનને ભૂલી જાય છે પણ સ્વમાની રહેતાં વિદ્યાર્થીઓને શીખવે છે. માત્ર ચોપડીયા જ્ઞાનને મહત્ત્વ આપતો નથી. ઈતરપ્રવૃત્તિમાં ભાગ લેવા માટે પ્રેરણાસ્ત્રોત બને છે.

Page : 145
Date : / /201

શિક્ષક એ તમામ ક્ષેત્રોને આવરી લઈને જ્ઞાન પૂરું પાડે છે. શિક્ષકનું કાર્ય એ વ્યવસાય નથી પરંતુ શિક્ષક તેને અંત:મનથી સ્વીકારી ને કરે તો તે એક અદ્દભુત માનવસેવા છે. જે શિક્ષક આ રીતે કાર્ય કરે તો શિક્ષક માટે આ પંક્તિઓ કહેવી અનુકૂળ રહેશે.

"જિંદગી મળવી એ નસીબની વાત છે.
મૃત્યુ થવું એ સમયની વાત છે. પણ
મૃત્યુ પછી કોઈના હૃદયમાં જીવતાં રહેવું એ
જિંદગીના કરેલા કર્મોની વાત છે."

આજની સદીનો શિક્ષક તેના શિષ્યોને નબળો કે હોશિયાર માનતો નથી. પરંતુ શિષ્યમાં રહેલા તેનાં કૌશલ્યને ખીલવીને તેનામાં આગળ વધવા પ્રેરે છે. આજનો શિક્ષક વર્ગની છેલ્લી પાટલી ઉપર બેઠેલા શિષ્યની આંગળી પકડી તેને સફળ બનાવવાનો પ્રયત્ન કરે છે. આજનો શિક્ષક તેની કૃપાથી શિષ્યને કોઈ પણ ગ્રંથ વાંચ્યા વગર પંડિત બનાવી શકે તેવો છે. આજનો શિક્ષક તેના જીવતાં તેનાં શિષ્યોને આગળ રાખીને ચાલવા માંગે છે. શિષ્યની ઓળખને પોતાની ઓળખ માનીને ચાલનારો છે.

"આજનો શિક્ષક વાંચે છે, વિચારે છે અને,
પોતે પણ સતત વિકસતો રહે છે."

- માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ
નામ:- પટેલ હેતલબેન હકોરભાઈ રોલ નં:- 40

નામ : પટેલ ડિમ્પલ કે.
રોલ નંબર : 21

## * શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા

શેક્સપિયરે કહ્યું છે તે પ્રમાણે આ આખું જગત એક રંગભૂમિ છે અને બધા સ્ત્રી-પુરુષો પોતાને ભાગે આવેલી ભૂમિકાઓ ભજવે છે. શિક્ષકે અનેક ભૂમિકાઓ ભજવવાની હોય છે. એટલે કે ભૂમિકા એટલે શું? તેનો ખ્યાલ મેળવવો જરૂરી છે. સંચાલનના દૃષ્ટિકોણ અનુસાર "કોઈ કોઈ એક સામાજિક સંસ્થામાં કોઈ એક પદ કે હોદ્દો ધરાવતી વ્યક્તિ પાસેથી અપેક્ષિત વર્તનો એટલે ભૂમિકા" શિક્ષકની ભૂમિકા એટલે કે શબ્દની ભૂમિકા એટલે શિક્ષક અને તેના પદ સાથે સંબંધ ધરાવનાર લોકો દ્વારા અપેક્ષિત વર્તનો, વિદ્યાર્થીઓ, બીજા શિક્ષકો, આચાર્ય, વાલીઓ, અધિકારીઓ, સરકાર સમાજ એ બધા શિક્ષક સાથે સંકળાયેલા લોકો છે. આ બધા વ્યક્તિઓ અને શિક્ષક સાથે સંકળાયેલા લોકો છે. આ બધા વ્યક્તિઓ અને શિક્ષક પોતે શિક્ષકના પદ પાસેથી જે વર્તનોની અપેક્ષા રાખે તે વર્તનોને શિક્ષકની ભૂમિકા કહેવાય.

ઈ.બી. વેસલેના મત મુજબ જગતમાં પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન યુગોમાં શિક્ષકની ભૂમિકાઓનો ઇતિહાસ આલેખ્યો છે. તેમના નિષ્કર્ષ મુજબ શિક્ષકે ઋષિઓ, કવિ, ફિલસૂફ, પયગંબર, વિદ્રોહી, સમાજ-સુધારક, નીતિ અને સદાચારના સંરક્ષક પોતાના જ્ઞાનનું અર્પણ કરનાર અને વર્ગખંડમાં ભણાવનાર એમ વ્યાપક ભૂમિકાઓ ભજવી છે. એક સંશોધનમાં ઓસ્ટ્રેલિયા અને હોંગકોંગના 170

શિક્ષકો ઉપર સંશોધન કરીને તારણ આપ્યું હતું કે શિક્ષકોની પોતાની દૃષ્ટિએ અધ્યાપનને લગતી મુખ્ય ભૂમિકાઓ બે દર્શાવી છે. જેમાં,
(1) વિદ્યાર્થીઓને વર્ગખંડમાં સુવિધા કરી આપનાર અને
(૨) જ્ઞાન કે માહિતીનું પ્રસારણ કરનાર. વળી, તેમના સંશોધન અનુસાર વિદ્યાર્થીઓને અધ્યયન કરવામાં સુવિધા કરી આપનારની ભૂમિકા સ્વીકારનારા શિક્ષકો વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે પ્રેરી શકે છે.

વર્ગખંડમાં એક શબ્દનો અર્થ શીખવવાની નાનકડી ભૂમિકાથી માંડીને રાષ્ટ્રના ભાવિનું નિર્માણ કરવાની વિરાટ ભૂમિકા સુધીની શિક્ષકની વિવિધ ભૂમિકાઓ છે. સમય, સ્થાન અને સંજોગો અનુસાર શિક્ષકની ભૂમિકાઓમાં પરિવર્તન પણ આવે છે. જો શિક્ષકની ભૂમિકાઓનું વિશ્લેષણ કરવામાં આવે તો શિક્ષકની ચાર પ્રકારની ભૂમિકાઓ તારવી શકાય છે.
(1) પાયાની ભૂમિકા
(૨) વિશિષ્ટ ભૂમિકા
(3) વ્યાવસાયિક ભૂમિકા
(4) અનૌપચારિક ભૂમિકા

## (1) પાયાની ભૂમિકાઓ

શિક્ષક પાયાની ચાર ભૂમિકાઓ ભજવે છે. તે વર્ગખંડમાં વિદ્યાર્થીઓ માટે નેતા, વર્ગ સંચાલક, સામાજીકરણ કરનાર અને નૈતિક વિકાસને પોષક તરીકે ભૂમિકાઓ ભજવે છે. શિક્ષક નેતા તરીકે વિદ્યાર્થીઓની વિચારણા, પ્રવૃત્તિઓ અને આચરણને યોગ્ય માર્ગે દોરે છે. વર્ગ સંચાલક તરીકે સૌ વિદ્યાર્થીઓ સાથે નિષ્પક્ષ અને વસ્તુલક્ષી રીતે વર્તે છે. સમાજના ધોરણો અને આદર્શો વિદ્યાર્થીઓમાં ઉતારીને શિક્ષક સામાજીકરણમાં પોતાની મહત્વની ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થીઓમાં સારાસારનો વિવેક કેળવીને તે વિદ્યાર્થીઓના નૈતિક વિકાસને પોષે છે.

## (૨) વિશિષ્ટ ભૂમિકા

- શાળામાં આચાર્ય, શિક્ષક અને કલા કે શારીરિક શિક્ષણ જેવા વિષયોના શિક્ષક તરીકે અનેક વિશિષ્ટ ભૂમિકાઓ ભજવે છે. શિક્ષક સંચાલકીય અને વિદ્યાકીય એમ બંને પ્રકારનું નેતૃત્વ પૂરું પાડે છે. શિક્ષકે પોતાની વિશિષ્ટ ભૂમિકા ભજવવા માટે પોતાના વિષયમાં પારંગત હોય અને જ્ઞાન મેળવવાની કાળજી રાખતા હોય તેવી સમજ અપેક્ષા છે. ચોક્કસ વિષયમાં વિશિષ્ટીકરણ કરવાને કારણે જ્ઞાનની મૂળભૂત એકતાનું દ્રષ્ટિબિંદુ શિક્ષક ન ગુમાવે એ પણ જરૂરી ગણાયું છે.

(૩) તે કૉલેજના ઔપચારિક સંચાલનને સુધારે છે અને સક્ષમ બનાવે છે.

વર્ગખંડમાં શિક્ષક શીખવનારની અને સંચાલકની એમ મુખ્ય બે ભૂમિકાઓ ભજવે છે. વોઇનબર્ગ નામના વિદ્વાને વર્ગખંડમાં શિક્ષકની સમગ્ર ભૂમિકાઓનું વિશ્લેષણ કરીને જુદી-જુદી ૧૮ પેટા-ભૂમિકાઓ દર્શાવી છે. સમાજના પ્રતિનિધિ, ન્યાયાધીશ, નિષ્ણાત, મદદગાર, નિર્ણાયક, શોધક, તાદાત્મ્યીકરણ કરી શકાય તેવી વ્યક્તિ, વિદ્યાર્થીઓની ચિંતા ઓછી કરનાર, વિદ્યાર્થીઓની સ્વ-સંકલ્પના કે આત્મવિશ્વાસને વધારનાર, જૂથના નેતા, વિદ્યાર્થી માટે માતા-પિતાનું સ્થાન લેનાર અને વિશ્વાસુ મિત્ર આમ ૧૮ પેટા-ભૂમિકાઓ શિક્ષક વર્ગખંડમાં ભજવે છે. શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીઓ માટે તાદાત્મ્યીકરણ કરી શકે તેવી વ્યક્તિ છે તેનો અર્થ એ થયો કે વિદ્યાર્થી પોતાની જાતને શિક્ષક સાથે એકરૂપ કરે છે તે શિક્ષકો આદર્શ ગણે છે અને તેના જેવા થવાનો પ્રયત્ન કરે છે. શિક્ષકની આ ભૂમિકા કેટલી ભવ્ય, રોમાંચક અને જવાબદારીથી ભરી ભરી છે.

શિક્ષક વિદ્યાર્થી, પ્રેરક, આધ્યાત્મિક દૃષ્ટિએ ઉત્થાન કરાવનાર, જ્ઞાન આપનાર, શીખવામાં મદદ કરનાર, સમગ્ર માહિતીને વ્યવસ્થિત રીતે વિદ્યાર્થી સુધી પહોંચાડનાર, આદર્શ વ્યક્તિ, સામાજિક પરિવર્તનનો એજન્ટ, સંસ્કૃતિના વારસાને હસ્તાંતરિત કરનાર અને સતત વિદ્યાર્થી રહેનાર એને શિક્ષક કહેવામાં આવે છે.

# : સફળ શિક્ષકનું પંચામૃત :

પ્રજાપતિ હેતલ સુરેશભાઈ
રોલ નં : 42

હું આજે સફળ શિક્ષકના પાંચ અમૃત જેવા ગુણો કે જે એક સામાન્ય શિક્ષકને સફળ તો બનાવે જ છે પરંતુ આ સાથે શિક્ષકને ચિરંજીવી બનાવે છે આ પાંચ અમૃત સમકક્ષ ગુણો નીચે મુજબ છે

(1) મિત્ર, વિચારક તથા માર્ગદર્શક
(2) સ્વયં અભિપ્રેરિત
(3) સ્વયં શિસ્ત
(4) આધુનિક વલણ
(5) શિક્ષણ: એક વ્યવસાય નહિ, એક ધર્મ

(1) મિત્ર, વિચારક તથા માર્ગદર્શક

શિક્ષક સંવેદનશીલ હોવા ઉપરાંત વિદ્યાર્થીઓનો સાચો માર્ગદર્શક પણ હોવો જોઈએ. જ્યારે વિદ્યાર્થીઓને મુશ્કેલી આવે તો શિક્ષક એને સમજણી મિત્ર બની શકે છે. જો બાળકનું ઘડતર સંવેદના અને પ્રેમથી થાય તો તે કુદરતની અફાટ થાપટો વચ્ચે પણ અડીખમ ઊભુ રહે. શિક્ષક તેના સુવિચારોથી જેટલો વધુ ધનવાન હશે, તેટલો વધુ તે સફળ બની શકે.

(2) સ્વયં અભિપ્રેરિત

આજનો શિક્ષક માત્ર 'ચોક એન્ડ ટોક' માં જ માનવાને બદલે તેની પાસે ટેકનોલોજી

નું ભરપૂર જ્ઞાન અને હકારાત્મક અભિગમ હોવો જોઈએ. વર્ગખંડમાં જતા પહેલા દરરોજના સમાચારપત્રોની માહિતી લઈને વિદ્યાર્થીઓને દેશ-દુનિયા સાથે જોડતો હોવો જોઈએ. આમ કરવાથી વિચારોનું આદાન-પ્રદાન થાય વિદ્યાર્થીઓનું શિક્ષક સાથે અને વિદ્યાર્થીના જીવનનો ઓરડો શિક્ષકના પ્રકાશથી પ્રકાશિત થઈ જાય. વિદ્યાર્થીઓને રમૂજ વાર્તા કહી તેમની કલ્પનાશક્તિને વિસ્તાર પાંખો આપી તેમનામાં નવીન સ્વપ્ન અને ધ્યેય જગાડી તેના જીવનને સુંદર આકાર આપવામાં મદદરૂપ થાય છે

(3) સ્વયંશિસ્ત

સ્વયંશિસ્ત એટલે એક શિક્ષકને છાજે એવું વર્તન, પહેરવેશ, નિયમિતતા, વાંચન સમૃદ્ધિ, વફાદારી, સ્વમૂલ્યાંકન તથા શિષ્ટભાષા. તે માત્ર પાંચ કલાક પૂરતો નહિ. પરંતુ 24 કલાક માટે શિક્ષક હોવો જોઈએ. તેનું આચરણ અન્યોને ઉદાહરણીય હોવું જોઈએ.

(4) આધુનિક વલણ

અત્યારના ટેકનોલોજીના યુગમાં વિદ્યાર્થીની વિચારસરણી વિકસે એ માટે શારિરિક સજાના સ્થાને સર્જનાત્મક સજા એવી વિચારી શકાય અને આજુ-બાજુના વિકાસને સાથે લઈને વિદ્યાર્થીને દોરતો હોવો જોઈએ.

(5) શિક્ષણ- એક વ્યવસાય નહિ, એક ધર્મ

શિક્ષક શિક્ષણને વ્યવસાય ગણે તો એ ક્યારેય સફળ ન બની શકે. પ્રગતિ કરે

શિક્ષક પરંતુ તે વિદ્યાર્થીના જીવનમાં ચિરંજીવી સ્થાન પામી શકતો નથી. એક અમીટ છાપ મૂકવા માટે શિક્ષકને એક ધર્મ તરીકે સ્વીકારવો પડે, શિક્ષકને એક સમૃદ્ધ કર્મ બનાવો, ખંડિત કર્મ નહિ.

આમ, એક સફળ શિક્ષક બનવા માટે આ પાંચ અમૃત એટલે કે આ પંચામૃત ને જે શિક્ષક પોતાના જીવનમાં ઉતારે છે એ જ શિક્ષક વિદ્યાર્થીઓના જીવનમાં આદર્શ બની શકે છે

# મારા શિક્ષકનુ મારા જીવનમા પ્રદાન

નામ: રેડેલ સાધના જે.
રોલનં: ૫૩

શિક્ષકનુ શિક્ષણ એકમાત્ર મૂલ્યવાન સંપતિ છે. જે મનુષ્ય હાંસલ કરી શકે છે. શિક્ષકનુ શિક્ષણ એ સમકાલીન જગતમા સફળ થવા માટેના શિક્ષક શિક્ષણની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. વિદ્યાર્થીના જીવનમા શિક્ષકની સ્વર્થ એક ~~માર્ગ~~ માર્ગદર્શક હોય કે જે વિદ્યાર્થીના ચારિત્ર્યના ઘડતર માટે તેને અપેક્ષિત પરિવર્તનની દિશામા લઈ જનાર હોય છે. મારા જીવનમા કેટલાક શિક્ષકનુ મહત્વનુ પ્રદાન નીચે મુજબ છે.

હું જ્યારે પ્રાથમિક શાળામા અભ્યાસ કરતી હતી અને હું પ્રાથમિક શાળા કુકવાડીમાં અભ્યાસ કરતો હતી જ્યારે હું ધોરણ-૩ માં આવ્યો ત્યારે મને ખૂબ બીક લાગતી હતી. પહેલા પિરિયડમા એક સર ભણાવવા આવ્યા જે અમારા વર્ગ ટીચર હતા એમનુ નામ શંકરભાઈ હતુ. એમણે થોડુ લેસન માટે કામ સોંપ્યુ. હુ મનમા રડતી ગુજરાતી ભણવા ગયેલાને જેમ વર્ગકાર્ય સ્લેટમા લખીને અમારા સરને બતાવ્યા. પરંતુ મારા અક્ષર પહેલેથી જ સારા આવતા હતા. એ જોઈને સર પ્રભાવિત થયા. અને મને કહ્યુ " બેટા, તારા અક્ષરો તો ઘણા જ સારા આવે છે તુ ભણવામા હોશિયાર લાગે છે"

એમ આજ પ્રેમથી ~~[illegible]~~ દ્વારા મારા
આત્મવિશ્વાસ કેળવવામાં કડીરૂપ સાબિત થયું
અને ત્યારબાદ એજ સ્કૂલમાં શીખ જવું અને
ભણવું એ મારા માટે મજાની વાત બનીને રહી
ગયું. એમનું એ હકારાત્મક વાક્ય મારામાં
આત્મવિશ્વાસ પ્રતિક સમાન બની રહ્યું. મારા
શિક્ષકશ્રીનું મારા પ્રત્યે માન વધવા લાગ્યું આ
શિક્ષકશ્રીનું ~~મારા~~ એ મને ખૂબ જ ધોરણ-7
સુધી માર્ગદર્શન પૂરું પાડ્યું. અને આ ધોરણ
1 થી 7 સુધીના એક ગુરુ શિષ્ય તરીકેનો
સંબંધ જળવાયો. તે આજે પણ હું આ ગુરુ
એવા શ્રી. શંકરભાઈને હું આભાર માનું છું અને
આ શિક્ષકના માર્ગદર્શન મળતું રહ્યું. જ્યારે હું
ધોરણ 8 થી 10 માં ભણવા જતો અને. ધોરણ-10
માં મારા 80% આવ્યા. તે માટે હું
સરનો ખૂબ આભાર માનું છું. પછી
હું જ્યારે ધોરણ-11 સાયન્સમાં એડમિશન
મળ્યું પછી જ્યારે ધોરણ-11 માં મારા ક્લાસ
સંચાલન બ્રિજેશ સર જે ભૌતિકવિજ્ઞાન ભણાવતા
હતા. જ્યારે એમણે એક દાખલો લખ્યો અને
વર્ગમાં જ્યારે કોઈ પણ ન ગણી શક્યું. ત્યારે
એ દાખલો મેં ગણી બતાવ્યો અને તે
સાચો પડ્યો. ત્યારથી એમણે મને ખૂબ જ
ગર્વથી બોલી સુંદર અભિનંદન, શાબાશ
એમ કહી મારું ગૌરવ વધાર્યું. અને

અને મને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું. અને ધોરણ-12 સાયન્સમા 60%. હારા પાસ થયો. અને મારા સર ખૂબ પ્રસન્ન થયા. મારા પણ અને હું ખુબ જ તેમનો આભાર માનુ છું. ત્યાર બાદ તેમને મને B.Sc. કરવા માટે કહ્યુ. અને પછી M.Sc. અને ત્યાર બાદ મે B.Ed મા એડમીશન લેવા મને પ્રોત્સાહન આપ્યુ.

આમ હું મારા સર બ્રિટેશભાઈને હું ભાવભર્યો આભાર માનું છુ અને આગળપણ મને પોત્સાહન આપતા રહે તેવી આશા રાખુ છુ.

## આજના શિક્ષણની સમસ્યા



નામ :- રડેલ સાધન .જે.
રોલ.નં :- ૫૩

આજની શિક્ષણ-રચનાથી શિક્ષણવિદ, વાલીઓ શિક્ષકો, વિદ્યાર્થીઓ કે સરકારને સંતોષ નથી. કહી તો એમ શકાય કે વ્યાપક નિરાશા છે. સ્વરાજ પ્રાપ્તિ પછી અભ્યાસક્રમો, વિદ્યાલયો અને વિદ્યાર્થીઓની સંખ્યા વિપુલ માત્રામા વધી છે. છતા શિક્ષણ સમસ્યારૂપ છે. શિક્ષણના દરેક અંગમા પરિવર્તનની માંગ છે. તેથી માત્ર ઉપરના ફેરફારોથી મૂળભૂત પ્રશ્નો નહિ ઉકેલે. ભારતીય શિક્ષણમા ઉચીત સ્વરૂપે મળે તે માટે કેટલાક પરિવર્તનો જરૂરી છે. શિક્ષણ પ્રક્રિયા કેવળ મનુષ્ય જાતિમા જ છે કારણ કે વિકાસના વિવિધ તબક્કે અનેક ક્ષમતાઓ, કૌશલ્યો અને ગુણોનો વિકાસ વિદ્યાર્થીમા થાય તેવી અપેક્ષા છે. આજે શિક્ષણ પ્રાપ્ત વ્યક્તિ વધુ આપરખો શોષણમૂલક અને અન્યાય વિશે અપરવા કેમ છે? તેના મૂળ હેતુઓ સિદ્ધિયા હતા તેમ છે.

આ કેળવણી ભીંધેલી ભારતમા રહેશે પરંતુ ભારતની નહી રહે. તે કોઈ કરનારી અશકીત મહદંશે બનશે. આમા પરિવર્તન લાવવા માટે કેટલાક પગલા નીચે મુજબ છે.

આજના શિક્ષણ વ્યવસ્થાની ગંભીર મર્યાદા એ છે કે તે વધુને વધુ કેન્દ્રીયકરણવાળી અને સરકારના કબજાવાળી થતી ગઈ છે. તંત્રની મૂળભૂત મર્યાદા કે લક્ષણ છે. તે બધાને એકસરખા કરવા દોડે છે

તબક્કા માટેના નિયમો શાળાને પણ લાગુ પડે છે.
શિક્ષણ માટે વસ્તુ કે વ્યવસ્થા સાથે નહિ ત્યાંત
બાળક સાથે કામ પડે છે. તેથી અનેક પ્રકારના
પ્રયોગો કરવા જરૂરી છે. વળી સ્વનિર્ભરતાના
નામે તો લૂંટ અને અરાજકતાને પોષણ મળ્યુ છે.

શિક્ષણની બીજી મોટી મર્યાદા તે કેન્દ્રીત
રચના તરફ વળ્યુ છે તે છે. ધ્યેય સમાન અને
સ્પષ્ટ હોય પરંતુ ત્યાં પહોંચવાના માર્ગો ભિન્ન
-ભિન્ન હોઈ શકે. સાત ધોરણ સુધીનુ બાર
ધોરણ સુધીનુ અને મહાવિદ્યાલય સુધીનુ શિક્ષણ
સંસ્થાઓ, આચાર્યો, કામ આપનાર એજન્સીઓનો
અવકાશ કેમ નથી? દા.ત. આખા ગુજરાતનુ એક જ
માધ્યમિક શિક્ષણ બોર્ડ શા માટે? ઉત્તર ગુજરાત,
દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છનુ એમ ત્રણ
હોઈ શકે. માત્ર બોર્ડ કે યુનિવર્સિટીનુ કદ નાનુ
હોય તેટલુ પુરતુ નથી. વિદ્યાલય અને મહાવિદ્યાલય
કક્ષાનિ સ્વાયત્તતા અને પ્રયોગશીલતાનુ આયોજન
જરૂરી બનશે. જ્યાં સારા પરિણામો મળ્યા છે. તે
સંસ્થાઓની આ બંને તત્વો એના પાયામાં દેખાશે.

——— x ——— x ———

# "વિદ્યાર્થીઓ પ્રત્યે શિક્ષકનો અમૂલ્ય પ્રેમ"

નામ : પટેલ જીતેન્દ્રકુમાર યુ.
રોલ નં : ૪૪.

"બાળક આપણામાંથી આવે છે પણ એ આપણા નથી હોતા" આજના વર્તમાન સમયને ધ્યાનમાં લઈએ તો વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષકનું ખૂબ મહત્વ છે. વિદ્યાર્થીઓના જીવનમાં સારું પ્રભુત્વ પાડનાર અને તેમને ભવિષ્યમાં ખૂબ પ્રગતીશીલ બનાવનાર પણ એક શિક્ષક હોય છે. એક શિક્ષક ધારે તો આર્થિક અને સામાજિક દ્રષ્ટિએ વિદ્યાર્થીઓના જીવનમાં ઘણાં પરિવર્તનો લાવી શકે છે. આવી એક સારો શિક્ષક એ જ વિદ્યાર્થીઓનું શિક્ષણ સુધારવા હંમેશા તત્પર હોય છે.

બાળક એ કુદરતે આપેલી એક અમૂલ્ય ભેટ છે. આ ધરતી પર એવા અસંખ્ય દંપતીઓ છે કે જેમના જીવનમાં બાળક ન હોવાના કારણે હંમેશા ખાલી ગોદ રહે છે. મનુષ્યની પાસે ઘણુંબધું ધન વૈભવ હોય પરંતુ જીવનમાં તેમની પાસે બાળકો જ ન હોય તેવા વ્યક્તિઓને હંમેશા બાળકની ખોટ લાગતી હોય છે. જ્યારે અમુક લોકો એટલા ભાગ્યશાળી છે કે જેમના જીવનમાં બાળકો તો છે. પરંતુ તેઓ

તેમની કદર અને દેખરેખ કરતા નથી તેમની યોગ્ય ઉછેર પણ નથી આથી બાળકનું જીવન તદ્દન બેકાર અને અર્થહીન તથા દિશાહીન બને છે.

જ્યારે બાળકને સૌ પ્રથમ શાળામાં મૂકવામાં આવે ત્યારે તે માતા-પિતાની છત્રછાયાથી દૂર નવી દુનિયામાં પ્રવેશ કરે છે. ત્યારે તેને અભ્યાસ કરાવનાર પ્રાથમિક શિક્ષક જ તેના મનમાં સૌ પ્રથમ સ્થાન લે છે. આ દરમિયાન શિક્ષક બાળકને જે પણ વર્ગખંડમાં શીખવે તે બાળક શીખતું હોય છે. પરંતુ એને એ વાતની ખબર ન હોય છે કે શિક્ષક તેને સાચું શીખવી રહ્યા છે કે ખોટું રાત-દિવસ વિદ્યાર્થી આવી બાબતોને ધ્યાનમાં લઈને વિચાર કરતાં હોય છે. બાળકના મનમાં આવો અભ્યાસ કરાવનાર શિક્ષકની છબીઓ આવતી હોય છે. વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષકનો અમૂલ્ય અને શ્રેષ્ઠ ફાળો છે. નાનું બાળક એ ખીલતા ફૂલની જેમ હોય છે. જેથી તેને જેવી રીતે સાચવો એવી રીતે સચવાશે.

આધુનિક સમયમાં શિક્ષકે વિદ્યાર્થીઓ પ્રત્યે પરિપૂર્ણ અને વિશેષ કાળજી રાખવાની જરૂર છે. શિક્ષકનો પ્રથમ ધર્મ એ જ છે કે જે વિદ્યાર્થીઓના પ્રત્યે હંમેશા પ્રેમ, સન્માન અને આદરની ભાવના ધરાવતો હોવો જોઈએ. જ્યારે શિક્ષક વર્ગખંડમાં હાજર ન હોય ત્યારે વિદ્યાર્થીઓ શિક્ષકની ખોટ અનુભવે એવા હોવા જોઈએ.

# વિદ્યાર્થીના હૃદયમાં વસે તે જ સાચો શિક્ષક!

નામ: પટેલ પૂર્વીકુમારી એન.
રોલ નંબર: ૫5

કાકાસાહેબ કાલેલકર લખે છે, "શિક્ષકનો વ્યવસાય બધા જ વ્યવસાયોમાં સૌથી પવિત્ર વ્યવસાય છે." શિક્ષક એ પવિત્રતાનો વાહક અને વાહક છે, પૂજારી અને પ્રહરી છે. બીજા વ્યવસાયોમાં કેટલુ ધન મળે છે, કેટલો વૈભવ મળે છે, કેટલી શક્તિ મળે છે અને કેટલાક અધિકાર મળે છે તેના પર વ્યવસાયકારની સફળતાનો માપદંડ નક્કી થાય છે. જ્યારે શિક્ષકના વ્યવસાયમાં તમે કેટલા વિદ્યાર્થીઓના દિલ જીતી લીધા, કેટલા વિદ્યાર્થીઓનો વિશ્વાસ જીતી લીધો, પોતાના શિક્ષક કર્મ દ્વારા કેટલા વિદ્યાર્થીઓને યાદ કરવા માટે વિવશ કરી લીધા, તેના પર જ શિક્ષક જીવનની શ્રેષ્ઠતા પુરવાર થાય છે.

એક શિક્ષકે તેમનું મૂલ્ય જરૂર સમજવું જોઈએ અને વિશ્વાસ રાખવો જોઈએ કે બાળકો માટે સંસારની સૌથી મહત્વપૂર્ણ વ્યક્તિ, માતા-પિતા પછી આપણે જ છીએ. યાદ રહે કે કોઈ પણ વ્યક્તિ સરળતા કે સહજતાથી શિક્ષકની પદવી કે ઉપાધિ લઈ શકે છે, પરંતુ શિક્ષક બનવું થોડું અઘરું છે અને એથીય અઘરું પોતાના

શિક્ષકત્વને ઉજાગર કરી, પ્રસ્થાપિત કરવું તે છે, પરંતુ આ અશક્ય તો નથી જ.

જે જ્ઞાન મેળવીને વ્યક્તિ પોતાની માન્યતાઓ, ભાવનાઓ, આકાંક્ષાઓ તેમજ આદર્શોનું નિર્માણ કરે છે એવા જ્ઞાન ને વિદ્યા કહે છે. આ વિદ્યા દ્વારા જ એક શિક્ષક તેમના વિદ્યાર્થીઓમાં શ્રમ, સંયમ, વિવેક, ચારિત્ર્ય, સ્વાસ્થ્ય, વિનય, શ્રદ્ધા, ઉત્સાહ, વીરત્વ, સેવા, સહયોગ જેવા ગુણોને સ્થાપિત કરી શકે છે.

માનવી જે સાધન પ્રણાલીથી જ્ઞાન પ્રાપ્ત કરે છે તેનુ નામ જ શિક્ષણ છે. માનવીને માનવતાથી સંપન્ન બનાવવો એ શિક્ષણનો ઉદ્દેશ્ય છે. બાળકની અંદર માનવતાના બીજ પડેલા છે તેને અંકુરિત કરવા યોગ્ય પર્યાવરણ પૂરુ પાડવુ અને પૂર્ણ માનવી બનાવવો એ જ શિક્ષણનો મૂળભૂત હેતુ છે.

શિક્ષણ એ માત્ર આજીવિકા મેળવવાનું સાધન નથી, પરંતુ માનવીય મૂલ્યોના ઘડતર માટેની શ્રેષ્ઠ સાધના છે, જીવન જીવવાની કળા શીખવતી આરાધના છે. શિક્ષણની અનેક પ્રકારની ઉપલબ્ધિઓ, સુવિધા-સાધનો આજે સર્વત્ર જોવા મળે છે. વિદ્યાલયોમાં શિક્ષણ મેળવીને અનેક વિદ્યાર્થીઓએ પોતાની યોગ્યતા પ્રસ્થાપિત કરી તંદુરસ્ત સમાજના નિર્માણમાં યશસ્વી યોગદાન આપ્યુ છે અને આપી રહ્યા છે. પ્રદેશનુ ગૌરવ વધે, રાષ્ટ્રનુ ગૌરવ વધે, સભ્યતા, સંસ્કૃતિ અને અસ્મિતાનુ જતન

પામી શકતો નથી. મિહુની વાતોમાં પણ ગામનાં ભલાં બેઠેલાં છે. મિહુની મધુર અને નમણી વિદ્યાર્થીઓને ગમતા થયા છે.

સહર્ષ કિશાન સોરમ

www.bookganga.com
>Book Review

[illegible]

F.Y. B.Ed

"આનંદમય શિક્ષક કઈ રીતે બનીશું"

"આનંદમય શિક્ષક કઈ રીતે બનીશું" તે આ [illegible] પુસ્તક વાંચીને જાણવાનું ગમ્યું. આ [illegible] મેં [illegible] મંતવ્યો રજૂ કર્યાં છે. [illegible] [illegible] [illegible] વર્ગખંડમાં [illegible] [illegible] [illegible] પરંતુ આનંદમય શિક્ષક બનવા માટે જો [illegible] 20 સૂત્રો છે જે [illegible] [illegible] વર્ણવેલ છે.

આનંદમય બનવા શિક્ષક આ [illegible] ધ્યાનમાં લે છે. તે નીચે મુજબ છે.

[illegible]નો વિચાર સ્વીકારે

[illegible] [illegible]

[illegible] લાગણી સ્વીકારે

[illegible]નો પ્રોત્સાહન

[illegible]ની સૂચન

[illegible] શિક્ષક [illegible] વસ્તુઓમાં [illegible]

[illegible] [illegible]

[illegible]

## " આનંદમય શિક્ષક શી રીતે થઈશું ? "

→ આનંદમય શિક્ષક બનવાનાં ૨૦ સૂત્રો આપવામાં આવેલા છે. જે નીચે મુજબ છે:

1) જે વ્યવસાયના લક્ષણ જાણે.
2) જે શિક્ષકનાં ગુણ અને દુર્ગુણ જાણે.
3) જે પોતાના વ્યવસાયનો પૂર્ણરૂપે સ્વીકાર કરે.
4) જે પોતાની દ્રષ્ટિ આશાવાદી રાખે.
5) જે શીખવવાની કળા જાણે.
6) જે શીખવવાની પરીક્ષા અસર સમજે.
7) જે વિદ્યાર્થી માનસ સમજે.
8) જે વર્ગમાં વિવિધ શિક્ષણ પ્રવૃત્તિઓ ઉપયોગ કરે.
9) જે સિદ્ધિ પ્રેરણા વિદ્યાર્થીમાં વિકસાવે સહકારમય બને
10) જે વર્ગમાં વાતાવરણ સમજી શકે
11) જે સરસ તૈયારી કરે.
12) જે શબ્દ મહત્વ સમજી વાણી પર કાબુ મેળવે
13) જે સ્વયમ પુરવાર થતું ભવિષ્યકથન ની અસરકારકતા સમજે
14) જે પરિવર્તન પામતા નવા અર્થો જીવનમાં મેળવે
15) જે સંબંધ દ્વારા મુક્તિ પામે
16) જેનો "સ્વભાવ" સહકારમય, સુરીલો રાખીને
17) જે સમયનો સદ્ઉપયોગ કરે
18) જે પરમાર્થ કર્મ કરે જે ધર્મ કરે.
19) જે પોતાની માંહેનુ 'અંદરત્વ' વિકસાવે
20) જે નવપલ્લવન કરે.

શિક્ષકનો વ્યવસાયને કોઈ પણ વ્યવસાય સાથે સરખાવે પરંતુ એક જોકર અનેકમાં વ્યાપી નથી શકતો એમ કહેવાય છે. એક એન્જીન ડ્રાઇવર દસમાં પણ

વ્યાપી શકતો નથી એક એન્જિનિયર ડિપ્લોમાં વ્યાપી શકે? જ્યારે એક શિક્ષક હજાર હજાર વિદ્યાર્થીમાં વ્યાપી શકે છે.

હરેક મનુષ્ય ઝંખે છે.

Esteem Need, Love need, recognition need.

એટલે કે હરેક મનુષ્યને આત્મીયતાની ઇચ્છા હોય, પ્રેમની ઇચ્છા હોય, સન્માનભાવ પામવાની ઇચ્છા હોય શિક્ષકનો વ્યવસાય આ જરૂરતનો ઉત્તમ રીતે સંતોષે છે અને વળી, એ સંતોષ દ્વારા આપણા અસ્તિત્વની નવી કૂંપળ ફૂટતી રહે છે.

આપણે મનુષ્ય છીએ એ આપણે માની લીધું છે તેથી આપણો પૂરો વિચાર નથી કર્યો. પણ લાખો વર્ષ ગયા મનુષ્યત્વ પામતા! એ વર્ષો સંઘર્ષમાં ગયા, યાતનામાં ગયા લાખો ગણી યાતના આપણી ભિંતોની આપણા વડવાઓ એ ભોગવી આપણી કે રેડીઓનું સુખ ભોગવીએ છીએ, એ માટે માર્કોનીએ શોધ કરી ત્યારે તમે રેડીયો પામ્યા

આ તો, ભૌતિક વૈજ્ઞાનિકની શોધખોળની વાત થઈ પણ મનુષ્યમાં જે ચાર શક્તિઓ આવી 1) કલ્પના 2) સ્મૃતિ (3) અંતરદર્શન (4) વાણી આ ચાર શક્તિનો ઉપયોગ કરીએ તો આપણો વ્યવસાય કેટલો લીલોછમ બને? કેટલો હર્યોભર્યો બને? આપણી વાણી વ્યવહારને ભુવનદાયી બનાવીએ, આપણી કલ્પનામાં સારા ભવિષ્યનાં ચિત્રો સમજીએ, આપણી સ્મૃતિઓથી ઉજાશ કાઢી, આપણી અંતરદર્શન ઓકાશ ભરીએ તો આપણા "સર્જક મતને વડે એક " ડાઇક આઈડિયે" આપણા મૂળ મનુષ્યત્વનાં મૂળ... એના સીંચીએ તો

માંથી સુદૃઢ પ્રગતિ રહેશે. કેટકેટલા તત્ત્વચિંતકોએ, મુનિઓએ
શિક્ષણ વ્યવસાયમાં અભિરસ પૂર્યાં છે.

પંડિત રાધાકૃષ્ણનના જન્મ દિવસે "5 મી સપ્ટેમ્બર"
જ્યારે "શિક્ષકદિન" ઉજવીએ ત્યારે આપણે સોક્રેટીસ, જગદ્ગુરુ
શંકરાચાર્ય, ઈસુ ખ્રિસ્ત, ભગવાન બુદ્ધ, ભગવાન મહાવીરથી
માંડીને કવિવર ટાગોર સુધીના ઉત્તમ ગુરુઓને
યાદ કરીએ જેણે શિક્ષકના વ્યવસાયમાં તેજ પૂર્યાં.

"આનંદમય શિક્ષક કઈ રીતે થઈશું?" તો તમે
તમારી જાતને પૂછો કે તમે શીખવ્યા પછી "આજે કયા
વર્ગમાં વિદ્યાર્થીઓને વધારે મજા આવી? ક્યારે મને
વધારે મજા આવી? અને વિદ્યાર્થીઓને પર જુદી જુદી
પદ્ધતિ અજમાવતા જ. ગુણવાન શિક્ષક ક્યારે
કહેવાય? જ્યારે, એ શિક્ષક એ વિદ્યાર્થીને શીખવવાની
પ્રક્રિયામાં તલ્લીન બનાવે. વર્ગમાં શિક્ષકો બે પ્રકારની
અસર પહોંચાડે છે. પ્રત્યક્ષ અસર અને પરોક્ષ અસર.
નેડ ફ્લેન્ડર્સ નામના મનોવૈજ્ઞાનિકે એને માપવા
માટે પ્રવિધિ શોધી એના આધારે વડોદરા યુનિવર્સિટીમાં
એમનો પી.એચ.ડી.ના મહાનિબંધો કરાવ્યા વર્ગમાં પ્રયોગ
કરીને તારણ આવા આવ્યાં

આનંદમય શિક્ષક બનવા માટે જેમ
ઘરમાં વાતાવરણ હોય, મંદિરમાં વાતાવરણ હોય એમ
શાળામાં પણ વાતાવરણ હોય તથા
એક દમમાં પણ એમ સાધન ચમકદાર
શીખવાની રોજ તૈયારી કરવી પડે. જે
વ્યવસાય તેમ તેમ કુશળતાની તૈયારી
કરવી પડે ।। સાધનોની સજ્જતાની તૈયારી

૪) પોતાના વ્યવસાયની કુશળતાઓ હરરોજ વિકસાવતા રહેવાની તૈયારી ૩) વ્યવસાયમાં નવું નવું શું થઈ રહ્યું છે તેની જાગૃકતા વિકસાવવાની તૈયારી શિક્ષકના વ્યવસાયમાં શિક્ષકનો સ્વભાવ સુધારવા, બોલવાની રીતરસમ અસરકારક સર્જન, તથા આપણા વિષયનું અધ્યતન જ્ઞાન મેળવવાની તૈયારી કરતા રહેવું જોઈએ.

- આનંદમય શિક્ષક શી રીતે થઈશું?

નામ:- પટેલ સોનાલી. એચ.
રોલ. નં:- 46

મળતું નથી તેમ જ વિદ્યાર્થીઓ પણ આ પુસ્તકોના ભારને ઉપાડીને ફરતાં તો હોય છે પરંતુ તેમની અંદર જ્ઞાન આવી શકતું નથી.

" પર પ્રકાશી ચંદ્રને ક્યાં ખુદનું સ્વમાન છે,
વખાણ કરો એ ચંદ્રના એ તો સૂર્યનું અપમાન છે.
ગોખેલું ઓકાવે 'ગાઈડ' એ કહેવાય છે,
શિષ્યમાં જગાવે ચેતના એ ગુરુને માન છે "

વિદ્યાર્થીને માત્ર પરીક્ષાલક્ષી શિક્ષણ ન આપતાં શ્રેષ્ઠ જીવન મૂલ્યોની કેળવણી આપવી એ શ્રેષ્ઠ શિક્ષકની નિશાની છે. વિદ્યાર્થીની ચેતના ઢંઢોળીને, તેને વિચારતો કરવો, શોધતો કરવો, નવું શીખવા તત્પર કરવો, શીખવા પ્રત્યે અભિમુખ કરવો એ જ શિક્ષકનું અપેક્ષિત કાર્ય છે. ઘણાં શિક્ષકોનું કહેવું છે કે વિદ્યાર્થીઓ તૈયાર સાહિત્યની અપેક્ષા રાખે છે અને માત્ર પરીક્ષાલક્ષી તૈયારી કરવામાં જ માને છે. પરંતુ તેની માટે જવાબદાર પણ શિક્ષકો જ છે. અને તેના દ્વારા શિક્ષકોએ પોતાનામાં ગુણોનો સંચય કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.

⇒ શિક્ષકોએ વર્ગખંડમાં પ્રવેશતા પહેલા પોતાના પર આત્મવિશ્વાસ હોવો જોઈએ જેથી એ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પેદા થાય અને વધારે માં વધારે જ્ઞાન પીરસી શકે.

⇒ શિક્ષક એ વિદ્યાર્થીઓનો આદર્શ હોય છે જેમ નાના બાળકો પોતાના વાલીની વાત નહી માનતા શિક્ષકોએ જે વાત કીધી હોય તેનું જ અનુકરણ કરતો હોય છે. શિક્ષકોને સમાજ માં

માનની દૃષ્ટિથી જોવામાં આવે છે ત્યારે શિક્ષકે વર્ગખંડમાં જાતિ, જ્ઞાતિ કે કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા વગર દરેક વિદ્યાર્થીને સમાન ગણીને ભણાવવા જોઈએ.

⇒ શિક્ષકોમાં મિથ્યાભિમાન ક્યારેય ન આવવું જોઈએ. હું જ જ્ઞાની છું એવા અભિમાનને ક્યારેય અવકાશ ન આપવો જોઈએ. આજકાલ નવી નવી ટેકનોલોજી રોજ વિકસે છે. ક્યાં એવું પણ થાય છે કે શિક્ષકો કરતાં વિદ્યાર્થીઓ આવી ટેકનોલોજી વધારે ઝડપથી શીખે છે ત્યારે શિક્ષકને જ આવી ટેકનોલોજી ન આવડતી હોય ત્યારે તેમણે વિદ્યાર્થીઓ પાસેથી શીખવામાં ખચકાટ ન અનુભવવો જોઈએ.

⇒ શિક્ષક અભ્યાસક્રમ પૂરો કરવાનાં ધ્યેય સાથે જ કાર્ય કરતાં હોય છે. શિક્ષકમાં ધીરજ, ખંત અને ચોકસાઈ હોવી જોઈએ. વિદ્યાર્થીઓને વારંવાર એક જ વિષય સમજાવવો પડે તો તેમણે ગુસ્સો નહીં કરીને વિદ્યાર્થીને શાંતિ સમજાવવો જોઈએ. તેને પ્રોત્સાહન આપવાથી તેનામાં હકારાત્મક વૃત્તિનો જન્મ થાય છે.

⇒ શિક્ષકની બુદ્ધિકક્ષા ઊંચી હોય છે તો વિદ્યાર્થીની માનસિક સ્થિતિને ઊંચે લઈ જઈ શકે છે.

⇒ શિક્ષકે અહંકારથી દૂર રહેવું જોઈએ.

⇒ શિક્ષકનો પ્રભાવ બાળકો પર પડે છે. શિક્ષક એ દર્પણ સમાન છે.

ટૂંકમાં, પુસ્તકમાં રહેલા લખાણની જે રીતેથી પ્રશ્નોનાં લખાણને વાંચતા થાય તો શિક્ષક સમજવું કે તે પોતાના કાર્યમાં સફળ થયો છે.

સંદર્ભ: શિક્ષણ અને પરિક્ષણ
પરિવારગોષ્ઠિ.

— x — x —

"ડૉક્ટરની ભૂલો કબરમાં દટાઈ જાય છે,
વકીલની ભૂલો ફાઈલમાં લપેટાઈ જાય છે,
એન્જિનિયરની ભૂલો ઈમારતમાં ચણાઈ જાય છે,
પણ શિક્ષકની ભૂલો સમાજમાં ફેલાઈ જાય છે."

"શિક્ષક એ કુંભાર છે
જેણે કાળજીપૂર્વક બાળકોને
ઘાટ ઘડવાનો છે."

## "આજનો સાચો શિક્ષકધર્મ"

" મારી દ્રષ્ટિએ શિક્ષક સાહિત્યિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક હોવો જોઈએ. આ ત્રણે લક્ષણો જે પૂરાં પાડી શકશે એ સાચો શિક્ષક અથવા તો શિક્ષકનો સાચો ધર્મ હશે. પછી એ પ્રાથમિક શાળાનો હોય કે યુનિવર્સિટીનો અધ્યાપક હોય. પણ શિક્ષણક્ષેત્રનો એ સાધક હોય તે તેની મુખ્ય શરત છે."

– મોરારિ બાપુ

પ્રત્યેક શિક્ષકમાં સાધક તરીકે જીવવાનો જુસ્સો અનિવાર્ય છે. સાચો શિક્ષક કદી નિવૃત્ત ન થાય. રિટાયર્ડ એટલે ટાયર્ડ કે એક્સપાયર્ડ નહિ જ નહિ. નિવૃત્ત શિક્ષક માટે તો જવાબદારી વધી જાય છે. કારણ કે તેના અનુભવના આધારે તે સમાજનું ઘડતર કરવા યોગ્ય રીતે સક્ષમ બને છે. શિક્ષક નિવૃત્ત થયા પછી નિષ્ક્રિય નથી બનતો પણ લાખ ગણો સક્રિય બનવો જોઈએ. સમાજનો નિવૃત્ત શિક્ષક એવો માનતો હોવો જોઈએ કે કદાચ ક્યાં કરતાં ઘણાંય જ્યું વધુ સારું!

'સાચો શિક્ષક ધર્મ' એ શિક્ષક અને ધર્મ એ બન્નેની સાથે 'સાચો' શબ્દ લગાડવો એ જ દુર્ભાગ્ય છે.

• સાચો શિક્ષક ધર્મ' જાનકડી શિક્ષકગીતામાં આ રીતે પણ જાનકડી વ્યક્ત થયો હોવો જોઈએ એવું મને લાગે છે:

→ શિક્ષક ઘરડો ન થવો જોઈએ. ઉંમરથી થાય, માનસિક રીતે નહીં.

→ વિદ્યાર્થીનો ભાર ન બને, વિદ્યાર્થીઓનો શૃંગાર બને એનું નામ શિક્ષક

→ શિક્ષક જે દિવસ હસી ન શકે એ દિવસે એણે સી.એલ. મૂકવી જોઈએ. મુસ્કુરાહટ તો જિંદગીના વૃક્ષોનું ફૂલ છે.

→ સાહિત્ય રસ જે રેલાવી શકે એ શિક્ષક સફળ કહેવાય.

→ શિક્ષણ ધર્મ છે, ધંધો નથી.

→ પ્રેમ વગરના બીજા બધા સદ્‌ગુણો અપૂર્ણ છે. એટલે પોતાના દૈનિક જીવનમાં પ્રેમનું તત્ત્વ જેને પ્રબળ લાગતું ન હોય તેવા કોઈએ શિક્ષક થવું ન જોઈએ.

" પાનખરમાં વસંત થવું મને ગમે છે,
ચાંદની વર્ષામાં ભીંજાવું મને ગમે છે,
આંખો તો ભીની રહેવાની જીવનમાં,
પણ જીવનને મહેક કરવી મને ગમે છે."

શિક્ષકની ભાવના આવી ઊંચી જોઈએ.

- શિક્ષણ અને પરીક્ષા

નામ:- સુષ્મા એતા સોન.

રોલ નં. :- 48

पालीमें से भी बच्चे के आंसु को पहचान सके !”

એક શિક્ષક સતત શિક્ષણ મેળવતા હોવા જોઈએ. જેથી બાળકોને માહિતી આપી તેમનો સતત વિકાસ કરી શકે. તેમજ વિદ્યાર્થીનું ચારિત્ર્ય ઘડતર, આદર્શ નાગરિક, પરોપકાર, પ્રામાણિકતા, શીલતા, નમ્રતા, નિષ્ઠા, સ્વચ્છતા, સંપ, વિનય, વિવેક જેવા ઉમદા ગુણો કેળવણી દ્વારા વિકસાવવા જોઈએ.

સમાજમાંથી 'ગુરુજી' તરીકેનું ગૌરવ પ્રાપ્ત થયેલ છે. તેનો વિકાસ સાધવો હોય તો ઉત્તમ અધ્યયન કાર્ય કરવું એ શિક્ષકનું કર્તવ્ય હોવું જોઈએ. મારી દૃષ્ટિએ મૃત ને જીવંત કરવાનું કામ કરે તે ઉત્તમ શિક્ષક.

મારા મત મુજબ આવો સંકલ્પ શિક્ષકોએ કરવો જ જોઈએ.

“ સ્નેહતણા, સોહામણા, સ્વપ્ન બનીને રહીશું,
જિંદગી મહીં કોઈના સહારો બનીને રહીશું.
કોને ખબર કાલની આ જીવન રહેશે યા નહીં,
પ્રેમના પુષ્પો મહીં મધુરી મહેક બનીને રહીશું.”

- શિક્ષણ અને પરિક્ષણ.

# " શાળામાં શિક્ષકની ભૂમિકા "

નામ: વશી દેવાંશી અનિષકુમાર
રોલ નંબર : 50

" શિક્ષક રાષ્ટ્રની સંસ્કૃતિના મધુર માળી હોય છે. "

શાળામાં શિક્ષકની ભૂમિકા ખૂબ અગત્યની હોય છે. શિક્ષક એ શાળાનું મહત્વનું પાસુ છે. શિક્ષક એ શાળાનો મહત્વનો અંગ છે. શિક્ષક શાળામાં ઘણા પ્રકારની ફરજો બજાવે છે. શિક્ષકની શાળામાં ઘણા પ્રકારની ભૂમિકાઓ હોય છે. શિક્ષક એ ખૂબ ઈમાનદાર હોય છે. શિક્ષક સમયસર શાળામાં આવે છે. શિક્ષક પોતાને સોંપેલું કામ કેટલું પણ અઘરું હોય તે હંમેશા પોતાનું કામ પૂરું કરે છે અને એ કામ સમયસર પૂરું કરે છે. શિક્ષક કદી કામચોરી કરતો નથી. શિક્ષક પોતાની ફરજ ખૂબ જ નિષ્ઠા અને સમર્પણથી પૂરી કરે છે.

વિદ્યાર્થી સંબંધિત અને કાર્યરીતિ સંબંધિત સમજ પ્રાપ્ત કરતા રહીને શાળામાં શિક્ષકે માતાની ભૂમિકા ભજવવાની હોય છે. વિદ્યાર્થીને કોરી સ્લેટ ગણવામાં આવે છે. વિદ્યાર્થીને કુમળો છોડ કે જંગલી પશુ માનવામાં આવે છે. પરંતુ વિદ્યાર્થી કોઈ કોરી સ્લેટ નથી કે જેમાં મરજી મુજબ અક્ષરો લખી શકાય કે અક્ષરો ભૂંસી શકાય. વિદ્યાર્થી કોઈ કુમળો છોડ કે જંગલી પશુ પણ નથી કે જેને મન મુજબ તોડી શકાય કે મારી ને આપણે આપણું ધાર્યું કામ કરાવી શકીએ.

Name :- Solanki Kiran
Roll No :- 5

# ગુરુ-શિષ્ય

'શીશ દિયે જો ગુરુ મિલે તો
ભી સસ્તા જાન'

ગુરુનો મહિમા શબ્દથી વર્ણવી શકાય નથી. ગુરુ એક એવા પારસમણિ છે જેમના સ્પર્શથી શિષ્ય (બાળકો)નું જીવન સુવર્ણમય બની જાય છે. ચાણક્યએ એક સામાન્ય બાળકને પ્રશિક્ષિત કરી સમ્રાટ ચંદ્રગુપ્ત બનાવી દીધો. રામકૃષ્ણ પરમહંસના સાંનિધ્યે નરેન્દ્રને સ્વામી વિવેકાનંદ બનાવી દીધા. ગુરુ રામદાસે શિવાજીને દરેક મોરચે લડવાનું સાહસબળ પૂરું પાડ્યું છે.

આમ, ગુરુશિષ્યના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે છે. ગુરુ જ્ઞાનનો પરમસ્ત્રોત છે. અષાઢ સુદ પૂર્ણિમાના દિવસને આપણે ગુરુપૂર્ણિમાના નામથી ઓળખીએ છીએ. એક શિક્ષક પોતાના શિષ્યને જ નહિ પરંતુ દેશના એક નાગરિકને એક યુગ જો આગળ વધારે છે અને સાથે-સાથે તે શિક્ષક આપણા બધા માટે પ્રેરણા દાયી બને છે અને સાથે શિષ્ય પણ પ્રેરણા દાયી બને છે એક બીજા વિદ્યાર્થી માટે અને નવી આવનારી પેઢી માટે.

- દલસુખભાઈ એમ. રાઠોડ

## "શિક્ષક કેવા હોવા જોઈએ?"

"શિક્ષક કભી સાધારણ નહી હોતા ઔર નિર્માણ ઉસ કી ગોદ મે ખેલતે હૈ", આ વાક્ય ચાણક્યે કહ્યું હતું. ત્યાર બાદ કોઠારી પંચે નોંધ્યું હતું કે " જેમ નદીના પ્રવાહનો સ્તર તેના મૂળની ઊંચાઈ કરતા વધુ ઉંચો ન બનાવી શકાય. તેમ શિક્ષણની ગુણવત્તાનું ધોરણ પણ શિક્ષકોની ગુણવત્તા અને ક્ષમતાના ધોરણોથી વધુ ઊંચું લાવી શકાય નહિ".

શિક્ષક પાસે સમાજ અનેક આશા અને અનેક પ્રકારની અપેક્ષાઓ ધરાવે છે. શિક્ષક પોતે સમજે છે અને સમાજમાં સમજાવે છે કે કયું સારું છે અને કયું વસ્તુ ખરાબ છે.

એકવીસમી સદીનો શિક્ષક તેની અગ્રિમતાના ક્રમમાં નિયમિત હોય છે. શિક્ષક શાળા એ સમય સર જ આવી જાય છે. ત્યારે વિદ્યાર્થીઓ પણ શાળામાં સમય સર આવે છે. પરંતુ જ્યારે શિક્ષક પોતે શાળામાં નિયમિત આવતો ન હોય ત્યારે શિક્ષક વિદ્યાર્થીઓને કહી શકતો નથી. કે તમે કેમ જ શાળામાં મોડા લેટ આવો છો. શિક્ષક શાળામાં આવે ત્યારે તેનું કામ નિયમિત સમયમાં કરવું જોઈએ. એટલે વિદ્યાર્થીઓ પણ એમનું લેશન સમય સર કરી નાખે. પરંતુ શિક્ષક પોતે પોતાનું કામ નિયમિત સમયમાં કરતો ન હોય તો તે વિદ્યાર્થીઓને લેશન માટે ન લાવે તો કશું કહી શકતા નથી.

આ એકવીસમી સદીનો શિક્ષક વિદ્યાકીય રીતે સફળ હોવો જોઈએ. જો શિક્ષક વિદ્યાકીય રીતે બહુ ભણતો હશે તો શાળાના કોઈપણ વિદ્યાર્થી શિક્ષકને પ્રશ્ન પૂછશે તો શિક્ષક તેનો જવાબ આપશે અને જવાબને વિદ્યાર્થીને સમજ પડશે એવી રીતે આપશે.

એકવીસમી સદીનો શિક્ષક જાતિવાદમાં માનતા ન હોવા જોઈએ. કારણ કે શાળામાં બધી અલગ અલગ જાતિના વિદ્યાર્થીઓ આવે છે. એટલા માટે શિક્ષક શાળામાં જાતિવાદને માનતા નથી.

બધા જ સફળ શિક્ષકો વિષયવસ્તુનું ઊંડું જ્ઞાન ધરાવતા હોય છે. તથા વિષયવસ્તુ પર પ્રભુત્વ ધરાવતા હોય છે. વધુમાં એવું પણ સ્પષ્ટ થઈ શક્યું એવું કે વિદ્યાર્થીઓ સફળ શિક્ષકો સંદર્ભે તેમની ઉચ્ચ વ્યાવસાયિક સજ્જતાને વધારે પ્રાધાન્ય આપે છે. શિક્ષક શાળામાં જે કરશે એની અસર વિદ્યાર્થીઓ પર પડવાની છે. વિદ્યાર્થીઓ કિશોર અવસ્થામાં જે સમજે છે તે અત્યારના યુવાન કાળ દરમ્યાન પણ મહત્વ ધરાવે છે. યુવાનકાળ દરમ્યાન વિદ્યાર્થીઓને શું કરવું, શું ન કરવું એ પણ શિક્ષકના લક્ષણો પરથી નક્કી થાય છે.